# કલશોર

## બાલવાડી વાર્તા સંગ્રહ

લેખક : મનુભાઈ કે. કામદાર
(મામા)



2BGK1

# કલશોર

## બાલવાડી વાર્તા સંગ્રહ

## (મામાની વાર્તાઓ)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક

મનુભાઈ કે. કામદાર

(મામા)

GUJARATI CHRISTIAN FELLOV
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 1901

- કલશોર

- લેખક :
  **મનુભાઈ કે. કામદાર (મામા)**

- પ્રકાશક
  **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
  સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : ૬૪૪૫૨૮૧.

- પ્રથમ આવૃત્તિ : **સપ્ટેમ્બર** - ૨૦૦૦

- મૂલ્ય : રૂા. ૨૦ - ૦૦

- નકલ : ૧૦૦૦

- મુદ્રક :
  **ફોટ્રોનિક્સ**
  ભરવાડા હાઉસ,
  જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા,
  અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૬૪૨૭૪૪૮.



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE
CHELTENHAM, PA 19012

# આભાર

'કલશોર' બાલવાડી વાર્તાસંગ્રહના મહત્ત્વના પ્રકાશનને માટે અમેરિકાના શ્રીમતી ઈલીઝાબેથબહેન જેમ્સ મેકવાન તરફથી રૂા. ૪૮૬૦/- તથા મિ. રોઝ એન્ડ બેંક ટુરાનો તરફથી મોટાભાઈ સ્વ. એલિશાભાઈ પી. રાઠોડના સ્મરણાર્થે રૂા. ૨૦૦૦/- મળ્યાં છે. તેમની ઉદારતા બદલ આભાર માનીએ છીએ. પ્રભુની આશિષ તેમનાં પર ઉતરો એવી અમારી પ્રાર્થના છે.

# પ્રસ્તાવના

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી - સાહિત્ય દ્વારા સુવાર્તાપ્રચાર કરનાર સંસ્થા છે. આ સંસ્થા દ્વારા વિવિધ વિષયો ઉપર ઉત્તમ અને વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રકાશન થયું છે. પરંતુ બાળસાહિત્યનું પ્રકાશન ખૂબ જ અલ્પ પ્રમાણમાં થયું છે. બાળકો જ ભાવિના ઘડવૈયા છે, અને બાળપણથી જ તેમનાં જીવનોમાં યોગ્ય સિંચન કરવામાં આવે તે ઘણું જ જરૂરી છે. બાળકો કુમળાં છોડ સમાન હોય છે. તે સમયે અપાતું શિક્ષણ ખ્રિસ્તી સમાજને તથા દુનિયાને મૂસા, પાઉલ તથા તિમોથીની ભેટ આપી શકે તેમ છે. આ દિશામાં ટ્રાક્ટ સોસાયટીએ નિર્ણય કર્યો કે, બાળસાહિત્યનું પ્રકાશન વધારવું અને એ મુજબ ગયા વર્ષે 'સાચો મિત્ર', 'શરણાગતિ', 'કલત્ર' અને 'વહાલાં પંખીડાં' દ્વિતીય આવૃત્તિ એમ કુલ ૪ પુસ્તકો બહાર પાડી શક્યાં.

'કલશોર' - શ્રી મનુભાઈ કામદાર (મામા) લિખિત બાળવાર્તાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં શ્રી મનુભાઈએ કુલ ૩૦ વાર્તાઓ મૂકી છે. દરેક વાર્તાના અંતે બાળમિત્રો માટે બોધ પણ તારવ્યો છે. દરેક વાર્તા બાઇબલના શિક્ષણને આધારિત છે. આપણી આજુબાજુનું વાતાવરણ જેમ કે પ્રાણીસૃષ્ટિ, જળસૃષ્ટિમાંથી જ પાત્રોનો ઉપયોગ કરી શ્રી મનુભાઈએ વાર્તાઓનું સર્જન કર્યું છે. તેમનાં આ પ્રથમ પુસ્તકને આવકારીએ છીએ અને ભવિષ્યમાં પણ આવા ઉત્તમ પુસ્તકો તેમનાં તરફથી મળતાં રહેશે એવી આશા છે.

દરેક કુટુંબ આ પુસ્તક ખરીદી પોતાના બાળકોને ભેટ આપશે તેવી અપેક્ષા અસ્થાને નથી.

આ પુસ્તકના પ્રકાશન માટે અમેરિકાના શ્રીમતી ઈલિઝાબેથબહેન જે. મેકવાન તરફથી રૂા. ૪૮૬૦/- દાન મળ્યું છે, તથા મિ. રોઝ એન્ડ બેંક ટુરાનો તરફથી મોટાભાઈ સ્વ. એલિશાભાઈ પી. રાઠોડના સ્મરણાર્થે રૂા. ૨૦૦૦/- મળ્યાં છે. તે બદલ બંને કુટુંબોનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તક દ્વારા ઈશ્વરપિતાને જ માન અને મહિમા મળે એ જ પ્રાર્થના સાથે,

ખ્રિસ્તમાં સાથી સેવક,
**રેવ. પ્રકાશ સીંગાડા**
સેક્રેટરી

સપ્ટેમ્બર, ૨૦૦૦

# મામાની વાત

ધાર્મિક સાહિત્ય એ તો માનવીને ઈશ્વર તરફથી મળેલો અદ્‌ભુત વારસો છે. પેઢી-દરપેઢી સાહિત્ય સતત વહેતું રહે છે.

ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરના આ યુગમાં બાળવાર્તાઓ બાળકોના ચારિત્ર્ય, સંસ્કાર ઘડતર માટે ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રાથમિક કેળવણીક્ષેત્રે ઈશ્વરપિતાની અસીમ કૃપાએ દીર્ઘકાલીન સેવાઓ હું આપી શક્યો છું માટે પ્રથમ પ્રભુ પિતાનો આભાર માનું છું.

મારી આ શૈક્ષણિક સેવાઓ દરમિયાન શિક્ષક તરીકે શાળામાં પ્રાર્થના, સંમેલન અને કેળવણી નિરીક્ષક, વહીવટી અધિકારી તરીકે શિક્ષકોના તાલીમી, અભિસ્થાપન વર્ગોમાં દૃષ્ટાંતકથાઓ પ્રસંગોપાત કહેવાની તક પ્રાપ્ત થઈ. મારા કુટુંબમાં પુત્ર જયેશ, વસંત અને પૌત્ર નિશાંત, લીઝા પ્રેષિતના બાળપણમાં 'દાદા વાર્તા કહો ને' એવી માંગ ઊભી થતાં વાર્તાઓ સર્જાતી રહી.

છેલ્લા દશકામાં બાલવાડીના તંત્રી તરીકે મારી નિમણૂક થઈ. તંત્રીસ્થાનેથી 'મામાની વાતો' શીર્ષક નીચે વાર્તાઓ સર્જાતી ગઈ, બાલવાડીમાં પ્રગટ થતી રહી છે.

આ બધાના ફળસ્વરૂપે રચાયેલી વાર્તાઓ આ પુસ્તકમાં સંગ્રહ થઈ છે.

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક કમિટીમાં બાલવાડીમાં પ્રગટ થયેલી વાર્તાઓને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવા, ઠરાવ કરવામાં આવ્યો. આ માટે પ્રમુખ માનવંત રેવ. નિકોલસ

પરમાર, ઉપપ્રમુખ માનવંત રેવ. પૉલ ગોહીલ, સેક્રેટરી માનવંત રેવ. પ્રકાશ સીંગાડા, ખજાનચી માનવંત શ્રી કેલ્વીન માસ્ટર અને બિઝનેશ આસિ. માનવંત રેવ. હેમંત પરમારનો હૃદયના ઊંડાણથી આભાર માનું છું.

મને સાહિત્યક્ષેત્રે રસ લેતો કરનાર સ્વ. પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ અને રેવ. ડૉ. જયાનંદ ચૌહાનનું ઋણ સ્વીકારતાં અભિવંદુ છું. માનવંત બિશપ રાઈટ રેવ. વિનોદ માલવિયાસાહેબના પ્રોત્સાહન, માર્ગદર્શન અંગે અત્રે આભારી ભાવે નોંધ લઉં છું.

મુરબ્બી જશવંતભાઈ ક્રિસ્ટીના સલાહ-સૂચન માટે અને ચિત્રો અંગે સ્નેહી ભાઈશ્રી દીપક રાઠોડનો પણ આભારી છું. આ પુસ્તક પ્રકાશન સમયે મારાં બાલવાડીના બાળમિત્રો, વાચકોનું અભિવાદન કરું છું.

ખ્રિસ્તી સમાજમાં આ વાર્તાઓ એક મુખેથી બીજા મુખે અને એક કાનથી બીજા કાને સતત વહેતી રહેશે, ઉપયોગી બનશે તેવી મને શ્રદ્ધા છે.

આ વાર્તાઓ મારફતે ઈશ્વરપિતાનો મહિમા પ્રગટ થાય તેવી હૃદયના ઊંડાણથી પ્રાર્થના કરું છું.

માનવી જે કાંઈ સર્જન કરે છે, તે તો ઈશ્વરની અસીમ કૃપા જ છે.

મણિનગર (પૂર્વ) — **લિ.**
અમદાવાદ. — ખ્રિસ્ત ઈસુમાં સેવક

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | હોલા ભગતની કહાણી | ૧ |
| ૨. | હોલી ચાઈલ્ડ | ૫ |
| ૩. | પંડિત પ્રેમાનંદ | ૧૩ |
| ૪. | રઘુનાથનો લીમડો | ૧૮ |
| ૫. | કાચબો-કાચબી | ૨૪ |
| ૬. | કબૂતરોનો ઘરડો નાયક | ૨૯ |
| ૭. | બાળ હરણ | ૩૫ |
| ૮. | સાચો ન્યાય | ૩૯ |
| ૯. | જાદુઈ ફરશી | ૪૪ |
| ૧૦. | અમે સૌ રડી પડ્યા | ૪૯ |
| ૧૧. | આંખનાં રતન | ૫૫ |
| ૧૨. | સુલેમાન માસ્તરનો પોપટ | ૬૧ |
| ૧૩. | ગુલાબનો સ્પર્શ | ૬૫ |
| ૧૪. | સિંહ બાળ | ૭૦ |
| ૧૫. | એક સુવાર્તિકનો સવાલ | ૭૫ |
| ૧૬. | ચતુરાઈ ભારે પડી | ૭૯ |
| ૧૭. | બદસૂરત ચહેરો | ૮૧ |
| ૧૮. | ભદ્રમુખ અને શૂદ્રક | ૮૯ |
| ૧૯. | ગુરુ શિષ્ય | ૯૨ |
| ૨૦. | રૂપબા | ૯૬ |
| ૨૧. | કન્યાને પરણાવો! | ૧૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨. | ભલો ઉમરાવ | ૧૦૫ |
| ૨૩. | મહેનતની રોટી | ૧૦૮ |
| ૨૪. | દયાહીન રાજા | ૧૧૧ |
| ૨૫. | ઈસ્ટર સન્ડે | ૧૧૬ |
| ૨૬. | માર્થામાસી | ૧૧૯ |
| ૨૭. | ગબલો કાચબો ઊડતાં શીખે | ૧૨૪ |
| ૨૮. | ખેડૂતનું આંબાવાડિયું | ૧૨૯ |
| ૨૯. | મરઘો બોલે... ઘૂર્‌ઘૂ... ઘૂઘૂર્‌ર્‌ | ૧૩૪ |
| ૩૦. | બોલતાં પોપટ | ૧૩૯ |

# ૧ હોલા ભગતની કહાણી



એમ કહેવાય છે કે પક્ષીઓમાં ભોળામાં ભોળું પક્ષી હોય તો તે હોલો-હોલી છે. લુચ્ચું પક્ષી હોય તો તે કાગડો છે. પ્રાણીઓમાં લુચ્ચું પ્રાણી શિયાળને ગણવામાં આવે છે. સરળ, ભોળા પ્રાણી તરીકે ગાયને માન્યતા મળેલી છે.

આ તો લોકવાયકા છે. સમાજમાં રૂઢિગત પ્રચલિત થયેલી માન્યતા છે. હોલો પક્ષી, કબૂતરની જાતનું પક્ષી છે. કબૂતર કરતાં તે નાનું હોય છે. કબૂતર રાખોડિયા રંગનું હોય છે. જ્યારે હોલાનો રંગ ભૂખરો, તપખિયો હોય છે. સીમમાં ભરબપોરના કે વહેલી સવારે થોળિયાની વાડમાં છૂપાઈ આ પક્ષી જ્યારે બોલતું હોય ત્યારે તેનો ઘૂ... ઘૂ... ઘૂ... ઘૂ... અવાજ બહુ મીઠો લાગે છે. બાળમિત્રો, હવે આપણી વાત...

એક જંગલ હતું. જંગલમાંથી એક નદી વહે. નદી કિનારે જાતભાતના વૃક્ષો, વેલા-વેલી, ઘટાબીડ વનરાજીથી નદીના બંને કિનારા છવાયેલા હતા. નદી કિનારે એક સીમળાનું ઝાડ હતું. ઝાડ ઉપર હોલો-હોલીનું જોડું માળો કરી રહે. સીમળાના ઝાડની ટોચ ઉપર હોલા-હોલીનો માળો હતો.

હોલો-હોલી પ્રભુના પરમ ભક્ત હતા. સૂરજ ઊગે તે પહેલાં ઊઠી જાય. નદીના પાણીમાં સ્નાન કરે. માળે આવી ઘૂ... ઘૂ... ઘૂ... કરી ભક્તિ કરે. પ્રભુની આરાધના કરે, સ્તુતિ કરે. જે ઈશ્વરે સૂરજ બનાવ્યો છે, ચંદ્ર બનાવ્યો છે, નદીમાં મીઠાં મધુરાં જળ વહેવડાવ્યાં છે, જાતભાતના વૃક્ષો-વેલા, વેલીઓ ઊગાડ્યાં છે, મીઠાં ફળો, સુગંધી ફૂલો બનાવ્યાં છે, તેવા સરજનહાર ઈશ્વરના ગુણગાન ગાય. તેનો મહિમા કરે.

આમ, ઈશ્વરનો મહિમા ગાતાં ગાતાં ચણ ચણવા નીકળી પડે. ક્યાંક કોઈ માંદું પક્ષી જુએ, તો તેની મુલાકાત લે, તેની સારવાર કરે, તેના માટે ફળ તોડી, ચાંચમાં લાવી તેને ખવડાવે. પડિયામાં નદીનું પાણી ભરી લાવે, પીવડાવે. આમ આ હોલો-હોલી બીજાના દુઃખમાં દુઃખી બને. હોલો, હોલીને સમજાવતાં કહે, "જો હોલી! સુખના સાથી તો સૌ કોઈ બને પણ દુઃખમાં જે મદદ કરે તે સાચો સગાથી મિત્ર કહેવાય." આમ પરદુઃખભંજન હોલો-હોલી આખો દિવસ આનંદમાં પસાર કરે. સાંજ પડે, હોલો-હોલી માળે આવી જાય. ઈશ્વરનું ભજન કરે. પ્રાર્થના કરે 'હે ઈશ્વર! આખો દિવસ તેં અમને સંભાળ્યા, સાચવ્યા માટે તારો આભાર.અને સારું સારું ખાવાનું આપ્યું, તારો આભાર. પીવાને મીઠું મધુર પાણી આપ્યું તારો આભાર માનીએ છીએ. આખો દિવસ અમે

હરીફરી શક્યાં. તારો મહિમા કરી શક્યા માટે આભાર. દિવસ દરમિયાન જે કંઈ પાપો જાણે અજાણે અમે કર્યા હોય તો કબૂલ કરીએ છીએ. તારી ક્ષમા માગીએ છીએ. પવિત્ર ઈશ્વર ક્ષમા કરજે!' આમ પ્રાર્થના કરી સૂઈ જાય.

એક દિવસની વાત છે. હોલો-હોલી સીમળાના ઝાડની ડાળી ઉપર બેઠાં બેઠાં સુખ દુ:ખની વાતો કરતાં હતાં. ત્યાં હોલીની નજર ઝાડ નીચે ઊભેલા શિકારી તરફ ગઈ. શિકારીએ કામઠા (ધનુષ્ય) ઉપર તીર ચડાવ્યું હતું. હોલા-હોલીને વીંધવા, તીરનું નિશાન તાકી રહ્યો હતો. હોલી બોલી, "હોલા ભગત! જરા નીચે જુઓ, શિકારી તીર તાકી ઊભો છે. ચાલો જલદી ઊડી જઈએ." હોલા ભગત કહે, "ધીરજ ધારણ કર. આપણો ઈશ્વર તો જીવંત ઈશ્વર છે." ત્યાં હોલા ભગતની નજર આકાશ તરફ મંડાળી. જોયું, તો એક મોટું બાજ પક્ષી શિકારની શોધમાં ઊડતું હતું. તેની નજરે પણ હોલા-હોલી ચડ્યાં હતાં. ઘણી કફોડી સ્થિતિ હતી. નીચે દુશ્મન એવો શિકારી હતો. આભમાં દુશ્મન જેવો બાજ હતો. આકાશમાં ઊડી ભાગવા જાય તો મરી જવાય. માળામાં રહે તો પણ મરી જવાય. હવે શું કરવું? હોલો-હોલી બંને વિમાસણમાં મૂકાઈ ગયા. મૃત્યુ નજીક હતું.

બંને પ્રભુના ભક્તોએ ઈશ્વરનો આશરો લીધો. પ્રભુના શરણે આવેલા ભક્તોને ઈશ્વર બચાવે છે. પ્રાર્થના કરવા લાગ્યા. હોલી કહે, "હોલા ભગત! પ્રાર્થના કરવાનું છોડો. ક્યાંક પાંદડાંની ઘટામાં છૂપાઈ જઈએ." હોલા ભગત કહે, "અરે ગાંડી! ઈશ્વરમાં તને વિશ્વાસ નથી? યાદ કર, સિંહોના બીલમાં પ્રભુએ દાનિયેલને બચાવ્યો હતો. શાદ્રાખ, મેશાખ, ઓબેદનગોને અગ્નિભઠ્ઠીમાંથી

બચાવ્યા હતા. એ જ ઈશ્વરપિતા, આપણને જરૂર બચાવશે.'' પ્રભુ ભક્ત હોલો-હોલી આંખો બંધ કરી ઈશ્વરને આધીન થયા. એક ચિત્તના, એક મનના થઈ પ્રાર્થનામાં લાગુ રહ્યા. ત્યાં તો જાણે ચમત્કાર થયો.

સન્... ન્... ન્... કરતું તીર આવ્યું. હોલા-હોલીના માથા ઉપરથી પસાર થઈ ગયું. શિકારી હોલા-હોલીને મારવા તીર તાકી ઊભો. હતો. તે નિશાન ચૂક્યો. એક ધબાકો થયો. શિકારીના તીરથી દુશ્મન બાજ પક્ષી વીંધાઈ નીચે જમીન ઉપર પડ્યું. અરે આ શું? દુશ્મન શિકારી પણ તેની બાજુમાં જ ઢળી પડ્યો હતો. તેના હાથમાં માત્ર ધનુષ્ય હતું. તેની તીર તો બાજ પક્ષીના શરીરમાં ઘૂસી ગયું હતું. તરફડતા શિકારી ઉપર એક ઝેરી વીંછી ફરતો હતો. વીંછીના ડંખથી શિકારી ઘવાયો હતો.

હોલાએ હોલીને કહ્યું, ''જો, જો હોલી! પ્રભુની કેવી કરામત! ઈશ્વરનો કેવો ચમત્કાર!''

હોલીએ કહ્યું, ''હોલા ભગત, તમારી વાત સાચી છે. આપણે ઈશ્વરની પ્રાર્થના કરી, તેના વિશ્વાસમાં દૃઢ રહ્યા તો આપણો અદ્‌ભુત બચાવ થયો.''

હોલા ભગતે કહ્યું, ''આપણે ઈશ્વરપિતાનો આભાર માનતા પ્રાર્થના કરીએ!''

હોલા-હોલીએ પ્રાર્થના કરી. છેલ્લે પ્રભુની સ્તુતિના ગીતો ગાતાં, આનંદ કરતાં ઊડી ગયાં.

❖ ❖ ❖

# ૨ હોલી ચાઈલ્ડ

સ્ટેશનથી ઊતરી ડાબી તરફ વળતાં લીમડાના ઘટાદાર વૃક્ષો વચ્ચે રોડ પસાર થાય છે. તે રોડ સીધે સીધો રેજિડેન્સી લઈ જાય છે. રેજિડેન્સી વિસ્તારમાં એક ચોરાયો છે. ચોરાયાની સામે ગોળાકાર તોતિંગ દરવાજો છે. સ્થળ ઘણું જૂનું છે. બ્રિટિશ સલ્તનત વખતનું બાંધકામ હોઈ આજુબાજુના બધા મકાનોથી જૂદું તરી આવે છે. દરવાજા વચ્ચોવચ્ચ સાંકળથી લટકતું એક પાટિયું છે, તેમાં લખ્યું છે 'સેન્ટ મેરી બાલાશ્રમ.'

બાલાશ્રમની બાંધણી વિશિષ્ટ છે. ચારે બાજુ મકાનોની હારમાળા છે. સારી એવી ઊંચાઈ ધરાવતાં મકાનો ઢળતાં છાપરાંવાળાં વિલાયતી નળિયાંથી છવાયેલા છે. મકાનોની દીવાલો ઈંટોથી ચણેલી, લાલરંગે રંગેલી છે. આ બધું જ બાંધકામ આઝાદી પહેલાંનું હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. બાલાશ્રમની મધ્યમાં પથ્થરોની બાંધેલી એક ટેકરી છે તેની ઉપર ઈંટો ગોઠવી દેવળ જેવો આકાર ઊભો કર્યો છે. જેમાં સેંટ મેરીની ભવ્ય પ્રતિમા મૂકેલી છે. જેની આગળ સતત મીણબત્તી બળતી રહે છે. ટેકરીની આજુબાજુ ઘટાદાર લીમડાના વૃક્ષ વાવ્યા છે. અને જ્યાં મકાનો છે ત્યાં હારબંધ આસોપાલવના વૃક્ષો છે. જ્યારે પવન વાય છે ત્યારે લીંબડીના પાંદડાં હાલી ઊઠે છે. અને મજાની સંગીતની સુરાવલી કાન ઉપર અથડાતાં હૈયું એક શાંતિ અનુભવે છે. સેન્ટ મેરીની પ્રતિમાથી સમગ્ર વાતાવરણ ઉપર પવિત્રતાની આભા પ્રસરી રહે છે, બાલાશ્રમમાં એક ખૂણામાં પ્રાથમિક શાળા છે. જ્યારે તેની

સામેની લાઈનમાં કર્મચારીઓના મકાનો છે. દરવાજામાં પેસતાં જ સામે સેન્ટમેરીની પ્રતિમાની પાછળના ભાગમાં ઓફિસ કાર્યાલય અને બે ત્રણ ઓરડાઓ છે, જેમાંનો એક મોટો ઓરડો છે તેનો દેવળ તરીકે ઉપયોગ થાય છે, અને ત્યાર પછીના ઓરડામાં આશ્રમના સંચાલકનું નિવાસ સ્થાન છે.

સેંટ મેરીની પ્રતિમાની આજુબાજુ થોડાક સૂકાં આસોપાલવના પાંદડાં પડ્યાં છે. આ પાંદડાં એક વૃદ્ધ ફાધર વીણી રહ્યા છે. ફાધરનો લાંબો ઝભ્ભો, ગળામાંનો ક્રોસ અને તેમનાં લાંબા સફેદ વાળ, ભરાવદાર દાઢીમૂછ આ બધું જ તેમને વધુ પ્રભાવશાળી બનાવે છે.

બરાબર ગ્રીષ્મઋતુના બપોરના બારનો સમય છે. બાલાશ્રમમાં બાળકો પણ ચાર દીવાલમાં ભરાઈ ગયા છે. સર્વત્ર શાંતિ પથરાયેલી છે. આ શાંતિનો ભંગ કરતી એક જીપકાર બાલાશ્રમના તોતીંગ દરવાજામાંથી પ્રવેશે છે. સડસડાટ કરતી જીપ ધૂળની ડમરીઓ ઉછાળતી કાર્યાલય આગળ જઈ ઊભી રહે છે. તેમાંથી એક નવજુવાન નીચે ઊતરે છે. તેનો પોષાક જ લશ્કરનો છે. ખબખબ કરતો બે ત્રણ આંટા આમતેમ મારે છે અને ફરતા એક વૃદ્ધ પટાવાળાને પૂછે છે.

"કાકા, ફાધર નથી?" પટાવાળો કહે છે, બેસો, આ બાંકડા ઉપર હમણાં આવશે. પેલા લશ્કરી અફસરે કહ્યું, "કાકા મારે ઊતાવળ છે. ફાધરને મળવું છે." લશ્કરી અફસર વાત વૃદ્ધ સાથે કરે છે. પરંતુ તેની નજર તો બાલાશ્રમની આજુ બાજુ આવેલાં મકાનો, વૃક્ષો એ બધું જોવામાં જ પરોવાયેલી છે. આ જગ્યા તેને પરિચિત હોવા છતાં પણ જાણે અપરિચિત લાગે છે. ત્યાં તો પેલા વૃદ્ધ પટાવાળાની પાછળ ફાધર બ્રિગેન્ઝા આવ્યા. ફાધર બ્રિગેન્ઝાને

જોતાંની સાથે જ પેલા લશ્કરી જવાને ઊભા થઈ મિલિટરી ઢબે સેલ્યૂટ મારી. તેના બૂટના અવાજની અને તેણે જે ઢબે સેલ્યુટ મારી એથી ફાધર બ્રિગેન્ઝા એકદમ દિગમૂઢ બની ગયા. કારણ કે અત્યાર સુધી ફાધરને આવી રીતે ક્યારેય કોઈએ સેલ્યુટ મારી ન હતી. ફાધર સેલ્યુટનો શો ઉત્તર આપે, તેમણે તો તેમની ભાષામાં કહ્યું, "આવો ભાઈ! કેમ છો?" મિલિટરીનો અફસર ફાધરની આંખમાં આંખ પરોવતો ટગર ટગર જોઈ રહ્યો. અને ફાધર તેને પગની પાનીએથી છેક માથા સુધી જોઈ રહ્યો. બંને અરસપરસ એક બીજાને કુતૂહલપૂર્વક નિહાળવામાં અને પરિચય મેળવવામાં મશગૂલ છે. ત્યાં અફસરે માથેથી હેટ ઊતારી અને હાથમાં રહેલી વોકીંગ સ્ટીક આમ તેમ ઘૂમાવતા કહ્યું, "ઓ ફાધર, તમે મને ના ઓળખ્યો?" ફાધર બ્રિગેન્ઝા કોઈ સ્વપ્નમાંથી જાગતા હોય તેમ એકદમ બોલી ઊઠ્યાં, "ઓ... હ! અલ્યા, તું જોસફ તો નહિ?"

'હા ફાધર! હું તે જ!' "આવ મારા હોલી ચાઈલ્ડ આવ! ફાધર ખૂબ આનંદમાં હોય ત્યારે આશ્રમના બાળકો માટે આજ વાક્ય ઉચ્ચારતા. મારા દીકરા, તું કેટલો મોટો થઈ ગયો! મેં તો તને ઓળખ્યો પણ નહિ" એમ કહેતાં કહેતાં ફાધરે પોતાની ઓફિસ ખોલી અને ઓફિસમાં ટીપોઈની બાજુમાં આવેલા સોફા ઉપર આરામથી બેઠા. અને સામેની નેતરની આરામ ચેર ઉપર જોસફ બેઠો.

"ઓહ જોસફ! તું કેમ છે! દીકરા, આટલા વખતથી ગયો પણ કાગળ પણ લખ્યો નહિ." આ ફાધર બ્રિગેન્ઝા સ્પેનીસ ફાધર હતા. તેઓ ગુજરાતી ભાષા ખૂબ ચીવટથી બોલતા. જાણે પોતે કંઈ ભૂલ કરી બેસશે. પરંતુ છેલ્લા ચારેક દાયકાથી તેઓ

ગુજરાતમા સેવાકાર્ય બજાવતા હતા. અને મોટાભાગની તેમની સેવાનું ક્ષેત્ર આ 'બાલાશ્રમ' હતું.

"અરે, ફાધર સમય ક્યાં હતો? એક પછી એક કામગીરીમાં પરોવાતો જોઉં. મનમાં ઘણુંય થાય કે લાવ ફાધરને કાગળ લખું. ફાધર માનશો એક બે કાગળો તો મારી પાસે એવા પડ્યા છે જેમાં મેં માત્ર તમારું સરનામું જ લખ્યું છે. અને અધૂરા રહ્યા છે."

ફાધર બ્રિગેન્ઝાએ પ્રેમાળ વાણીમાં કહ્યું, "હા દીકરા, તને તારી પરોજણમાં મારી યાદ ક્યાંથી આવે. બેસ, બેસ. જોસફ હું તારે માટે ચા-પાણીની વ્યવસ્થા કરું."

"ના... ફાધર ના... જો જો મારે પાછું ઝડપથી જવું છે!"

'અરે હોય. આજે તો તારે અહીં જ રહેવાનું છે. અને મારી સાથે જમવાનું પણ છે. તું કેટલા વર્ષે આવ્યો છું."

"ફાધર એ ખરું પણ મારે રજા નથી. આ તો હું પૂનાથી આવું છું. અને હવે બાડમેર જવાનું છે. મારી આખી બટાલીનને ઓર્ડર મળી ચૂક્યો છે. અહીં અમારી ટ્રેન છ સાત કલાક માટે થોભી છે. મને થયું કે લાવ ફાધરને મળી આવું એટલે અહીંના એક અફસરની જીપ લઈને આવ્યો છું. મારે સાંજે ચાર વાગે તો પાછા ફરવું જ પડે. પણ પૂનાથી નીકળ્યો ત્યારે જ મનમાં નક્કી કરેલું કે ગમે તેમ થાય પણ આ વખતે ફાધરને મળવું જ છે."

"સારું કર્યું તું આવ્યો..." એમ કહી ફાધરે ઓફિસનો દરવાજો ખોલ્યો અને બહાર ગયા. પેલા વૃદ્ધ કાકાને બૂમ મારી, "પીટર બે કપ ચા બનાવી લાવ સાથે થોડો નાસ્તો પણ લાવજે!"

ફાધર ઓફિસમાં આવ્યા. 'બોલ જોસફ શું હાલ છે?' જોસફ ઝડપભેર પોતાની આપવીતી કહેવા લાગ્યો. "ફાધર તે દિવસે

મિલિટરીમાં ભરતી ઓર્ડર મળતાં હું ગયો. પછી ખૂબ ફર્યો. દિલ્હી, હૈદ્રાબાદ, મદ્રાસ, લડાખ અને છેલ્લે હું પૂનામાં હતો ત્યાંથી મને ઓર્ડર મળ્યો. ફાધર અમારે લશ્કરી જવાનોને તો એવું જ હોય. કોઈ જગ્યાએ સ્થિર તો રહેવાનું ન જ હોય! પણ હા, ફાધર.. જીવનમાં મજા આવે છે. ફાધર, તમે કહ્યું હતું કે જીંદગી જીવવા જેવી છે. પ્રભુએ જે આપ્યું છે સ્વીકારી લેવું એ બરાબર મને યાદ છે. ફાધર મરિયમ માતાની કૃપાથી એક સામાન્ય સૈનિકમાંથી હું બ્રિગેડિયર બન્યો છું.'' ત્યાં ચા નાસ્તો આવી ગયાં. ફાધરે જાતે કીટલીમાંથી કપમાં ચા કાઢી એક જોસફને આપી અને બીજી પોતાના હાથમાં ક્રોસની નિશાની કરી ફાધરે ચા પીવી શરૂ કરી.

''જોસફ તું તો બહુ મોટો થઈ ગયો છે. અહીં આવ્યો ત્યારે તું ચાર-પાંચ વર્ષનો જ હતો ખરું ને!''

'હા ફાધર! આપના આશીર્વાદ,' ઓહ! સન. ગોડ ઈઝ ગ્રેટ! પ્રભુએ તને આશીર્વાદિત કર્યો છે. બંને વચ્ચે વાતચીત ચાલતી હતી. ત્યાં તો કપની ચા પૂરી થઈ એટલે જોસફ ઊઠ્યો. ફાધર જરા આશ્રમમાં ફરી આવું. હા, ભાઈ જા. તારા જૂના મિત્રોમાંથી તો કોઈ નહિ હોય. પણ આ પેલો આલ્ફોન્સ છે. મિખાયેલ ક્લાર્કમાં છે. જા મળી આવ.'

'આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ પહેલાં ગામડામાંથી એક વૃદ્ધ માત્ર ચડ્ડી પહેરેલા એક છોકરાને આંગળીએ વળગાડી આવેલો. એ છોકરાની ઉંમર ત્યારે ત્રણ-ચાર વર્ષની હશે! બરાબર ખ્યાલ નથી પણ એ વૃદ્ધે આવી ફાધરને કહેલું, 'ફાધર આ છોકરો અનાથ છે. એના મા બાપ નથી.' ફાધરે કોઈ પણ જાતની માહિતી મેળવ્યા વિના તેને બાલાશ્રમમાં દાખલ કર્યો હતો. અને પોતે

ઊંચકી તેની ઉંમરના છોકરાઓ જે ઓરડામાં હતાં ત્યાં લઈ જઈ મૂક્યો. ત્યારે તે ખૂબ રડતો હતો.

એ જોસફ જેમ મોટો થતો ગયો તેમ ફાધર બ્રિગેન્ઝાનું જાણે પોતાનું જ સંતાન હોય તેમ પ્રીતિપાત્ર બનતો ગયો. છેલ્લે, જ્યારે તેણે ધોરણ દસની પરીક્ષા પાસ કરી ત્યારે લશ્કરી ભરતી મેળામાં જઈ નામ નોંધાવ્યું. અને નિમણૂક મળતાં તે ફાધર ને બાલાશ્રમને છોડી ચાલી ગયો. આજે ત્રીસ પાંત્રીસ વર્ષે મિલિટરીનો અફસર બની એ આવ્યો હતો, ફાધર બ્રિગેન્ઝાને મળવા. પોતાના ઘેર આશ્રમે.

આમ ફાધર વિચારતા હતા ત્યાં પેલો વૃદ્ધ નોકર પીટર આવ્યો, ફાધર, ફાધર, પેલા અફસર તો જુઓ. ખૂબ રડે છે. અને બેભાન થઈ ગયા છે. ફાધર ઝડપભેર ચાલવા લાગ્યા. રૂમ નંબર ૧-૨-૩ એમ વટાવતા રૂમ નંબર સાતમાં ગયા તો આ રૂમના બારણાં ખુલ્લાં હતાં સામે એક બારી હતી જે જમીનથી ત્રણેક ફૂટ ઊંચી હતી. તેને પાળી હતી. બારીની બહાર જોઈએ તો સરિયામ રસ્તો હતો. જે છેક આશ્રમ તરફ આવી વળી જતો હતો. તેણે બે પગ બારી ઉપર ટેકવ્યા હતા અને બે હાથે બારીના સળિયા પકડ્યા હતા અને માથું બારીની દીવાલને ટેકવ્યું હતું. અને ચોધાર આંસુએ તે રડતો હતો. ડૂસકાં ભરતો હતો. ત્રીસ-બત્રીસ વર્ષનો આ મિલિટરી અફસર કે જેના હાથમાં સ્ટેનગન કે મશીનગન રમતી હોય. ગોળીઓની રમઝટ ચાલતી હોય, સામે ટપોટપ જીવતાં માણસોની લાશો ઢળતી જતી હોય. છતાં આંખમાંથી પેલી લાલાશ જતી ન હોય તેવો આ જોસફ બારીના સળિયા બે હાથે પકડી ચોધાર આંસુએ રડતો હતો. ફાધર તેને જોઈ રહ્યા. બધી પરિસ્થિતિ પામી ગયા.

જે દિવસે જોસફને આ બાલાશ્રમમાં દાખલ કર્યો હતો. ત્યારે તે ખૂબ રડ્યો હતો. અને કહેતો હતો "મારી મા પાસે જવું છે. માને બોલાવો" ફાધરે આ રૂમમાં તેને મૂક્યો ત્યારે તેને પંપાળતાં છાનો રાખતાં આ બારીએ બેસી કહ્યું હતું, "બેટા, જો શાંત થા. હમણાં આ રસ્તેથી તારી મા આવશે! જો એ આવે... જો તો ખરો?" અને ચાર પાંચ વર્ષનો એ જોસફ બારીએ બેસી રડતો જ રહેલો. માની રાહ જોતો! ફરી આજે ત્રીસ પાંત્રીસ વર્ષે અનાથ બાળક મિલિટરીનો બ્રિગેડિયર જોસફ ધ્રૂસકે ધ્રૂસકે માની યાદમાં રડતો હતો.

ફાધરે તેને બાથમાં લીધો એને જોસફને એજ વહાલથી બરડે હાથ ફેરવતાં ઓફિસમાં લઈ આવ્યાં. રડતો જોસફ શાંત થયો. અને ફાધરને મળી વિદાય થયો. પણ થોડીવારમાં વૃદ્ધ પીટર આવ્યો. અને કહ્યું, "ફાધર પેલા મિલિટરીવાળા ભાઈએ આ કવર આપ્યું છે." તેમ કહી કવર ફાધરના હાથમાં મૂક્યું. ફાધરે ખોલી જોયું તો તેમાં રૂપિયા એક લાખ પૂરાનો ફાધરના નામનો ચેક હતો અને એક ચિઠ્ઠી હતી.

પૂજ્ય ફાધર, અત્યાર સુધી મારી જીંદગીમાં કરેલી બચત તમને આપું છું. બસ ફરી મળીશ, તમારા આશીર્વાદ જોઈએ.

ફાધર ચિઠ્ઠી અને ચેક અનિમિષ નયને જોઈ રહ્યા. જાણે એ ચેકમાં સેન્ટ મેરીની છબી હતી. જેના હાથમાં પવિત્ર બાળ ઈસુ હતા. હજારો માઈલ પોતાનું વતન છોડી ગુજરાતની ધરતી ઉપર આવેલા આ આજીવન સન્યાસી ફાધરને મન પ્રત્યેક અનાથ બાળકમાં પ્રભુ ઈસુના દર્શન થતાં હતાં. કદાચ એજ બાળ ઈસુ તેમને કહેતા હતા ફાધર, તમારી જીંદગીની આ શું કમાણી નથી? સાર્થક્તા નથી?

તમારી આજુબાજુના સમાજમાં આવાં તો કેટલાંય અનાથ બાળકો છે. જુદા જુદા સ્થળે બાલાશ્રમમાં પણ છે. એમને કોઈ માતા નથી પિતા નથી. તેમનો આધાર માત્ર ઈશ્વર જ છે. મિત્રો, આપણે ઈશ્વરનો આભાર માનીએ કે આપણને ઈશ્વરે માતા-પિતાનો પ્રેમ આપ્યો છે. અને તે દ્વારા આપણને ઈશ્વરનો પ્રેમ મળે છે. પ્રભુ પિતાનો આભાર!

❖ ❖ ❖

# 3 પંડિત પ્રેમાનંદ

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ એ આપણો સ્વાતંત્ર્ય દિન છે. આ દિવસે આપણો ભારત દેશ આઝાદ થયો. મહાત્મા ગાંધીજીની રાહબરી નીચે અહિંસક સત્યાગ્રહની ચળવળ શરૂ થઈ. સ્વાતંત્ર્ય સંગ્રામનો જંગ ખેલાયો. અનેક દેશભક્તોના બલિદાન અપાયાં. દેશ આઝાદ થયો. આપણા દેશમાં આપણું રાજ્ય સ્થપાયું.

મિત્રો, એ પહેલાં આપણા દેશમાં અંગ્રેજોનું શાસન હતું. આ અંગ્રેજી શાસનના શરૂઆતના દિવસો હતા.

કલકત્તા પાસેના એક નાનકડા કસબામાં અદ્‌ભુત ઘટના બની.

એક ઘૂઘર વડલાની નીચે નાનકડો તંબુ લગાવી એક ખ્રિસ્તી ધર્મગુરુ પાળક રહેતાં હતાં. તે સમયે અત્યારના જેવાં વાહન વ્યવહારના સાધનો ન હતાં. હજારો માઈલની સ્ટીમરમાં મુસાફરી કરી આ પાદરી ભારતમાં આવ્યા હતા. ઇંગ્લેંડ તેમના વતનમાં તેઓ ખૂબ સુખથી ઉછરેલાં. ઇંગ્લેંડના એક નાનકડા પરગણામાં વસેલું ધનાઢ્ય કુટુંબ તેમાં જન્મેલા આ પાદરી ગૌરવર્ણી કાયા, ૬ ફૂટની ઊંચાઈ, પ્રકાશિત ગોળમટોળ ચહેરો, ભૂરીભૂરી તગતગતી આંખો, સોનેરી વાળ, તેમનો દેખાવ જોઈ ભલભલા પ્રભાવિત થતા હતા. ભાંગ્યું તૂટ્યું હિન્દી બોલે. આખો દિવસ ગામ આખામાં ફરે અને ખ્રિસ્તી ધર્મની ટ્રાક્ટ સુવાર્તાઓ વહેંચે. સુવાર્તાપ્રચારનું કાર્ય કરે. તેમના

તંબુમાં કોથળાઓ ભરીને ખ્રિસ્તી ધર્મનું સાહિત્ય હતું. પવિત્રશાસ્ત્ર બાઇબલો હતાં. જુદી જુદી ધાર્મિક ચોપડીઓ હતી.

આ પાદરીનું એક જ ધ્યેય હતું, પ્રભુનો સંદેશો વિધર્મીઓ મધ્યે પહોંચાડવો. ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે ઝઝૂમતા, પ્રભુ ઈસુની ઓળખ આપતા. આ સુવાર્તિક ન તો રાત દિવસ જુએ, ટાઢ, તડકો, અનેક મુશ્કેલી વેઠી પોતાના કાર્યમાં સતત મશગૂલ રહે.

આ કસબામાં એક વિધર્મી મહાપંડિત રહે. સંસ્કૃત ભાષાના જાણકાર, ધર્મશાસ્ત્રોના પ્રખર અભ્યાસી હતા. ધર્મધૂરંધર પંડિત પ્રેમાનંદના નામે જાણીતા હતા. તેમના કાને આ ગોરા સુવાર્તિકની વાત આવી કે, કસબામાં આવેલા આ ખ્રિસ્તી ધર્મગુરુ તેમના ધર્મનો પ્રચાર કરે છે. અને તેમના ધર્મનું સાહિત્ય વહેંચે છે.

મહાપંડિત પ્રેમાનંદ છંછેડાયા. તેમના અંતરમાં ઝેર રેડાયું. તેમણે ગોરા પાદરીને કસબામાંથી હાંકી કાઢવા પેરવી રચી. દસ-પંદર જુવાનિયા છોકરાંઓને તૈયાર કર્યા. તેમને બધી યોજના સમજાવી. એક મધ્યરાત્રિએ જ્યારે આ ગોરા પાદરી આખા દિવસના થાકથી સખત મહેનત કરી ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે જુવાનિયાઓનું ટોળું હાથમાં ધારિયાં, તલવાર, લાકડીઓ લઈ હો... હો... મચાવતું આવી ચઢ્યું. શાંત સૂતેલા પાદરીના તંબુ ઉપર કેરોસીન છાંટી તંબુને ચારેબાજુથી સળગાવ્યો. સૂસવાટા મારતો શિયાળાનો પવન, ઘોર અંધારી રાત. તંબુ તો ભડભડ બળવા લાગ્યો. ઊંચી

ઊંચી અગ્નિની જ્વાળાઓ જાણે આભલાને આંબતી સળગી રહી.

ગોરા પાદરી ધાંધલ ધમાલ શોરબકોર સાંભળી સફાળા જાગી ગયા. એકાએક થયેલા હુમલાથી તેઓ ગભરાયાં. પરંતુ તરત જ સ્વસ્થ થયા. ઈશ્વરપિતાની પ્રાર્થના કરી. પ્રભુએ અપાર શક્તિ આપી. ભડભડ બળતી જ્વાળાઓમાંથી કૂદી તેઓ બહાર નીકળ્યાં અને પોતાનો બચાવ કર્યો. પરંતુ આ જુવાનિયાઓ તો વિફર્યા હતા. તેમણે ગોરા પાદરીને પકડ્યા. વડલાના ઝાડની સાથે દોરડાથી બાંધ્યાં. તેમને સખત માર માર્યો. તેમની ઉપર થૂંક્યા. લોહીલુહાણ હાલતમાં આ ગોરા પાદરીને બાંધી રાખી, ગોંધી રાખી આ જુવાનિયાઓનું ટોળું ચાલ્યું ગયું.

ગોરા પાદરીએ ન તો સામનો કર્યો કે ન તો ગુસ્સે થયા. ખૂબ જ સહનશીલ બની જે કંઈ કષ્ટ આપ્યું તે સહન કર્યું. પાદરી શાંત ચિત્તે આંખો બંધ કરી ઈશ્વરની પ્રાર્થના કરતા રહ્યા. તેમની બંધ આંખો સમક્ષ વધસ્તંભે જડાયેલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત હતા.

મધ્ય રાત્રિ તો પસાર થઈ ચૂકી હતી. સવારના સોનેરી કિરણો સર્વત્ર ફેલાયાં હતાં.

પેલા મહાપંડિત પ્રેમાનંદ પણ જાગ્યા હતા. તેઓ નાહી ધોઈ તૈયાર થઈ કસબાની મધ્યમાં આવેલા તેમના દેવસ્થાને જવા નીકળ્યા હતા ત્યારે તેમની ડેલી ઘરની પરસાળમાં ટ્રાક્ટના બળ્યા વિનાના ઢગલાબંધ ચોપાનિયા પડેલાં જોયાં. સૂસવાટા મારતા પવનમાં ભડભડ બળતા પેલા ગોરા પાદરીના

તંબુમાંથી આવેલાં આ ચોપાનિયાં ટ્રાક્ટો તેમની પરસાળમાં પડેલાં તેમણે જોયાં.

ગોરા પાદરીને હાંકી કાઢવા તેમણે જે પ્રયત્ન કર્યો હતો તેમાં તે સફળ થયા હતા. તેથી તેઓ હરખાયા. એકાએક તેમણે એક ચોપાનિયું ટ્રાકટ હાથમાં લીધી. તેમને વાંચવાનું મન થયું. ઊભા ઊભા જ એ ચોપાનિયું વાંચવા લાગ્યા.

આ ચોપાનિયામાં પવિત્રશાસ્ત્રમાં લખેલું ગિરિપ્રવચન હતું. તેમણે તે વાંચ્યું. ઈશ્વરે અજાયબ જેવું કાર્ય કર્યું. ધર્મધૂરંધર પ્રેમાનંદના હૃદયને તે સ્પર્શી ગયું.

તેમાં સોનેરી વાક્યો હતા. 'આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે.'

'જેઓ શોક કરે છે તેઓ ધન્ય છે, કેમ કે તેઓ દિલાસો પામશે.'

'જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે... વગેરે.' (માથ્થી ૫મો અધ્યાય વાંચો).

મહાપંડિત, ધર્મધૂરંધર પ્રેમાનંદનું પથ્થરનું હૃદય મીણની જેમ પિગળી ગયું. પોતાના ખરાબ કાર્ય માટે અફસોસ થયો. તેમણે મનોમન ગોરા પાદરીની અને ઈશ્વરની માફી માગી. તે ઝડપથી દોડ્યા. પેલા વડલા પાસે ગયા. જોયું તો ગોરા પાદરી બેભાન હાલતમાં પડ્યા હતા. શરીર ઉપરના ઘામાંથી લોહી વહેતું હતું. તેઓ પ્રાર્થના કરતા હતા કે, "ઈશ્વરપિતા તેઓને માફ કર. કારણ કે તેઓ જે કંઈ કરે છે તે તેઓ જાણતા નથી."


ધર્મધૂરંધર પ્રેમાનંદે આ ગોરા પાદરીના બંધનો જાતે છોડી નાખ્યાં. પોતાની ડેલીએ લઈ આવી તેની ખૂબ માવજત કરી, સારવાર કરી અને જ્યારે તે સાજા થયા ત્યારે તેમણે પોતાના જ મકાનનો કેટલોક ભાગ આ ગોરા પાદરીને રહેવા આપ્યો અને સુખેથી સુવાર્તાપ્રચાર કરવા માટેની જોગવાઈ કરી આપી. પોતે એ ગોરા પાદરીના જિગરી દોસ્ત બન્યાં.

ઘણાં વર્ષો પછી એ પ્રેમાનંદનું પણ બદલાણ થયું અને તેમણે પણ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો, નવો જન્મ પામ્યા. મિત્રો, આ કથા હતી આપણા મિશનરી પાદરીઓની. જેમના બલિદાન સ્વાર્પણથી આપણે પ્રભુનો સંદેશો પામી શક્યા છીએ.

તારણનો ઉજળો પ્રકાશિત માર્ગ આપણને મળ્યો. ઈશ્વરપિતાનો આભાર!

❖ ❖ ❖

# ૪ રઘુનાથનો લીમડો



રઘુનાથ કઠિયારો હતો. તે વિશ્વાસપુરા ગામમાં રહેતો હતો. વિશ્વાસપુરા ગામની આજુબાજુ મોટો ચરો હતો. ચરામાં ગણ્યા ગણાય નહિ તેટલાં બાવળાના ઝાડ હતાં. બાવળીમાં દિવસે પણ સૂર્યનો પ્રકાશ પહોંચી શકતો નહિ. રાત દિવસ તમરાંના અવાજથી બાવળી સૂની, ભેંકાર લાગતી હતી. બાવળીમાં ઘૂવડ, ચીબરી જેવા બિહામણા પંખીઓ, રાની બિલાડાં, જંગલી કાચેંડા, સાપ, નોળિયાનો વસવાટ હતો. બાવળિયાના ઊંચા ઝાડ ઉપર વાગોળો ઊંધે માથે લટકતી દેખાતી. તો ચામાડિયાં અહીં તહીં ઊડા ઊડ કરતાં હતાં.

ચરામાં એક નાનકડું તળાવ હતું. તેના કિનારે એક-બે વડલાના તોતિંગ, જૂના ઝાડ ઊભા હતા. આ વડલાના ઝાડ પશુ પંખીનાં આશ્રયસ્થાન હતા.

રઘુનાથ કઠિયારો પંડે અકલો જ હતો. તેનું કોઈ સગું વહાલું હતું નહિ. લોકો કહેતા કે રઘુનાથ ભલે ગરીબ હતો. પરંતુ મનનો ધનવાન હતો. માયાળુ, મિલનસાર હતો. રઘુનાથ સવારે વહેલો ઊઠે, ઈશ્વરનું ભજન કરે, ચા-નાસ્તો પતાવી, ભાથું લઈ ચરામાં લાકડાં કાપવા ચાલ્યો જાય. તેના એક ખભે કુહાડી હોય, બીજા ખભે દોરડું હોય. હાથમાં ભાથું પકડેલું હોય. અને ચરામાં એકલો ચાલ્યો જાય. સવારથી બપોર સુધી લાકડાં કાપે. બપોર થતાં પેલા વડલાના ઝાડ નીચે બેસી ભાથું ખાય. એક બે લીલા મરચાં અને બાજરીનો રોટલો આ રઘુનાથનું ભાવતું ભોજન હતું. ભોજન કરી વડલાના ઝાડ નીચે આરામ કરે.

નમતા પહોરે રઘુનાથ લાકડાંનો ભારો માથે મૂકી ચરાની ઉગમણી દિશામાં આવેલા કસ્બામાં વેચવા જાય. ચોટામાં ભારો લઈ ઊભો રહે. વાજબી કિંમત લઈ લાકડાં વેચી દે. રઘુનાથ ગરીબ હતો પરંતુ પ્રામાણિક હતો. તે કહેતો ઈશ્વરને નીતિમાન માણસ વહાલો હોય છે. ઈશ્વર સૌની અરજો ગરજો પૂરી કરે છે. ઈશ્વર કીડીને કણ અને હાથીને મણ આપનારો છે. તે પોતાને રોજીરોટી મળી રહે. તેટલાં જ લાકડાં કાપતો હતો. જંગલના પશુ પંખીઓને પોતાના મિત્ર સગાં ગણતો હતો.

રઘુનાથને ઈશ્વરમાં ખૂબ વિશ્વાસ હતો. તેણે પોતાનું જીવન ઈશ્વરને સોંપ્યું હતું. તે વડલા ઉપર કલરવ કરતા પંખીઓને જોતો હતો. વિચારતો હતો. આ પંખીઓ કેવાં છે. તેઓ ખેતરમાં અનાજ વાવતા નથી. લણતા નથી. છતાં દયાળુ ઈશ્વરપિતા તેમને ભરપૂરીથી કેવાં ખવડાવે છે!

તે તળાવના પાણીમાં હાથપગ ધોવા જતો. તળાવમાં ખીલેલા કમળોને જોઈ રાજી થતો. વિચારતો, કમળોને કપડાંની જરૂર નથી. ઈશ્વરપિતાએ તેને સરસ પાંદડીઓ આપી છે. આવા પ્રભુજી મારી સઘળી જરૂરિયાતો પૂરી પાડે છે. મારે શું કામ આવતી કાલની ચિંતા કરવી જોઈએ.

રઘુનાથ લાકડાં વેચી થોડું કમાતો, થોડું ખાતો, આનંદથી દિવસો ગુજારતો હતો.

એક દિવસની વાત છે. રઘુનાથ સૂક્કા બાવળિયાના ઝાડનાં થડને મૂળિયામાંથી કાપી રહ્યો હતો. ત્યાં કુહાડી સાથે કંઈક અથડાયું. ખણિંગ અવાજ આવ્યો. તેણે જોયું તો તાંબાનો કળશિયો હતો. કળશિયા ઉપરની માટી સાફ કરી, ઢાંકણ ખોલ્યું. અંદર જોયું. રઘુનાથ તો નવાઈ પામ્યો. અંદર મખમલનો બટવો હતો. તેણે બટવો બહાર કાઢી ખોલ્યો. બટવામાં સાચુકલા હીરા માણેક હતા. ઝગારા મારતા હીરા માણેક જોઈ રઘુનાથ ખુશ થયો. અરે! કેટલું બધું ધન છે? મારા ખોરડે લઈ જઈશ. આ ધનથી ખાઈ-પી લહેરથી જીવન પૂરું કરીશ! આમ વિચારતો રઘુનાથ કેટલીયવાર સુધી બટવાને હાથમાં પકડી બેસી રહ્યો. તમરાંના ગણગણાટથી તે થોડો સભાન થયો. તે મનોમન બોલી ઊઠ્યો, "જેણે આ ધન દાટેલું હશે, તે કદાચ આવશે. ત્યારે ધનને જોશે નહિ, તો તેને કેટલું બધું દુઃખ થશે! ગમે તેમ આ ધન તો મારું ન કહેવાય. મારે તો મારી મહેનતનો લૂખોસૂકો રોટલો જ સારો છે."

રઘુનાથે ઊંચે નજર કરી આકાશમાં જોયું. જો ઈશ્વરે આ ધન મને આપેલું હશે તો મારા ઘરના આંગણેથી શા માટે નહિ આપે? રઘુનાથે પ્રાર્થના કરી, "પ્રભુ આ ધન મારું નથી. મારી મહેનતનું

નથી, તેની ઉપર મારો શો અધિકાર? લે આ તને સોંપું છું. તારી ઇચ્છા પ્રમાણે કરજે!''આમ બોલી રઘુનાથે ખોદેલું જેમનું તેમ મૂકી દીધું. કળશિયો પણ જેમનો તેમ મૂકી દીધો. બટવાની દોરી બાંધી કળશિયા પાસે તેને પણ મૂકી દીધો. રઘુનાથ ભારો બાંધી રોજની જેમ કસ્બામાં વેચવા ગયો. ભારો વેચી, રોજી લઈ તે પોતાના ઘરે આવ્યો. જે કંઈ વધ્યું ઘટ્યું હતું તે ખાઈ પ્રાર્થના કરી સૂઈ ગયો. રઘુનાથ રાત્રે ખોરડામાં ઘસઘસાટ ઊંઘતો હતો. રાત્રીનો છેલ્લો પહોર હતો.

રઘુનાથને ઘૂવડનો ભેંકાર અવાજ સંભળાયો. રઘુનાથ જંગલમાં ફરનારો જીવ હતો. તે ગભરાયો નહિ. પથારીમાં બેઠો થયો. ઘૂવડની ચીસો સાંભળી રહ્યો. ઘૂવડ વધુ ને વધુ ચીસો પાડવા લાગ્યું. જાણે કંઈક કરી રહ્યું હતું. રઘુનાથે પ્રાર્થના કરી, ''હે ઈશ્વર આ સમય તારા હાથમાં છે. મને સાચવજે. તારી કૃપામાં ધરી રાખજે.'' રઘુનાથે ફાનસ સળગાવ્યું. બારણું ખોલ્યું. બહાર નીકળ્યો. ખોરડાના આંગણાંમાં એક લીમડાનું ઝાડ હતું. જે રઘુનાથે ઉછેર્યું હતું. ફાનસ ઊંચી કરી લીમડા ઉપર જોયું. ઊંચી ડાળે ઘૂવડ બેઠું હતું. પ્રકાશ જોઈ તેણે એક ભયંકર ચીસ પાડી. જોરથી પાંખો ફફડાવી ઊડી ગયું. રઘુનાથની નજર નીચે લીમડાના થડમાં પડી. ફાનસના પ્રકાશમાં બટવો હતો. આ તે જ બટવો હતો જેને રઘુનાથ દિવસે બાવળિયા થડ પાસે ચરામાં મૂકીને આવ્યો હતો.

હવે રઘુનાથને બધી વાત સમજાઈ ગઈ. ચરામાં હીરામાણેકનો બટવો જોઈ તેને આવેલા વિચારો, તેણે કરેલી પ્રાર્થના બધું યાદ આવ્યું.

પેલું ઘૂવડ રાત્રે ચીસો પાડી કહેતું હતું, "રઘુનાથ, રઘુનાથ, તું નીતિમાન માણસ છે. પ્રામાણિક છે. ઈશ્વર તને પ્રેમ કરે છે. ઈશ્વર તો તને જ આ હીરા માણેક આપવા ચાહે છે. હું ઘૂવડ ઈશ્વરની યોજના મુજબ આ હીરા માણેકવાળો બટવો તારા ઘરનાં આંગણે લઈ આવ્યો છું. તું પ્રેમથી લઈ લે."

રઘુનાથે બટવો લઈ લીધો. પોતાના ખોરડામાં ગયો. દિવસે બનેલી આખી ઘટના તેને ફરીથી યાદ આવી. તે ભાવવિભોર બન્યો. નાચી કૂદી ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો.

હવે ખોરડા બહાર સૂરજનું અજવાળું ફેલાયું હતું. રઘુનાથ ઈશ્વરની સ્તુતિ આરાધના કરી શાંત થયો. રઘુનાથ બટવો લઈ ખોરડામાંથી બહાર નીકળ્યો. વિશ્વાસીપુરાના છેવાડે આવેલા ખ્રિસ્તી મિશમરી ધર્મગુરુના ઘેર ગયો. તેમના હાથમાં પેલો મખમલનો બટવો મૂક્યો. થોડીવાર શાંત ચિત્તે ઊભો રહ્યો. રઘુનાથે ધીરા મીઠા અવાજે કહ્યું, "ફાધર, આ ઈશ્વરે આપેલું ધન છે. આ જે કંઈ ધન છે. તેને ઈશ્વરના કામમાં ઉપયોગમાં લો! ઈશ્વરની ઇચ્છા એવી છે કે આ ધન વડે આપણા વિશ્વાસીપુરામાં એક રક્તપિત્તિયાનો સેવાશ્રમ શરૂ કરવામાં આવે."

આટલું કહી રઘુનાથ ત્યાંથી ઝડપથી ચાલ્યો ગયો. પોતાના ખોરડે આવી કુહાડી લઈ ચરામાં લાકડા કાપવા ચાલ્યો ગયો.

જાણે રઘુનાથ ચરાની બાવળીમાં હંમેશને માટે અલોપ થઈ ગયો. આજ દિન સુધી રઘુનાથને કોઈએ જોયો નથી. આ વાતને વર્ષો થયાં છે.

આજે વિશ્વાસીપુરામાં પેસતાં જ એક રક્તપિત્તિયાનો સેવાશ્રમ છે. રઘુનાથનું પેલું ખોરડું નથી. હા, રક્તપિત્તિયાના સેવાશ્રમના મેદાનમાં ખૂણામાં લીમડાનું એક જૂનું ખખડધજ ઝાડ ઊભું છે. તેની ઉપર એક નાનકડું પતરું જડેલું છે તેમાં લખ્યું છે. **'રઘુનાથનો લીમડો.'**

❖ ❖ ❖

## ૫ કાચબો-કાચબી



એક હતી નદી. નદીમાં રંગબેરંગી માછલીઓ રહે. માછલીઓ હરતી જાય ફરતી જાય, મનગમતી મોજ કરતી જાય. નાની નાની છીપલીઓનો તો પાર નહિ. શંખલાનો તો નીચે પડથાર જામેલો.

નદીની વચ્ચોવચ એક નાનકડો બેટ આવેલો હતો. બેટ ઉપર ઊંચું ઊંચું ઘાસ ઊગી નીકળેલું. લીલુંછમ ઘાસ, જાણે મખમલનો કાશ્મિરી ગાલીચો. ઘાસ વચ્ચે એક કાચબા-કાચબીનું જોડું રહે. કાચબો-કાચબી પ્રભુનાં ભક્ત હતાં. નિત્ય સવારે વહેલાં ઊઠે, બંને સાથે મળી પ્રાર્થના કરે, સ્ત્રોત, ભજનો ગાય અને પછી નદીના પાણીમાં સરકી જાય. આખો દિવસ નદીના પાણીમાં મહાલતાં ફરે, રાત પડતા પાછા બેટ ઉપર આવી જાય, પ્રભુની પ્રાર્થના કરે, સ્ત્રોત-ગીતો ગાતાં ગાતાં ઊંઘી જાય, આમ આનંદથી રહે.

નદીમાં ફરતાં ફરતાં કાચબો-કાચબી નાની નાની માછલીઓને પ્રભુની મીઠી મીઠી વાતો કહે. જ્યાં જાય ત્યાં પરવાળાં-છીપલીઓ, શંખલાં ટોળે વળી ઘેરી વળે. કાચબો-કાચબી ગીતો ગવડાવે અને એ બધાં નાચતાં કૂદતાં ઝીલે. પ્રભુનું નામ લેવું અને લેવડાવવું, આનંદ પામવો અને પમાડવો. એ આખા દિવસભરની એમની કામગીરી.

કાચબો-કાચબીને પ્રભુ ઉપર અડગ વિશ્વાસ હતો. પ્રભુની બીક રાખી જીવન જીવે. કોઈનું બૂરું બોલે નહિ. કોઈનું બૂરું ઇચ્છે જ નહિ. બધાંની સાથે પ્રેમભાવથી રહે. કાચબો-કાચબી પરગજુ પણ એવાં જ. નાના નાના જળચર જીવની માંદગીમાં કાચબો-કાચબી તેમની પાસે પહોંચી જાય. તન-મનથી સેવા કરે. આ સેવાભાવથી જ બધાં જળચર જીવો તેઓને કાચબાકાકા, કાચબીકાકીના હુલામણા નામથી સંબોધતા હતા.

કાચબાકાકા તો કહેતાં ``**જેવો આપણી જાત ઉપર પ્રેમ રાખીએ છીએ તેવો જ એક બીજાની ઉપર પ્રેમ રાખવો જોઈએ.**"

કાચબાકાકા-કાચબાકાકીનો સ્વભાવ એવો મીઠો માયાળુ કે બસ, કંઈ ન પૂછો વાત!

પણ ભાઈ! પ્રભુ એના ભક્તોની કસોટી કરે છે. જે ભક્ત કસોટીમાંથી પાર ઊતરે એને પોતાનો જ ગણી લે, પોતાની સાથે પારાદેશમાં લઈ જાય. પારાદેશમાં હજારો હજાર દૂતો દેવની સ્તુતિ કરતા હોય. પ્રભુબાપના ત્યાં ધામ જ્યાં દુઃખનું તો નામનિશાન ન હોય. શાશ્વત શાંતિ સુખ તો ત્યાં જ મળે.

એક દિવસ કાચબો-કાચબી હંમેશની જેમ નદીમાં ફરતાં હતાં ત્યારે અચાનક એક માછીમારની જાળમાં બંને સપડાયાં,

ભરાયાં. કાચબો-કાચબી તો ભયભીત થયાં, પણ ભયને દૂર કરવાનું હથિયાર તેમની પાસે જ હતું. પ્રાર્થના. ભય લાગે ત્યારે પ્રાર્થના કરો તો ભય દૂર જ ભાગી જાય. કાચબો-કાચબી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યાં. પ્રાર્થના પૂરી થઈ ત્યારે કાચબી ઊંડા નિસાસા નાખતી હતી. કાચબાએ તેને શાંત રાખતાં કહ્યું.

"પ્રભુ જેમ રાખે તેમ રહેવું. એણે રાત બનાવી છે તો દિવસ પણ બનાવ્યો છે ને! એ દુઃખ પણ આપે અને સુખ પણ આપે. એની ઇચ્છાને આધીન રહેવું, એ જ આપણું કામ." આમ કહી તે પ્રાર્થના કરવા લાગ્યો.

ભરબપોરે માછીમાર આવ્યો, જાળને ખેંચતાં તે વજનદાર લાગી. "હાશ, ઠીક શિકાર મળ્યો છે!" કાચબો-કાચબીને લઈને એ તો મલકાતો મલકાતો જંગલમાં પોતાની ઝૂંપડીએ ચાલ્યો આવ્યો. તેણે વરખડાના એક ઝાડ નીચે ખોદી ચૂલો બનાવ્યો. મોટા મોં વાળું વાસણ લાવ્યો. વાસણમાં પાણી લઈ કાચબો-કાચબીને તેમાં મૂક્યાં. રાંધવાની તૈયારી કરવા માંડી. માછીમાર ઇંધણ વીણવા જંગલના અંદરના ભાગમાં ગયો.

વાસણના પાણીમાં કાચબો-કાચબી ભયભીત બની બેઠાં હતાં. હવે શું થશે? એ વિચારે અવાક્ બન્યા હતા. જ્યારે કંઈ સૂઝ ન પડે, ઉલઝન હોય ત્યારે ઈશ્વરનું સ્મરણ કરવું. એ સાચો માર્ગ બતાવશે. કાચબાએ પ્રભુનું સ્મરણ કર્યું. પરંતુ કાચબી જરી પોચા મનની હતી. એની શ્રદ્ધા ખૂટી, વિશ્વાસ ડગમગવા લાગ્યો. એણે કહ્યું.

"કાચબા, ક્યાં છે તારો પ્રભુ? તું તો કહેતો હતો ને કે પ્રભુના ભક્તોને સંકટ સમયે ઉગારે છે. આ હું તો પ્રાર્થના કરી કરીને થાકી. હવે તો કહેને તારા પ્રભુને આવીને બચાવે!"

"અરે ગાંડી! બસ આટલામાં જ ત્રાસી ગઈ. હું નહોતો કહેતો કે પ્રભુ તો એના ભક્તોની કસોટી કરે છે. કસોટીમાંથી જે પાર ઊતરે એ જ પ્રભુનો સાચો ભક્ત. જરા ધીરજ રાખ... ધીરજ. પ્રભુ આપણને જરૂર ઉગારશે!"

કાચબીએ છણકો કરતાં ચોખ્ખે ચોખ્ખું પરખાવ્યું. "હવે તો આ ભક્તિ છોડી દે. કાચબા! તારી પ્રાર્થના દૂર દૂર આકાશમાં રહેલા પ્રભુને ક્યાંથી સંભળાવાની છે?"

કાચબો કહે, "કાચબી! પ્રભુ તું માને છે એટલો દૂર તો નથી જ. એ આપણી નજીક છે. આપણી પાસે જ રહે છે. અગ્નિભઠ્ઠીમાં નાખેલા સેવકોને બચાવનાર આપણો સરજનહાર આપણને અચૂક બચાવશે. એણે તો અનેક ભક્તોને ઉગાર્યા છે. **અડગ વિશ્વાસ અને પ્રાર્થના એ જ દુઃખમાંથી ઉગારવાની ચાવી છે."**

કાચબાની શિખામણથી કાચબીનો ડગમગતો વિશ્વાસ સ્થિર થયો. બંનેએ સાથે મળી સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરી.

ત્યાં તો અજબ ચમત્કાર સર્જાયો. ઉનાળાની ઋતુ અને બપોર પછીનો સમય, હજી તો માથું ફાડી નાખે તેવો તાપ હતો. લૂની ઝાળ શરીરને દઝાડતી હતી. ગજબનો પલટો આવ્યો. ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. ચારે બાજુ કાળાં કાળાં વાદળાં ઉમટી આવ્યાં. ભર ઉનાળે ચોમાસું ઊતરી આવ્યું.

આકાશમાં ધન્... ન્... ધન... ન્... ન્... અવાજ ગજવતા કાટકા થવા લાગ્યા. વીજળી ઝબૂકી. વીજ અને કાટકા, જ્યાં કાચબો કાચબીએ સાંભળ્યા ત્યાં તેમના મુખમાંથી "ઓ પ્રભુ!... ઓ પ્રભુ!... તું કેટલો દયાળુ છે" એ શબ્દો સરી પડ્યા. બંને જીવ થનગની ઊઠ્યા. કાચબીએ કહ્યું, "કાચબા, જો જો પ્રભુએ આપણો પોકાર સાંભળ્યો!"

"ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખનાર કદાપિ નિરાશ થતાં નથી." કાચબો બોલ્યો.


ત્યાં તો મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. સૂસવાટા મારતા પવનનો એક ઝોલો આવ્યો. વરખડાની એક ડાળી તૂટી પડી. એ સાથે જ ચૂલા ઉપર મૂકેલું વાસણ નીચે ગબડી પડ્યું. આડા પડેલા વાસણમાંથી કાચબો-કાચબી બહાર નીકળ્યાં. નદી તરફનાં રસ્તે ચાલવા લાગ્યાં. વરસાદ હળવો થયો હતો. ઝરમર ઝરમર વરસતા મેહુલિયાના ફોરાં ઝીલતાં ઝીલતાં પ્રભુના સ્ત્રોત ગાતાં ગાતાં બંને જીવ ચાલતાં હતાં.

ઇંધણ વીણવા ગયેલો માછીમાર પાછો ફર્યો અને ઢળી પડેલું તપેલું જોઈ નિરાશ થયો.

કાચબો-કાચબી નદી તીરે આવ્યાં. ધીમે રહીને પાણીમાં સરકી ગયાં. રાહ જોતા શંખલાં, છીપલાં અને નાની નાની માછલીઓ આ કાકા-કાકીને ઘેરી વળ્યાં. પ્રભુના ભક્તોની કથા સાંભળવા જ સ્તો!

❖ ❖ ❖

# ૬ કબૂતરોનો ઘરડો નાયક



નાતાલ એટલે આનંદનો તહેવાર,
નાતાલ એટલે પ્રકાશનો તહેવાર,
નાતાલ એટલે ત્યાગનો તહેવાર,
નાતાલ એટલે સમર્પણનો તહેવાર.

ઈશ્વરપિતાએ માનવજાત ઉપર ખૂબ પ્રેમ કર્યો, આપણને પાપમાંથી બચાવવા, તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપી દીધો, દોસ્તો! પ્રભુ ઈસુના જન્મની વાત તો તમે જાણો છો. આજે તમને નવી વાત કહેવી છે.

વન વગડામાં એક કૂવો હતો. કૂવો અવાવરું હતો. કૂવામાં થોડું પાણી હતું. કૂવાના મથાળે ઘણાં પીપળાના ઝાડ ઊગી નીકળ્યાં હતાં. કૂવાની અંદર દીવાલોમાં ચાર પાંચ ગોખલા

હતા. આ ગોખલામાં કબૂતરોએ માળા કર્યા હતાં. ત્યાં કબૂતરોનું એક ટોળું રહેતું હતું. કબૂતરોના ટોળાનો એક નાયક હતો, જે ઘરડો હતો. ભલો ભોળો, માયાળુ હતો. તે બધાં કબૂતરોનું ધ્યાન રાખતો હતો.

પ્રભાત થતાં કબૂતરો જાગી જાય, ઘૂ... ઘૂ... ઘૂ... કરવા લાગે. ઈશ્વરપિતાનું ભજન કરતાં ગીત ગાવા લાગે. પાંખો ફફડાવી મધુરાં કંઠે ગીતો ગાય. નાચીકૂદી ઈશ્વરનો મહિમા કરે, આનંદ કરે, બરાબર સૂર્યનું અજવાળું થાય, એટલે કબૂતરો માળામાંથી ઊડી જાય. તેમનાં ઈંડાં, બચ્ચાં માળામાં જ રહે. દૂર દૂર વનવગડે ઊડી જાય. આખો દિવસ વનવગડામાં ઊડ્યા કરે, ફર્યા કરે, ચણ ચણ્યા કરે.. કબૂતરો ચણવા જાય ત્યારે ઘરડો નાયક કૂવાનાં પોતાના માળામાં રહે. કબૂતરોનો નાયક કબૂતરોના ઈંડાં, બચ્ચાં સાચવે. નાનકડાં બચ્ચાંની સારસંભાળ રાખે.

સૂરજ આથમવા આવે એટલે વનવગડાનાં પંખીઓ પોતપોતાના માળા તરફ પાછા ફરે. કબૂતરો પણ કૂવાએ પાછા ફરે. સાથે લાવેલું ચણ બચ્ચાંને ખવડાવે. ઘરડા નાયકને પણ ખાવા આપે. સાંજ ઢળતાં કબૂતરો ઈશ્વરપિતાનો આભાર માનતા વળી પાછાં ગીતો ગાય. પ્રભુની આરાધના કરે, ભક્તિ કરે અને પ્રાર્થના કરે.

ઘરડો નાયક કબૂતરોને કહે, 'સવારની પ્રાર્થના પ્રભુપિતાની કૃપાના દ્વાર ખોલનારી છે. સાંજની પ્રાર્થના પ્રભુના બાળકોને રક્ષણ આપનારી છે. ગઢ સમાન છે. કિલ્લા સમાન છે.' ઘરડો નાયક કબૂતરોના બચ્ચાંને બાઇબલની સારી સારી વાતો કરે. પ્રભુનું જ્ઞાન આપે.

આમ કબૂતરો આનંદથી દિવસો પસાર કરે છે. મિત્રો! જીવનમાં બધા દિવસો સરખા હોતા નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. તડકી છાંયડી તો આવ્યા કરે છે.

એક દિવસની વાત છે. ઢળતા બપોરનો સમય હતો. કૂવા ઉપર આવેલા પીપળાના ઝાડની કેટલીક ડાળો છેક કૂવામાં ઝોલા ખાતી હતી. કેટલીક ડાળો તો કૂવાની દીવાલને અડકતી હતી. કબૂતરોના માળા સુધી પહોંચતી હતી. બપોરના તડકામાં, માળામાં કબૂતરોના બચ્ચાં ઊંઘતાં હતાં. એક બીજાને અઢેલી, ચાંચમાં ચાંચ નાખી ઊંઘતાં હતાં. એકલો ઘરડો નાયક જ જાગતો હતો. કૂવાની દીવાલને અડકીને આવેલી ડાળ ઉપર એક લીલોછમ ઝાડનો (વનસ્પતિનો) સાપ ડાળીને ગોળ ગોળ ફરતો વીંટળાતો, લપાતો છૂપાતો દીવાલ તરફ આગળ વધતો હતો. કબૂતરોના કૂમળા બચ્ચાં, ઈંડાં જોઈ તેના મોંમાં પાણી આવતું હતું. તેની કાતિલ જીભ લબકારા મારતી હતી. સાપ આગળ વધે જતો હતો. ઘરડા કબૂતરની નજર કાતિલ સાપ ઉપર પડી. તે ચોંકી ગયું. લીલોછમ, ઝેરીલો સાપ હમણાં ઈંડાં, બચ્ચાંનો કોળિયો કરી જશે. બચ્ચાં તો બિચારા ઊંઘતા હતાં. તેમને કંઈ ચિંતા ન હતી. સાચવનારા ઘરડાદાદા તો ઘરે છે ને!

ઘરડા કબૂતરને ઘડીભર તો સાપની બીક લાગી. ચિંતા થવા લાગી. સાપનો સામનો શી રીતે કરવો? તે તો ઘરડું હતું. સાપ બહુ ઝેરીલો, કાતિલ હતો.

દુઃખ આવે, મુશ્કેલી આવે ત્યારે ઈશ્વરપિતાની પ્રાર્થના કરવી, સહાય માગવી. ઘરડા કબૂતરે પ્રભુની પ્રાર્થના કરી, સહાય માગી. પોતાની જાતને ઈશ્વરના હાથમાં સોંપી. ઈશ્વરના સામર્થ્યવાન

હાથ, શક્તિશાળી હાથ તેના ભક્તોનું રક્ષણ કરે છે. ઘરડા કબૂતરે બાઇબલમાંથી આ બધું વાંચ્યું હતું. ઈશ્વરે ઘરડા કબૂતરની પ્રાર્થના સાંભળી. તેના અશક્ત શરીરમાં એક પ્રકારની ઝણઝણાટી આવી. તેનામાં ગજબની શક્તિનો સંચાર થયો. તે ઝડપથી ઊડ્યું. બરાબર સાપની ફેણ ઉપર જોરથી ચાંચ મારી. એકાએક થયેલા હૂમલાથી સાપ સાવધાન થાય તે પહેલાં તો કબૂતરે વારંવાર ચાંચો મારવા માંડી. હવે સાપે દુશ્મનનો સામનો કરવા પૈંતરો રચ્યો. પોતાની પૂંછડીવાળો ભાગ ઝાડની ડાળી સાથે બરાબર વીંટાળી દીધો. ફેણ ઊંચી કરી ફૂંફાડા મારવા લાગ્યો. હવે ઘરડા કબૂતરે પાછળના ભાગમાં આવી ચાંચો મારી સાપને ઘાયલ કરવા માંડ્યો. ઘરડા કબૂતર અને સાપ વચ્ચે બરાબર તૂમુલ યુદ્ધ જામ્યું. ઘરડા કબૂતરની પાંખોના ફફડાટ અને સાપના ફૂંફાડાથી માળામાં રહેલાં બચ્ચાં જાગી ગયાં. આ લડાઈ જોઈ ચોંકી ગયાં. બિચારા ગભરાઈ ગયાં. બીકના માર્યાં થરથર ધ્રૂજવા લાગ્યાં. કાંપવા લાગ્યાં, ફફડવા લાગ્યાં.

પાંચ-સાત મિનિટ લડાઈ ચાલી. કોઈ કોઈને મચક આપે નહિ. છેવટે સાપે પૈંતરો રચ્યો. તેની પૂંછડીનો જે ભાગ ઝાડની ડાળીએ વીંટળાયેલો હતો તેનો અડધો ભાગ છૂટ્ટો કર્યો. જેવું કબૂતર ચાંચ મારવા આવ્યું કે પાછલો ભાગ કબૂતરના પગ સાથે વીંટાળી દીધો. ઘરડું કબૂતર સાપના ભરડામાં ફસાઈ ગયું હતું. સાપે તેની લોહીલુહાણ કરેલી ફેણ ઊંચી કરી કબૂતરની ડોક ઉપર જોર કરી દંશ દીધો. કબૂતર હવે લાચાર હતું. તે બેભાન થવા લાગ્યું. તરફડિયાં મારવા લાગ્યું. શરીરમાં ઝેર ફેલાવા લાગ્યું.

ઘરડા કબૂતરને પોતાનો અંત નજીક લાગ્યો. મૃત્યુ નજીક જોઈ તેણે ઈશ્વરને કાલાવાલા કરી પ્રાર્થના કરી, "પ્રભુ, અમારાં બચ્ચાંને બચાવો." તેની પાંખોનો ફફડાટ ધીમો પડ્યો. તેનું નિર્ગત થયેલું શરીર નીચે પડું પડું થતું હતું. ત્યાં કબૂતરે ઊંચે આકાશમાં કૂવા ઉપર ચકરાવો લેતી એક સમડી જોઈ. ઘરડા કબૂતરની આંખ મીંચાય તે પહેલાં તો સમડીએ ઝપટ મારી સાપને બરાબર વચ્ચેથી પગના નહોરથી ઊંચકી લીધો. ત્યાં જ કબૂતરનો નિર્જીવ દેહ કૂવાના પાણીમાં પડ્યો. સમડી સાપને લઈ ઊંચે આકાશમાં ઊડી ગઈ. મરતાં પહેલાં ઘરડા કબૂતરે આકાશ તરફ જોઈ ઈશ્વરપિતાનો આભાર માન્યો.

મરેલું ઘરડું કબૂતર અવાવરું કૂવાના પાણીમાં પડ્યું હતું. તેની પાંખો ફેલાયેલી હતી. ડોક મરડાઈ ગઈ હતી. જાણે પોતાના બચ્ચાં. ઈંડાંને બચાવવાનો તેને સંતોષ હતો.

સાંજ પડે વનવગડે ગયેલાં કબૂતરો કૂવાએ પાછા ફર્યાં. બચ્ચાં પોતાના માબાપના કોટે વળગી પડ્યાં. ઘરડાં કબૂતર અને સાપની લડાઈની વાત કરી. બધા કબૂતરોએ ઘરડા કબૂતરે આપેલા બલિદાનની પ્રશંસા કરી.ઘરડા કબૂતરના જીવન, આપેલા બલિદાન માટે ઈશ્વરપિતાનો આભાર માનતા પ્રાર્થના કરી, સ્તુતિ કરી.

ઘરડા કબૂતરે બચ્ચાંને માટે પોતાનો જીવ આપ્યો.

મિત્રો! આપણા આદિ માતાપિતા આદમ અને હવાએ પાપ કર્યું. ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરી ઈશ્વરની સંગતને તરછોડી. પાપની શિક્ષારૂપ માનવજીવનમાં મરણ પ્રવેશ્યું.

માણસ જાતને પાપમાંથી છોડાવવા, અનંતકાલિન જીવન આપવા પરમપિતાએ યોજના ઘડી. પોતાનો એકાકીજનિત દીકરો

માનવદેહમાંથી પૃથ્વી મધ્યે નાતાલના પવિત્ર દિવસે દેવપુત્ર પ્રભુ ઈસુનો જન્મ થયો.


ભવિષ્યવાણી મુજબ બેથલેહેમની ગભાણમાં માતા મરિયમના ઉદરે જન્મેલા એ દીકરાનું નામ ઈમાનુએલ પાડવામાં આવ્યું. જેનો અર્થ થાય છે, તારનાર.

ઈસુ તે જ ઈમાનુએલ.

મિત્રો! ત્રિએક ઈશ્વર, પ્રભુના સઘળાં લોકને આશીર્વાદ આપે તેવી પ્રાર્થના કરીએ.

❖ ❖ ❖

# ૭ બાળ હરણ



એક હતું જંગલ.

જંગલમાં શિયાળ, સસલાં, સાબર, હરણ મજા કરે.

ભાતભાતનાં પક્ષીઓ કલરવ કરે.

ઝરણાં, નાળાં ખળખળ વહ્યાં કરે.

જંગલની મધ્યમાં ઊંચો ઊંચો પહાડ હતો. તેની એક બાજુ નાનકડું સરોવર. તેના તીરે ઘટાદાર વડલાનું ઝાડ. વડલાની વડવાઈઓ વા વાયે ઝોલાં ખાય. પાર વિનાના વેલાઓ. વડલાએ વીંટળાઈ વળેલા. અહીં કુદરતી રીતે જ વેલનો માંડવો બંધાયેલો.

પહાડની બીજી બાજુ ગીચ ઝાડી. બિહામણી ખીણો અને બિહામણાં પશુ, પક્ષીઓ, વાઘ, સિંહ, ચિત્તાનો પાર નહીં. ઝાડે

ઝાડે ઘૂવડ, ચીબરીઓ, ચામાચીડિયાં વસે.

પેલા સરોવર તીરે વડલાના નીચે ઝાડમાં એક હરણ રહે. હરણ-હરણી અને તેમનું એક બચ્ચું. નાનકડું કુટુંબ પણ સુખી કુટુંબ.

હરણ-હરણી નાના બચ્ચાંને લાડ લડાવે. સારું સારું ખાવાનું લાવી આપે. મનગમતી મોજ કરાવે. બાળહરણ પણ માતાપિતાને ખૂબ વહાલ કરે. રોજ સવારે હરણ-હરણી બચ્ચાંને લઈ ચરવા જાય. દૂર દૂર ઘાસના મેદાનમાં દિવસભર ફરતાં ફરે. મનગમતો ચારો ચરે અને સાંજ પડે વડલાએ પાછાં ફરે. સરોવરનું સ્વચ્છ નિર્મળ જળ પીએ. ઈશ્વરની પ્રાર્થના કરી સૂઈ જાય.

એક દિવસની વાત છે.

હરણ કુટુંબ રોજના નિયમ પ્રમાણે ચારો ચરવા જવા તૈયાર થયું. પરંતુ પેલું બાળહરણ તો આડું થયું. પોતાના માતાપિતાને કહે "તમે તમારે જાઓ, મારે તો નથી આવવું! હું તો અહીં જ રહીશ!"

"અરે, લાડકા! તું આમ અહીં એકલું રહેશે, તો તને કોઈ ફાડી ખાશે." માતાએ કહ્યું.

બાળહરણ કહે, "ના, હું તો અહીં જ રહીશ. તમારી સાથે તો મારે નથી આવવું! તમારી સાથે દૂર દૂર આવતાં તો મારા પગ થાકી જાય છે. તમે જાઓ, મારે માટે થોડું ઘાસ લઈ આવજો ને!"

હરણ-હરણીએ બચ્ચાંને બહુ બહુ સમજાવ્યું. પણ બાળહરણ તો એકનું બે ન થયું. તેણે તો ન જવા હઠ કરી. માતાપિતાનું કહ્યું માન્યું જ નહિ.

આખરે માતાપિતાએ ન છૂટકે તેને ત્યાં જ રહેવા દઈ એકલા જવા નિર્ણય કર્યો.

હરણે કહ્યું, "જો દીકરા, આ ઝાડી છોડી ક્યાંય જઈશ નહિ. અહીં ઝાડીમાં જ રમજે!"

બાળ હરણે હા ભણી. માતાપિતા દુઃખી દિલે ચરવા ચાલી નીકળ્યાં.

બપોરનો સમય હતો. બાળ હરણ તો રમતું રમતું સરોવર તીરે જઈ પહોંચ્યું. દૂર દૂર પહાડ જોયો. ઊંચાં ઊંચા ઝાડ જોયાં બાળ હરણને એ બાજુ ફરવા જવાનું મન થયું. "ચાલ જરા જોઈ તો આવું કે પહાડની બીજી બાજુ શું છે?" પણ માતાપિતાના બોલ યાદ આવ્યા. "જો દીકરા, આ ઝાડી છોડી ક્યાંય જઈશ નહિ!" બીજી જ પળે બાળ હરણે વિચાર્યું." અરે, માતાપિતા પણ કેવાં છે! મને તો ઘરમાંથી જરાય નીકળવા દેતાં જ નથી ને!" બાળ હરણ તો ચાલી નીકળ્યું.

જંગલની કેડીઓ વટાવતું. આમ તેમ અથડાતું-કૂટાતું પહાડ તરફ, ગીચ ઝાડીમાં દૂર દૂર નીકળી ગયું. ત્યાં તો સાંજ પડવા આવી. બાળ હરણે પાછા ફરવા વિચાર કર્યો. પણ હવે ક્યાં જાઉં? ગીચ ઝાડીમાં રસ્તો ભૂલી ગયું. આમ જાય, તેમ જાય, બૂમો પાડે પણ નિર્જન જંગલમાં કોણ સાંભળે?

સાંજ ઢળતી હતી અને ધીમે ધીમે અંધારું ઊતરી આવતું હતું.

અંધકારને ભેદતી અંગારા જેવી બે આંખો તગતગતી જોઈ બાળ હરણથી ઓહ! બાપ રે...! ચીસ નંખાઈ ગઈ. વાઘને દૂરથી આવતો જોઈ બાળ હરણના તો મોતિયા જ મરી ગયા. એને માતાપિતા યાદ આવ્યાં. તેમની શિખામણ યાદ આવી. પરંતુ હવે શું થાય? એણે બૂમ પાડવા માંડી. બીજી જ પળે વાઘે આવી તેની ડોક મરડી નાખી. વાઘ બાળ હરણનો મન ભાવતો શિકાર લઈ પહાડની ખીણોમાં ક્યાંય અલોપ થઈ ગયો.

આ બાજુ ઝાડીમાં હરણ-હરણી ક્યારનાંય આવી રડતાં હતાં. એમનું હૈયાફાટ રુદન ઝાડ ઉપરના પક્ષીઓની આંખમાં પણ આંસુ લાવતું હતું.

હરણ-હરણી વડલા નીચે રડતાં હતાં ત્યારે ઉપરની એક ડાળે એક ચકલો ચકલી પોતાનાં બે બચ્ચાંને પાંખ નીચે દાબી બેઠાં હતાં. તેમાંથી એક બચ્ચાંએ ચકલી માતાને પૂછ્યું,

"મા, મા, આ હરણ-હરણી કેમ રડે છે?"

ચકલી માતાએ કહ્યું, "બેટા, એમના બાળ હરણને વાઘ ઊપાડી ગયો. એ બાળ હરણે માતાપિતાનું કહ્યું માન્યું નહીં. તેમની સાથે જવાનું છોડી દૂર દૂર પહાડ તરફ અજાણ્યા માર્ગે ગયું!" બીજું બચ્ચું જે હજી શાંત હતું તેણે કહ્યું. "હા, માતાપિતાની આજ્ઞા ક્યારેય ઉથાપવી નહિ. જે છોકરાં મા બાપનું કહ્યું ન માને તે જીવનમાં દુઃખી થાય."

પ્રભુ ઈસુએ કહ્યું છે કે, "મા-બાપની આજ્ઞા પાળો."

❖ ❖ ❖

# ૮ સાચો ન્યાય

એક હતું ગામ. ગામમાં એક ખેડૂત રહે. નામ તેમનું સાવધાનભાઈ. ખૂબ ભલાભોળા માણસ. પ્રભુના ભક્ત. નિયમિત પ્રાર્થના કરે. રવિવારે ભક્તિસભામાં જવાનું ચૂકે નહિ. પવિત્રશાસ્ત્ર નિયમિત વાંચે.

આ સાવધાનભાઈને બે સંતાનો. એક દીકરો અને બીજી દીકરી. દીકરાનું નામ તો સિલવાન્સ. પરંતુ લાડમાં શિલુ કહી બોલાવે.

દીકરીનું નામ રાહેલ. બંને ભાઈ-બહેન વચ્ચે ઉંમરનો બહુ તફાવત નહિ. શિલુ હશે દસેક વર્ષનો અને રાહેલ આઠેક વર્ષની. સાવધાનભાઈએ બંને ભાઈ-બહેનને ખૂબ લાડકોડથી ઉછરેલા. પાણી માગતાં દૂધ આપે. બંને ભાઈ-બહેન ગામની પ્રાથમિક શાળામાં ભણે. સાવધાનભાઈ ગામમાં આબરૂદાર ખેડૂત ગણાય. ક્યાંય ઝઘડા ટંટા થાય તો સાવધાનભાઈ જઈ સમાધાન કરાવે. તેવા સુશીલ, પરગજુ આ ખેડૂત ભગવાનના માણસ ગણાય. દીકરો અને દીકરી શાળાએ જાય. સમય મળે તો ખેતરે જાય. ખેતરે જઈ નાનામોટાં કામ કરે. માતા-પિતાને ઉપયોગી બને.

વરસાદની મોસમ આવી. મોસમનો પહેલો વરસાદ વરસી ગયો. ઉનાળામાં તપેલી ધરતી પાણી પી પોચી બની. સાવધાનભાઈ તો ઉપડ્યા ખેતર. ઘરમાં પત્ની દીનાબહેનને કહેતા ગયા.

"સાંભળો છો શિલુના મા?"

દીનાબહેને કહ્યું, "હા સાંભળું છું. આ તમે ઓલ્યા ઓરગણિયા ખેતરમાં હળ કાઢવા જાઓ છો ને!"

"અરે બાઈ, તમને બધી ખબર પડે. હવે હું તો આ ચાલ્યો, તમતમારે ભાતું છોકરાંઓ હારે શેઢે મોકલી દેજો. એ બપોરના ભૂલતાં નહિ."

દીનાબાઈએ છણકો કરતાં કહ્યું.

"કયા દિવસે તમને ભૂખ્યા રાખ્યા છે તે આમ બોલો છો. તમતમારે જાવ."

અને સાવધાનભાઈ લાલિયો અને ધોળિયો બે બળદિયાના ખભે ઝૂંસરી મૂકી વચ્ચે હળ અને સમાર બાંધી માથે ફાળિયું બાંધતાંક હાથમાં પરોણો લઈ તેયાર થઈ ઊભા. અને ઈશ્વરની પ્રાર્થના કરી ડચકારો મારી બળદિયાને ચાલતા કર્યા. ગામથી થોડે દૂર ઓરગણિયું નામનું એક સ્થળ. ગામડાંમાં તો આવાં જુદા જુદા નામો વાળી જગ્યામાં ખેતરો હોય, ત્યાં નાનકડાં તલાવડાં પણ આવેલા હોય. તેના પણ નામો હોય.

સાવધાનભાઈએ ખેતરે જઈ ખેડવાનું શરૂ કર્યું. ચાર પાંચ કલાક કામ કર્યું હશે ત્યાં તો ખેતરની પૂર્વ દિશાના છીંડામાંથી માથે ભાથું લઈ રૂમઝુમ કરતી દીકરી રાહેલ અને પાછળ તેનો ભાઈલો શિલુ આવ્યો. સાવધાનભાઈએ હળ-લાકડાં છોડી બળદિયાને છૂટા કરી ઘાસ નીર્યું. અને પોતે આંબાના છાંયે જમવા બેઠો. બાપની સામે દીકરીએ બેસી ભાથું છોડ્યું અને સાવધાનભાઈ તો જમવા લાગ્યા. અને પેલો શિલુ તો ઉપડ્યો ખેતરના શેઢે. રાયણના ઝાડ તરફ. શિલુ થોડો તોફાની પણ ખરો. તેણે ધીમેથી પોતાનો પરોણો (બળદ હાંકવાની નાની લાકડી તેની ટોચે એક માથા વગરની ખીલી લગાડેલી હોય) લઈ લીધો. એણે તો જઈ વાડમાં સસલું પકડવા માટે ગાળો

બાંધેલો. ભાઈસાહેબ છૂપા રૂસ્તમ પિતાને ખબર ન પડે તેમ નાનામોટાં આવાં કારસ્તાન કરે.

દીકરી રાહેલ ભાઈલાને શોધતી આવી પહોંચી. ત્યાં તો એક સસલાનું બચ્ચું આવ્યું. બિચારું ગાળિયામાં ફસાયું. શિલુએ તો ધડાધડ બે ચાર પરોણા લગાવી દીધાં. સસલાના પગેથી લોહી નીકળવા લાગ્યું. રાહેલ એકદમ દોડી ગઈ. શિલુને બોલવા લાગી.

"અલ્યા શેતાન, આ શું કરે છે? તને કોઈ મારે તો? લાંવ પરોણો હું જ તને બે ચાર ઝાપટી દઉં. પછી તને ખબર પડશે." એમ ગુસ્સે ભરાઈ વાડે દોડી જઈ ગાળિયામાંથી સસલાને બહાર કાઢ્યું. અને તેના લોહીવાળા પગને ઓઢણીના છેડાથી ફાડી લૂછવા લાગી. વાડમાંથી ઘાબાજરિયું (દેશી દવા) લાવી. તેના ઘા ઉપર બાંધી પાટો બાંધ્યો. સસલું તો તરફડતું હતું. પરંતુ પાટો બાંધતાં એને થોડી કળ વળી. શિલુ કહે, "એ રાહેલ, લાવ, મારું સસલું." રાહેલ કહે, 'જા, જા... શેતાન હવે સસલું નહિ મળે. તું તો કેટલો પાપી છે. આને મારી શેકી ખાવું છે તારે! એ તો કદી નહિ બને." રાહેલ હતી નાની પણ ઘણી હોશિયાર-હિંમતવાળી.

બંને ભાઈબહેન ઝઘડવા લાગ્યા. પરંતુ રાહેલે મચક ન આપી.

રાહેલ તો સસલાને લઈને ભાગી સીધી ઘર તરફ. શિલુભાઈ તો ભોંઠા પડ્યા. રાહેલે તો સસલાને ઘરે લઈ જઈ સાચવવા માંડ્યું. માને જઈ બધી વાત કરી. માએ શિલુને ધમકાવ્યો. આવું ખરાબ કામ કરવા બદલ ઠપકો પણ આપ્યો. અઠવાડિયાના વહાણા વાઈ ગયાં. સસલું સારું થયું, ઘરમાં હેવાયું થઈ ગયું. રાહેલ તેને પ્રેમથી ઘાસચારો ખવડાવે તેની માવજત કરે.

સસલું બરાબર સારું થયું, એટલે એક દિવસ શિલુએ કહ્યું, "એ... ઈ... રાહેલ... સસલું મને આપી દે. સસલું તો મેં પકડ્યું છે." રાહેલ કહે, "જા... જા... સસલું કેવી ને વાત કેવી. હું કોઈ કાળે તને આપવાની નથી. તારે થાય તે કરી લે!" બંને ભાઈબહેન ઝઘડવા લાગ્યા. થોડી મારામારી ઉપર પણ આવી ગયા. પણ રાહેલ તો મચક આપે તેવી હતી નહિ.

એ તો સસલાને લઈ દોડી ગઈ સાવધાનભાઈ પાસે. જઈને ફરિયાદ કરી. "બાપા, આ પેલા શેતાની શિલુને કહી દો ને ! આ સસલું મારી પાસેથી લઈ લે છે."

ત્યાં તો શિલુ આવ્યો, કહેવા લાગ્યો "મેં ચાર દિવસથ ગાળિયો બાંધેલો ત્યાં મહાપરાણે આ સસલું પકડાયું છે. બાપુ, મને મારું સસલુ અપાવી દો!"

સાવધાનભાઈ વિચારમાં પડી ગયાં. બંને ભાઈ બહેનને સમજાવ્યા. થોડું લડ્યા અને પછી બોલ્યા, "લાવો એ સસલાને મારી પાસે" એમ કહી સસલાને લઈ પોતે પરસાળમાં ઢાળેલા ખાટલા ઉપર જઈ બેઠા. પછી કહે, "જુઓ, અહીં આવો તમે બંને ભાઈ-બહેન. હું સસલાને મારા ખોળામાં બેસાડું છું. તમે બંને ભાઈબહેન તેને બોલાવજો. સસલું જેની પાસે જાય તેનું ગણાય."

બંને ભાઈબહેન તો સસલાંને પોતાની તરફ બોલાવવા લાગ્યા. શિલુ તો હાથમાં ઘાસ લઈ સસલાંને લલચાવી બોલાવવા લાગ્યો. ખૂબ મહેનત કરી, પરંતુ સસલું તો તેની પાસે ગયું જ નહિ.

રાહેલે તો એક વાર સસલાને તાળી પાડી બોલાવ્યું. એકદમ કૂદકો મારી સસલું તો રાહેલ પાસે પહોંચી ગયું. તેના ખોળામાં જઈ લપાઈ ગયું અને બે કાન ફફડાવી ગેલ કરવા લાગ્યું.

શિલુભાઈ તો ભોંઠા પડ્યા.

સાવધાનભાઈ કહે, "હવે શિલુ આ સસલું તો રાહેલ પાસે જ રહેશે. તારો હક ચાલશે નહિ." શિલુ ઢીલો પડ્યો. રાહેલનો વિજય થયો એટલે એ તો ડીંગો બતાવી શિલુને કહે, "જોયુંને, હવે તો સસલું મારું થયું."

સાવધાનભાઈ મૂછમાં હસતાં હસતાં કહે,

"ભાઈ સસલું તો જીવાડનારનું હોય, મારનારનું નહિ."

ઘરના બારણાની બારસાખને અઢેલીને ઊભા રહેલા દીનાબહેન તો સાવધાનભાઈ અને દીકરાં દીકરીને જોઈ મલકમલક મલકાતાં રહ્યાં.

❖ ❖ ❖

# ૯ જાદુઈ ફરશી



કાળુ એના નામ પ્રમાણે કાળો હતો. એનો ચહેરો સુડોળ અને ગમી જાય તેવો હતો. કઠિયારો હતો. એને ન ભાઈ કે બહેન. પંડે એકલો જ હતો. રોજ સવારે વહેલો ઊઠે. દાતણ પાણી કરે. નાનકડાં ઝૂંપડામાં વાળે, ઝૂડે, પ્રભુની ભક્તિ કરે અને પછી એકાદ બાજરીના રોટલાનું ભાથું લઈ ખભે કુહાડી મૂકી જંગલ તરફ ચાલતો થાય. જંગલમાંના સાબર, સસલાં, વાઘ, વરુ, શિયાળ, લોંકડી, મોર, પોપટ, મેના, ચકલી, બધાં પશુ પક્ષીઓનો એ જાણીતો હતો. પશુપંખી ઝાડ, વેલી એ જ જાણે એનું કુટુંબ હતું.

જંગલની મધ્યમાં એક તળાવ. કાચના જેવું ચોખ્ખું એનું પાણી. કમળના ફૂલથી તળાવની શોભા દીપી ઊઠે. ભમરા ગૂંજારવ કરે, તળાવ કિનારે વડલાનું ઝાડ. લાંબી લાંબી વડવાઈઓ ઝોલાં

ખાય. રંગબેરંગી માછલીઓ જલક્રિડા કરે. કાળુ લાકડાં કાપી થાકે ત્યારે વડલાના ઝાડ નીચે બેસે. જે લૂખ્ખા, સૂક્કા રોટલાનો ટુકડો સાથે લાવ્યો હોય તે ખાય. તળાવનું પાણી પીએ અને બપોરના થોડું ઊંઘે, સાંજ પડતાં ભારો લઈ ગામ ભણી પાછો ફરે. જાય અલીશેઠને પીઠે. લાકડાનો ભારો વેચે. પચ્ચીસ, પચાસ પૈસાનું દનિયું મળે. આ હતી કાળુની રોજિંદી જીંદગી.

એક દિવસની વાત છે, કાળુ બપોરના વડલાના ઝાડ નીચે સૂતો છે. પડ્યો પડ્યો વિચારે ચડે છે. કેવી આ જીંદગી! એ દિવસભર કામ કરું તોય પેટ પૂરતું ખાવાનુંયે મળે નહિ. પ્રભુ તુંય કેવો નિષ્ઠુર છે. કેટલી ભક્તિ કરું છું, કેટલો વિનવું છું? તો પણ પ્રભુ મારી આ દશા?'' કાળુની આંખ ભીંજાઈ ગઈ. શાંત જંગલમાં એના ડૂસકાને સાંભળે પણ કોણ? ''અલી શેઠ કેવા સુખી છે! ઘરે ઘોડાગાડી, નોકર ચાકર છે. દોમ દોમ સાહ્યબી છે. પ્રભુ મને જ શા માટે દુઃખ આપે છે?'' કાળુ પોતાને શેઠની સાથે સરખાવી ચોધાર આંસુએ રડી ઊઠ્યો. રડતાં રડતાં કાળુની આંખ મીંચાઈ ગઈ. થોડીવાર થઈ હશે ત્યાં તો તળાવના પાણી હાલી ઊઠ્યાં. ખળખળ અવાજ થયો. ઝાંઝરનો ઝણકાર કાળુને કાને અથડાયો. ઝબકીને જાગ્યો. જુએ તો સામે હીમ જેવી ઉજળી, રૂપરૂપનાં અંબારશી જલપરી, સોનાવર્ણો લાંબો લાંબો કેશકલાપ, માથે મોગરાના ફૂલડાંની માળા ગૂંથેલી, ઊંધા કમળ દંડ જેવા હાથ, મરકતું મલકતું એનું મુખડું. કાળુ એકી નજરે જોઈ રહ્યો. આ સ્વપ્નું તો નથી ને! એણે આંખો ચોળી, બેઠો થયો, સ્વસ્થ થયો. ત્યાં તો જલપરી બોલી ઊઠી, મધુરી બંસી બજી ઊઠી. ''કાળુ, રડીશ મા, હું તારું દુઃખ સમજુ છું. લે, આ મારી ફરશી આ જાદુઈ

ફરશી છે. ગમે તેવા તોતિંગ ઝાડને એ અડકતાં જ જમીનદોસ્ત થઈ જશે. તું ઓછી મહેનતે વધુ લાકડાં કાપી શકશે. જલપરી જાદુઈ ફરશી આપી તળાવનાં ઊંડા જળમાં અદૃશ્ય થઈ ગઈ.

કાળુ તો ફરશી મળતાં રાજીનો રેડ થઈ ગયો. ફરશી લઈ એ તો દોડ્યો એક લીમડાના ઝાડ પાસે. ફરસીનો લગાવી દીધો ટચકો, ત્યાં તો કડડડભૂસ કરતું ઝાડ તૂટી પડ્યું. એ સાથે જ એક કાગડાનો માળો નીચે પડ્યો. નાનકડાં બચ્ચાં ઝાડની ડાળી નીચે ચગદાઈ મૂઆ. કાગડાનું ટોળું કા, કા, કા, કરી રુદન કરવા લાગ્યું. કાળુ એનું દુ:ખ કેવી રીતે પામી શકે? એણે તો મોટો ભારો તૈયાર કર્યો. જ્યાં ભારો ઊપાડવા જાય છે ત્યાં તેણે પોતાની અસલ કુહાડી જોઈ. કાળુએ વિચાર્યું, હવે આની શી જરૂર છે? આનાથી શું દળદર ફીટવાનું છે? ગુસ્સે ભરાઈ જોરથી કુહાડી ફેંકી તળાવની વચ્ચોવચ, ત્યાં જલપરી બેઠી હતી. જલપરીના માથા સાથે ટકરાઈ. તળાવનું પાણી લાલચોળ બની ગયું. કાળુએ તળાવનું પાણી લાલ જોયું પણ એણે તેની દરકાર ન કરી. એ તો ભારો લઈ ચાલતો થયો. અલીશેઠે એને સારા પૈસા આપ્યા. કાળુએ અલીશેઠ સાથે સોદો કર્યો. દરરોજ દસ પંદર ભારા મજૂરો મારફતે મોકલવાનો. જોતજોતામાં તો કાળુ લાકડાનો દલાલ બની ગયો.

કાળુની જાદુઈ ફરશીથી જંગલ ધીમે ધીમે ઉજ્જડ થવા લાગ્યું. જંગલમાં પશુ પક્ષીઓની નાસભાગ થઈ રહી. પંખીઓનો વિસામો ગયો. પશુઓની શીળી મીઠી છાંય ગઈ. કિલ્લોલ કરતાં પંખીઓ હવે રડી ઊઠ્યાં. નાચગાન કરતાં પશુઓ ઉદાસ બની ભયભીત નજરે આમ તેમ નાસવા લાગ્યાં. એક વખતનું શાંત જંગલ ભયથી કંપી ઊઠ્યું. કાળુ હવે તો ઘાતકી બન્યો. ફરશીથી એણે પશુ

પંખીનો શિકાર કરવો શરૂ કર્યો. પશુ પંખી ત્રાસ ત્રાસ પોકારી ઊઠ્યા.

ભયભીત બનેલાં, ત્રાસી ઊઠેલાં, પશુ પક્ષીઓ આમાંથી બચવા ઉપાય શોધવા એક દિવસ ભેગાં થયાં. સહુ સમદુઃખિયા હતાં. કાળુના ભયંકર ત્રાસને પોતપોતાની ભાષામાં કહેવા લાગ્યાં. પશુપક્ષીની જમાત કરે પણ શું? મુશ્કેલીનો સામનો કરવા શક્તિ જોઈએ. શક્તિ મેળવવી શી રીતે? પશુ પંખીઓએ ભગવાનનું શરણ શોધ્યું. આ ત્રાસમાંથી છોડાવવામાં ઈશ્વરને આજીજી કરી, વિનંતી કરી, પ્રાર્થના કરી. ઈશ્વરે જાણે પ્રાર્થના સાંભળી હોય તેમ પાણીમાંથી પેલી જલપરી આવી તેમની મધ્યે ઊભી રહી.

જલપરી બોલી, ‘‘વહાલાંઓ, તમે જરા પણ ચિંતા ન કરશો. હું તમારું દુઃખ સમજું છું. હું તમને કઠિયારાના ત્રાસમાંથી છોડાવીશ. કાળુને મેં જ ફરસી આપી છે. એ દુઃખી હતો. ગરીબ હતો. એનું દુઃખ અને ગરીબાઈ દૂર કરવા મેં જે જાદુઈ ફરશી આપી છે એનો એણે દુરુપયોગ કર્યો છે. જરૂરિયાત કરતાં વધુ ઝાડનો નાશ કર્યો. પશુ પક્ષીઓને મારી નાખ્યાં. એણે જંગલમાં કાળો કેર વર્તાવ્યો છે. ઈશ્વરની બનાવેલી આ દુનિયામાં સહુને શાંતિથી જીવવાનો હક છે. માણસજાત ક્યારેક એને મળેલાં તાલંતોનો દુરુપયોગ કરે છે. પોતાને સુખી કરવા બીજાની ભલાઈ છોડી બીજાને જ્યારે દુઃખ પહોંચાડે છે ત્યારે ઈશ્વર અચૂક નારાજ થાય છે. હું આવતી કાલે જ મારી જાદુઈ ફરશી તેની પાસેથી પાછી મેળવી લઈશ. તમે ચિંતા ન કરશો. જાઓ સુખેથી ચાલ્યાં જાઓ...’’ બધાં પશુ પંખી જંગલના દૂરના ભાગમાં આનંદ કરતાં ચાલ્યાં ગયાં.

દરરોજના નિયમ પ્રમાણે કાળુ પોતાની જાદુઈ ફરશી લઈ પેલા વડલાના ઝાડ નીચે સૂતો હતો. ત્યાં ગુંજારવ કરતાં બે ભમરા આવ્યા. કાળુની બંને આંખોમાં પાણીના ટીપાં છાંટી ચાલ્યાં ગયાં. હવે કાળુ ભરઊંઘમાં પડ્યો હતો. જલપરી બહાર આવી. ઊંઘતા કાળુની પાસે પડેલી જાદુઈ ફરશી એણે લઈ લીધી. અને કાળુની અસલ કુહાડી ત્યાં મૂકી દીધી. જલપરી પાણીમાં અદૃશ્ય થઈ ગઈ.

❖ ❖ ❖

## ૧૦ અમે સૌ રડી પડ્યા

ટન્, ટન્, ટન્. શાળાનો ઘંટ વાગ્યો. દરવાજામાંથી ધસમસતા પૂરની જેમ વિદ્યાર્થીઓ શાળાના ચોગાનમાં થઈ વર્ગો તરફ ધસવા લાગ્યા. વિરામ સમયે સ્ટાફરૂમમાં બેસી નાસ્તો કરતા શિક્ષકો પણ ઝડપથી નાસ્તાના ડબ્બા બંધ કરી પોતપોતાની ચીજ વસ્તુઓ લઈ વર્ગખંડ તરફ જવા લાગ્યા. હજી શિક્ષકો વર્ગખંડમાં જાય છે તે પહેલાં સામેના દરવાજામાંથી એજ્યુકેશન ઇન્સપેક્ટર સાહેબ પણ પ્રવેશ્યા.

વાત વાયુ વેગે ફેલાઈ ગઈ. ઇન્સપેક્ટર સાહેબ આવ્યા છે. દોડો ભાગો. પાંચ સાત મિનિટમાં તો શાળાના સમગ્ર વાતાવરણમાં સોપો પડી ગયો. નીરવ શાંતિ છવાઈ ગઈ. થોડીવાર પહેલાં જ્યારે રીસેસ હતી ત્યારે બાળકોના ઝૂંડોના ઝૂંડો એ ય ધમાચકડી કરતાં ફરતાં હતાં. અને શોરબકોર થઈ રહ્યો હતો. અને હવે, વાતાવરણ એકદમ પલટાઈ ગયું. જાણે આ મકાનમાં કોઈ રહેતું નથી તેવી શાંતિ થઈ હતી. કદાચ પેલા ઇન્સપેક્ટર સાહેબની બીકથી તો આમ નહિ બન્યું હોય!

ઇન્સપેક્ટર સાહેબે સ્કૂટર છેક ઓફિસ પાસે લઈ જઈ મૂક્યું. દમામથી પાકીટ હાથમાં લઈ ખબખબ કરતા ચાલવા લાગ્યા. સીડીઓ ચઢતાં હતા. ત્યાં તો શાળાના આચાર્ય સામે લેવા આવ્યા. આચાર્યે નમસ્તે કર્યાં. ઇન્સપેક્ટર સાહેબે શિષ્ટાચાર દર્શાવતાં માથું નમાવી સામે પ્રત્યુત્તર વાળ્યો.

આવો પધારો સાહેબ, ઇન્સપેક્ટર સાહેબને લઈ શાળાના આચાર્ય ઓફિસમાં પ્રવેશ્યા. બેઠક લીધી. પાણીવાળા બહેને પાણી

પાયું. અને સાહેબ બોલી ઊઠ્યા. "આચાર્ય... આપણે વર્ગોમાં જઈ વીઝીટ કરીએ મારે ઉતાવળ છે. ઝડપથી પાછા જવું છે એટલે ચલો ઊઠો."

આચાર્ય કહે, "પણ સાહેબ, કંઈ ચા પાણી તો કરો."

ઇન્સપેક્ટર, "ના... આજે તો નહિ જ."

એમ રકઝક કરતા ઇન્સપેક્ટર સાહેબ અને આચાર્ય બંને ઊઠ્યાં. ચાલી નીકળ્યા. શાળાના વર્ગખંડોની મુલાકાતે.

કેમ બહેન શું ભણાવો છો? લાવો નિબંધની નોટો... હા કેટલી તપાસી છે... જુઓ આ કામ અધૂરું છે. પૂરું કરી નાખો.."

આમ ઇન્સપેક્ટર સાહેબ આચાર્યને લઈ એક પછી એક વર્ગોમાં જતા હતા.

ત્યાં તો ધડાક્ ધડાક્ અવાજ આવ્યો. આચાર્ય અને ઇન્સપેક્ટર સાહેબ બંને શાંત થઈ ગયા. થોડીવાર પછી સાંભળ્યું.

"બદમાશ કંઈ ભાન પડે છે! આજે ય મોડો આવ્યો... પેલો તારો કાકો આવ્યો છે... જો તો નથી..." એમ કહેતાં ફરી પાછો ધડાક્ ધડાક્ અવાજ આવ્યો.

આચાર્ય અને ઇન્સપેક્ટર બંને ઝડપથી જે દિશામાંથી અવાજ આવતો હતો  તે વર્ગખંડ તરફ ચાલવા લાગ્યા.

ત્યાં આચાર્યે ઇન્સપેક્ટરે શું જોયું? પાંચમાં ધોરણના શિક્ષક એક વિદ્યાર્થીને ધડા ધડ મારી રહ્યા હતા. સામે વિદ્યાર્થી શાંત થઈ ઊભો હતો. શિક્ષક બેફામ શબ્દો બોલતા ક્રોધમાં આવી સડસડાટ તમાચા માર્યે જાય છે. એક પણ આંસુનું ટીપું પાડ્યા સિવાય ધીર ગંભીર વિદ્યાર્થી બધું જ સહન કર્યે જાય છે. જેમ ઘેટી ઊન

કાતરનારની આગળ શાંત રહે તેમ પેલો વિદ્યાર્થી નીચું મુખ રાખી ઊભો છે. પગના નખથી જમીન કે જ્યાં પથ્થરો જડ્યા છે ત્યાં તે ખોતરવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે.

વિદ્યાર્થી છોકરાએ બુશર્ટ ચડ્ડી પહેર્યાં છે. શર્ટની ઉપલી ફડક ચિરાઈ ગયેલી છે. ચડ્ડી પણ વચ્ચેથી ફાટેલી છે. જેને ટાંકા લીધેલા છે. માથાના વાળ ઓળાયા વિનાના છે. કોણ જાણે ક્યારે એમાં તેલ નાખ્યું હશે.... પવનનું ઝોલું આવતાં તે પણ આમતેમ ઊડતાં હતાં.

આચાર્યે અને ઇન્સપેક્ટરે જઈ પેલા શિક્ષકભાઈ પાસેથી છોકરાને છોડાવ્યો. ઇન્સપેક્ટરે છોકરાને એકદમ પોતાની પાસે ખેંચી લઈ તેના ગાલને ખૂબ જ વહાલથી પંપાળવા લાગ્યા.

શિક્ષક છોભીલો બન્યો. તેનો ક્રોધ એકદમ શાંત થઈ ગયો. શું ઇન્સપેક્ટર સાહેબ જોઈ ગયા? આચાર્ય જોઈ ગયા?

શિક્ષકે પેલા છોકરા સામે તહોમતનામું રજૂ કર્યું. પોતાના બચાવ માટે જ.

ઇન્સપેક્ટરને કહેવા લાગ્યા, "સાહેબ દરરોજ મોડો આવે છે લેશન પણ લાવતો નથી. કહી કહીને થાક્યો પણ માનતો જ નથી ને! શું કરું સાહેબ... મારું નહિ.. તો...?"

ઇન્સપેક્ટર પેલા છોકરાને લઈ વર્ગખંડની બહાર જઈ ઊભા. આચાર્ય અને પેલા શિક્ષકભાઈ પણ બહાર આવ્યા.

ઇન્સપેક્ટરે ખૂબ જ શાંતિથી પેલા વિદ્યાર્થીને પંપાળતા માથે બરડે હાથ ફેરવતાં પૂછ્યું. "કેમ બેટા, આવું કરે છે! કેમ મોડો આવે છે.? ગભરાઈશ નહિ હોં. હું તને કશું જ નહિ કરું. જે સાચું હોય તે કહી દે."

છોકરો કશું બોલતો ન હતો. માથું નીચું નમાવી શાંત ઊભો હતો.

ઇન્સપેક્ટરે બે હાથ છોકરાના ગાલ ઉપર મૂક્યાં અને તેનું મુખ પોતાના મુખ સામે ધર્યું. ખૂબ વહાલથી ફરીથી પૂછ્યું, "બોલ બેટા, કેમ આમ દરરોજ મોડો આવે છે. આ સાહેબ કહે છે તે સાચું છે?" છોકરો જાણે ગુનો કબૂલ કરતો હોય તેમ આંખો ઢાળી દીધી.

ફરી પાછું એનું એ જ વાક્ય ઇન્સપેક્ટરે ખૂબ પ્રેમાળ શબ્દોથી પૂછ્યું, "બેટા, મારી જરાય બીક રાખ્યા વગર જે સાચું હોય તે કહી દે!"

થોડી ક્ષણો પસાર થઈ. સૌ શાંત રહ્યાં. છોકરો નીચું મુખ રાખી બોલવા લાગ્યો.

"સાહેબ, મારા બાપુજીને ટી.બી. થયો હતો. તે તો મરી ગયા. અત્યારે હું, મારી નાની બહેન, અને મારી મા ત્રણ જણા છીએ. મારી  મા નોકરી કરતી નથી. પણ સાહેબ આ રોડ ઉપર જે કચરો પડે છે. તેમાંથી કાગળના ટુકડા, જૂની પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ તે વીણી લાવી વેચે છે.અને તેમાંથી અમારું ગુજરાન થાય છે.

સાહેબ... સાહેબ... આ ચોગાનમાં છેવાડે જે જાજરૂ પેશાબખાના છે ત્યાં મારી માએ કોથળો મૂક્યો છે. રીસેસ પછી હું ચોગાનમાં પડેલા કાગળો વીણી લઉં છું. અને તેમાં નાખું છું. મારી મા એ આવી લઈ જાય છે. અને વેચે છે."

ઇન્સપેક્ટરે કહ્યું, 'કેટલા રૂપિયા તને મળે છે?" "સાહેબ, બે ત્રણ દિવસ થેલો ભરાઈ જાય એટલે દસેક રૂપિયા તો મળે...

પણ સાહેબ હું દરરોજ વહેલો ઊઠી કોથળો લઈને જાઉં છું, વીસ પચ્ચીસ રૂપિયા તો લાવું છું.'' આમ કહેતાં કહેતાં તો પેલો છોકરો ચોધાર આંસુએ રડી પડ્યો. મોડા આવવાની તેની મજબૂરી હતી અને તેની ગરીબાઈ છતી થઈ તેથી હોય કે ગમે તેમ પણ ખૂબ રડવા લાગ્યો.

ઇન્સપેક્ટર, આચાર્ય અને પેલા શિક્ષકભાઈ ત્રણેની આંખમાં આંસુ છલકાઈ ગયાં. આ નાનકડા છોકરાંને પંપાળતા ઇન્સપેક્ટરે તેને એકદમ પોતાના હૈયા સાથે જકડી લીધો. અને તેને ખૂબ વહાલ કરી પોતાના રૂમાલથી તેનાં આંસું લૂછી નાખ્યાં.

ઇન્સ્પેક્ટરે શિક્ષકને એટલું જ કહ્યું, જોયું ને... એને કદી મારશો નહિ. શિક્ષકે ભૂલ કબૂલી માફી માગી.

ચાલતાં ચાલતાં ઇન્સપેક્ટરે ખિસ્સામાંથી ૫૦ રૂપિયાની નોટ કાઢી આચાર્યને આપતાં કહ્યું, લો, પેલા વિદ્યાર્થીને ગણવેશ લાવી આપજો.

પણ... સાહેબ હું લાવી આપીશ. ના... ના... તમે લઈ લો, તેની બહેનને માટેના કપડાં તમે લાવી આપજો...

ઇન્સપેક્ટર વિઝિટ લખી સ્કૂલ છોડી ચાલ્યા ગયાં... આચાર્ય શ્રી ખુરશીમાં બેસી વિચાર કરવા લાગ્યા... શી ખબર શું વિચારતા હશે?

બાળ દોસ્તો, તમે જે શાળામાં ભણો છો. ત્યાં કદાચ આવાં દુઃખી ગરીબ બાળકો પણ હશે. તમે કદી તેમના માટે વિચાર્યું છે ખરું? પ્રભુએ તમારી ઉપર કેવી કૃપા કરી છે... તમને જોઈતી બધી ચીજ વસ્તુઓ સહેલાઈથી મળી રહે છે. પ્રભુના અનેક આશીર્વાદ માટે આભાર માનો.

પેલો ગરીબ છોકરો વિધવા માતાને મદદરૂપ બને છે. શું તમે તમારા માબાપને મદદરૂપ બનો છો ખરાં?

પ્રભુ ઈસુ નાના હતા ત્યારે તેમના પિતા જોસેફને સુથારીકામ કરવામાં મદદરૂપ બનતાં હતાં તે યાદ કરો. તમે પણ તમારા માતાપિતાને કામમાં મદદરૂપ બનો. તમારા મિત્રોને પણ સહાયરૂપ થાઓ. ઘરમાં કે ઘરબહાર, શાળામાં કે સમાજમાં એક સાચા ખ્રિસ્તી છોકરા છોકરી તરીકેની છાપ ઉપસાવો.

પ્રભુ તમને એવી સમજણ શક્તિ આપો. આમીન.

❖ ❖ ❖

# ૧૧ આંખનાં રતન



ઘનઘોર અંધારી રાત હતી. તમરાના ઝીણા ઝીણા અવાજથી નીરવ શાંતિનો ભંગ થતો હતો. રાત્રિનો પાછલો પહોર વરસાવતો પવન વાઈ રહ્યો હતો. વૃક્ષ વેલીઓના નાના નાના પાંદડાં ઉપર પડેલાં ઝાકળનાં બિંદુઓ ચંદ્ર અને તારલાઓનું અજવાળું પાથરી ચમકાવતા હતા.

આવી રાત્રિના સમયે ત્રણ ઘૂવડો આકાશમાં ઊડતા ચાલ્યા જતા હતા. બે ઘૂવડ આગળ હતા. ત્રીજું ઘૂવડ જે ઉંમરમાં નાનું હતું તે પાછળ ઊડતું હતું.

આગળ ચાલતા ઘૂવડોમાંથી એકે પેલા નાના બચ્ચાંને કહ્યું, "ચાલ જલદી કર... જો સવાર થવા આવી છે. આપણા રહેઠાણે જલદી પહોંચી જઈએ."

બચ્ચાંએ કહ્યું, "જુઓ તો ખરાં! આપણે જે પ્રદેશ ઉપરથી ઊડીએ છીએ તે કેવો સૂનકાર, ભેંકાર લાગે છે, મકાનોના માત્ર ખંડેરો જ છે. પેલું વચ્ચે જે મોટું મકાન છે. જેની દીવાલો જ માત્ર દેખાય છે. તે કોઈ ખંડેર થયેલા પ્રભુમંદિરની લાગે છે. તેના મિનારા ઉપરનો ક્રોસ હજી એવો ને એવો જ છે. તેની પ્રાચીન શિલ્પ સ્થાપત્યની કોતરણીવાળી કમાનો રાત્રિના ચંદ્રના પ્રકાશમાં શોભી ઊઠે છે."

નાનું ઘૂવડનું બચ્ચું આગળ બોલ્યું, "અરે મોટાભાઈ, આ શહેર ભૂતકાળમાં કોઈ ભવ્ય નગરી હશે, ખરુંને?"

મોટા ઘૂવડે કહ્યું, "હા, ભૂતકાળમાં આ એક અદ્ભુત વિશાળ નગરી હતી. પહેલાં અહીં એક રાજા રાજ્ય કરતો હતો. બીજા રાજાએ ચડાઈ કરી. ધમસાણ યુદ્ધ થયું. સામસામો ભયંકર તોપમારો થયો. જાહોજલાલીવાળું શહેર ભસ્મીભૂત થયું" નાનું ઘૂવડ કહે, "યુદ્ધ... કેવું વિનાશી છે? તે આ ખંડેરો ઉપરથી લાગે છે."

મોટા ઘૂવડે કહ્યું, 'હા, યુદ્ધ માણસના મનમાં જ જન્મે છે. અને માણસનો જ વિનાશ સર્જે છે."

લગભગ સવાર થવા આવી હતી. ત્યારે આ ઘૂવડો પોતાના રહેઠાણોએ જવા ઉત્સુક હતા. નાના ઘૂવડે પાછળ રહી કહ્યું, "તમે તમારે જાઓ., હું તો આ ખંડેરોમાં ભમીશ, તેની કલાકારીગરી જોઈ અને પછી આવીશ." આમ કહી, ઘૂવડનું બચ્ચું તો સડસડાટ કરતું ખંડેર થયેલા પેલા પ્રભુમંદિરમાં પેઠું. હવે ઠીક ઠીક અજવાળું થયું હતું. ઘૂવડની આંખોની કીકી ઝીણી થતી જતી હતી. હવે તેને ઝાખું દેખાવા લાગતું હતું. ખંડેર બનેલા દેવળના મધ્ય ભાગમાં ખંડિત થયેલી પૂરા કદની દેવદૂતની પ્રતિમા હતી. ઘૂવડ તો બીજા પક્ષીઓ

તેને હેરાન ન કરે તે માટે દેવદૂતની ખંડિત પ્રતિમાના પગમાં લપાઈ છૂપાઈ બેઠું.

ચંદ્રની ચાંદની વિલાઈ ગઈ. સૂર્યના કિરણો પેલા ખંડેરોને અજવાળી રહ્યાં. ઝાકળના બિંદુ ઉપર ઊગતા સૂરજના કિરણો ધીમે ધીમે એવા તપવા લાગ્યાં કે ઝાકળ બિંદુઓ હતાં ન હતાં થઈ ગયાં. સવાર થઈ. ઘૂવડના બચ્ચાંને હવે તો નહિ જેવું જ દેખાતું હતું. તેણે પોતાની જાતને વધુ ને વધુ સંકોચી, દેવદૂતની પ્રતિમાના પગના પાછળના ભાગમાં કોઈ જુએ અને હેરાન ન કરે તે માટે બરાબર છૂપાઈ ગયું.

સૂરજ ધીમે ધીમે ઊગતો ગયો. દોડવીર શરૂઆતમાં ધીમો દોડે અને જેમ જેમ નિશાન નજીક જતો જાય તેમ તેમ ગતિ વધારતો જાય છે. દોડવીરની જેમ સૂરજે પણ ધીમે ધીમે ગતિ વધારવા માંડી. સવાર બપોરમાં પલટાઈ અને એકાએક બપોર સાંજમાં પલટાઈ આવી. દિવસ ક્યારે ઊગ્યો અને ક્યારે આથમ્યો. કંઈ ખબર ન પડી! નાનકડા ઘૂવડની કીકી જે ઝાંખી થઈ હતી તે ધીમે ધીમે ઉઘડવા લાગી.

ઢળતી જતી સંધ્યાએ ઘૂવડ જ્યાં બેઠું હતું ત્યાં તેના માથા ઉપર ટપક, ટપક પાણીના ટીપાં પડવા લાગ્યાં. ઘૂવડ ચમક્યું! આ પાણી ક્યાંથી? ઊંચે જોયું તો દેવદૂતની ખંડિત પ્રતિમા રડી રહી હતી.

દેવદૂતનું ભોળા બાળક જેવું મુખડું. તેમાં રહેલી બે નાનકડી નિર્દોષ આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં.

ઘૂવડે કહ્યું, “ઓ દેવદૂત, તું શા માટે રડે છે?”

દેવદૂતે કહ્યું, “ભાઈ ઘૂવડ! વર્ષો થયાં, આ અવાવરું દેવળમાં કોઈ પગ મૂકતું નથી. આ ખંડિત દેવળની ભૂતકાળની જાહોજલાલીની શી વાત કરું? તેની ભવ્યતા કંઈ અલૌકિક હતી. યુદ્ધમાં આ આખી

નગરી ભસ્મીભૂત થઈ ગઈ. તેનો વિનાશ થવામાં આ ભવ્ય દેવળ પણ બાકી ન રહ્યું.''

સમય જતાં અહીંથી થોડેક દૂર યુદ્ધ પછી શાંતિ સ્થપાતાં નવું શહેર વસ્યું છે. નવી માનવ વસ્તી બની છે. મિત્ર ઘૂવડ, નવા નગરમાં વસતા લોકોની હાલત જોઈને મને રડવું આવે છે. હું આંસુ સારું છું. જૂનું નગર તો પાપાચારના કારણે શાપિત યુદ્ધમાં નાશ પામ્યું. પરંતુ જે નવું નગર બંન્યું છે, તે પણ વિનાશના માર્ગે જઈ રહ્યું છે. માટે મને રડવું આવે છે.''

''ભલા ભાઈ ઘૂવડ! મારું એક કામ ન કરે?''

''નાતાલનું પર્વ નજીક આવી રહ્યું છે. ત્યારે નગરજનો નાતાલની પૂર્વ તૈયારી કરવા લાગી ગયા છે. બધાં લોકો પોતપોતાના સુખ સાહેબીમાં મસ્ત છે. નગરનાં પૂર્વ છેડે એક વૃદ્ધ પુરુષ રહે છે. તેનો એક હાથ કપાયેલો છે. ડાબા પગની આંગળીઓ પણ કપાયેલી છે. એક સમયે યુદ્ધમાં અજોડ ગણાતો એવો આ સૈનિક અત્યારે ચીંથરેહાલ દશામાં જીવી રહ્યો છે. તેને કોઈ સગુંવહાલું નથી. પત્ની હતી તે પણ મરી ગઈ છે. વૃદ્ધ સૈનિકને એક નવ-દશ વર્ષની બાળકી છે. તેના સહારે તે જીવી રહ્યો છે. આંધળા માણસની લાકડી જેવી આ દીકરી પણ બીમાર છે. તેને લોહીના કેન્સરનો જીવલેણ રોગ થયો છે. સારવાર કરવા, ખાવાપીવા કંઈ પૈસા નથી. વૃદ્ધ સૈનિક ખૂબ દુ:ખી છે. નિ:સહાય છે. દીકરી હવે થોડા દિવસની મહેમાન છે. આ દેવળને બચાવવામાં તે ખૂબ ઝઝૂમ્યો હતો. આ વૃદ્ધ સૈનિક અને દીકરી દયાને પાત્ર છે.''

દેવદૂત કહે, ''યુદ્ધ શાપિત છે. યુદ્ધ માનવસમાજનો વિનાશ નોતરે છે.'' ઘૂવડની આંખમાં આંસુ હતા. તેણે કહ્યું, ''વહાલા દેવદૂત! આપણે તેમને કંઈ મદદ ન કરી શકીએ?''

દેવદૂતે કહ્યું, "દોસ્ત ઘૂવડ, હું તને એ જ વાત કહેવાનો હતો. મારા માથાના મુગટમાં અગાઉ ઘણાં કીમતી હીરા, માણેક જડેલા હતા. યુદ્ધ સમયે બધું લૂંટાઈ ગયું છે, પરંતુ હજી મારી પાસે બે મોતી છે, આંખ પાછળના ભાગમાં તે સંઘરાયેલાં, અકબંધ છે. દોસ્ત, તારી તીણી ચાંચથી મારી આંખો ફોડી નાખ. મોતી કાઢી લે. પેલા વૃદ્ધ સૈનિકને જઈ આપી આવ. એક ભલાઈનું કામ કર. દેવદૂતે કહ્યું, સવાર ઊગે તે પહેલાં મારી આંખોમાંથી મોતી કાઢી આપી આવ. નહિ તો તને દેખાતું બંધ થશે અને કામ થશે નહિ."

ઘૂવડે દેવદૂતના કહ્યા પ્રમાણે મોતી કાઢી લીધાં. તેણે જે રસ્તો બતાવ્યો હતો, તે રસ્તે પેલા વૃદ્ધ સૈનિકના ઘરે જઈ, પથારી પાસે મૂકી દીધાં. માંદી દીકરીની ઉપર પાંખો ફેલાવી પ્રાર્થના કરી. સવાર થાય તે પહેલાં દેવદૂત પાસે આવ્યું. ઈશ્વરે સારું કામ કરાવ્યું. તેથી બંનેએ ઈશ્વરનો આભાર માનતી પ્રાર્થના કરી.

ત્યાં તો વસ્તીમાં રહેતા મરઘાએ કૂકડે... કૂક... કૂકડે... કૂક... કરી મૂક્યું. નવાં શહેરના લોકો જાગી ઊઠ્યાં. આ બાજુ એકાંત ભેંકાર દેવળના ખંડેરમાં દેવદૂતની ખંડિત પ્રતિમા હતી. તેના પગમાં ભરાઈ ગયેલું ઘૂવડ, સૂનમૂન બેઠું હતું.

દિવસ ચડતો ગયો. મધ્યાહ્ન થતાં ખંડેરમાં કોઈકના આવવાનો અણસાર આવ્યો. તેમની તરફ આવતાં પગલાંના અવાજથી બંને મિત્રો ચોંકી ગયા. ગભરાઈ ગયા.

દેવદૂતે ધીમા અવાજે ઘૂવડને કહ્યું, "દોસ્ત, જો બની શકે તો તું અહીંથી દૂર ચાલ્યો જા! કોઈ સલામત સ્થળે જતો રહે."

"કેમ શું છે?" ઘૂવડે કહ્યું.

દેવદૂત કહે, "પથ્થર તોડનારા મજૂરો આવી રહ્યા છે. જે નવી નગરીમાં તું ગયો હતો તે નગરીમાં યુદ્ધના વિજય ટાણે એક વિજયસ્તંભ બનાવવાનો છે. તેના પાયામાં પૂરવા પથ્થરો લેવા મજૂરો આવી રહ્યાં છે. તેઓ હથોડાથી આ મંદિરનો સંપૂર્ણ નાશ કરશે. મારો પણ નાશ કરશે જ. તું ઊડી જા. સલામત જગ્યાએ જતો રહે. તારો જીવ બચાવી લે."

ઘૂવડ તો હસવા લાગ્યું, "વહાલા દેવદૂત, અત્યાર સુધી હું તારા પગના આશરે રહ્યો છું અને હવે તને મૂકીને ઊડી જાઉં... તે કદાપિ બની શકે નહિ."

પેલા પથ્થર તોડનારા મજૂરોના પગલાં હવે સ્પષ્ટ સંભળાતા હતા. જોત જોતામાં મજૂરો પ્રતિમા પાસે આવી ગયા. મજૂરોએ દેવદૂતની પ્રતિમા ઉપર હથોડા ધડાધડ ઝીંકવા લાગ્યા.

દેવદૂતની ખંડિત મૂર્તિના છાતીના બખોલવાળા ભાગમાં ઘૂવડ છૂપાયું હતું. મજૂરોને તે દેખાયું નહિ. હથોડાનો ઘા દેવદૂતની ખંડિત મૂર્તિના છાતીના ભાગ ઉપર પડ્યો. ત્યાં તો લોહીની સેર ઊડી હથોડાને અને મજૂરોના હાથને રક્તવર્ણા કરતી રહી.

❖ ❖ ❖

# ૧૨ સુલેમાન માસ્તરનો પોપટ



એક નાનકડા ગામમાં એક માસ્તર રહે. નામ તેમનું સુલેમાન માસ્તર. મિશનની પ્રાથમિક શાળામાં આ સુલેમાન માસ્તર શિક્ષણકાર્ય કરે. માસ્તર ખૂબ ભલાભોળા. માથે કાળી ટોપી પહેરે, ધોતી પહેરે અને ધોતી ઉપર ખમીસ પહેરે. માસ્તર ખૂબ ચીવટવાળા. ખમીસના ગળા સુધીના બધા બટનો બંધ રાખે અને ભરાવદાર મૂછો રાખતા હતા. સુલેમાન માસ્તર શિક્ષણ કાર્ય ઉપરાંત સુવાર્તાપ્રચારનું કાર્ય પણ કરતા હતા. આજુબાજુના ગામડાંઓ, ખેતરોમાં આવેલા છાપરાઓમાં જઈ ટ્રાક્ટ અને બીજા ચોપાનિયાઓ, પુસ્તકો વહેંચે-વેચે. અને ઈશ્વરનો મહિમા પ્રગટ કરે.

એક દિવસ આ સુલેમાન માસ્તર એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. ધૂળિયો રસ્તો, માથે છત્રી ઓઢેલી. એક હાથમાં થેલી

અને માસ્તર ચાલ્યા જતાં હતાં. ભરબપોરે માસ્તર ખેતરની સીમમાંથી પસાર થતાં હતાં, ત્યાં રસ્તામાં તેમણે ઘાયલ થયેલું સૂડા પોપટનું બચ્ચું જોયું. કોઈ મોટા પક્ષીએ બચ્ચાંને ઘાયલ કર્યું હશે. માસ્તરે બચ્ચાંને ઊપાડી લીધું, તેના ઘાને ધોતિયાના છેડા વડે સાફ કર્યો અને ખેતરની વાડમાંથી ઘા બાજરિયું (એક પ્રકારની દેશી દવા) લઈ લગાવી દીધું. માસ્તર તો એ પોપટના બચ્ચાંને ઘરે લઈ આવ્યા. તેને માટે એક પાંજરું પણ લાવ્યા અને ખૂબ કાળજીપૂર્વક પોપટના બચ્ચાંને ઉછેરવા લાગ્યા. તેને ફળફળાદિ ખવડાવે, નવડાવે, ધોવડાવે. પોપટનું બચ્ચું પણ માસ્તરથી હેવાયું થઈ ગયું.

માસ્તર દરરોજ સાંજ પડે અને કાંસાનો ઝાલર-ઘાટ લઈ વગાડે એટલે તેમના ઘરની પરસાળમાં ગામ આખાના ટાબરિયાં-ઘરડાંઓ અને થોડાંક જવાનિયાઓ ભેગા થાય. છોકરા-છોકરીઓ, સ્ત્રીઓ ઘણાં બધાં આવે અને માસ્તર પવિત્રશાસ્ત્ર વાંચે. ગીતો ગવડાવે, બોધ કરે અને પ્રાર્થના પણ કરે-કરાવે. આમ નિયમિત પ્રભુની ભક્તિ માસ્તરના ઘરે થતી હતી.

માસ્તર દરરોજ પ્રાર્થના સમયે "યહોવા મારો પાળક છે તેથી મને કશી ખોટ પડશે નહિ..." એ ગીતશાસ્ત્રનું ગીત બોલાવે. હવે બન્યું એવું કે, આ ગીતશાસ્ત્રનું આખુંયે ગીત પેલું પોપટનું બચ્ચું પરસાળમાં પાંજરામાં રહ્યું રહ્યું સાંભળે અને તે પણ બોલતું થઈ ગયું. માસ્તરે પણ કાળજી લઈ એ પોપટને તે શીખવ્યું હતું. માસ્તરના ઘરે જે કોઈ આવે તેને પેલું પોપટનું બચ્ચું આ ગીતશાસ્ત્રનું ગીત સંભળાવે. લોકોને તે સાંભળી નવાઈ લાગે. પોપટ અને માસ્તર બંને પ્રત્યે ખૂબ વહાલ જાગે.

ઘણો સમય પસાર થઈ ગયો. ચોમાસાના દિવસો આવ્યા. એક રાત્રિએ ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. અંધારું ઘોર, વીજળીના ઝબકારા થાય અને માસ્તરના ઘરે એક ચોર આવ્યો. ઘરમાં ઘૂસ્યો અને બધે ફરી વળ્યો. પણ બિચારા આ સુવાર્તિક માસ્તરના ઘરમાં હોય પણ શું? કશી માલમિલકત હાથ લાગી નહિ. ચોર પણ નિરાશ થઈ ઘરમાંથી બહાર ચાલી નીકળતો હતો ત્યાં તેણે પેલું પોપટનું પાંજરું જોયું. ચોરને મનમાં થયું કે, "કંઈ પૈસા, સોનું-રૂપું ન મળ્યાં તો કંઈ વાંધો નહિ. આ પોપટને જ લઈ જવા દે!" શહેરમાં જઈ વેચીશ તો થોડા ઘણા પૈસા તો મળશે ને!" એમ વિચારી ચોર તો પીંજરું લઈ ભાગી ગયો. માસ્તર તો સવારે જાગી જુએ તો પાંજરું મળે નહિ. ખૂબ નિરાશ થયા, દુ:ખી થયા. હતાશા અનુભવી. તે તો પ્રાર્થના કરવા લાગ્યા. માસ્તર અઠવાડિયા સુધી દુ:ખી દુ:ખી રહ્યા.

હવે પેલો ચોર તો પેલું પાંજરું લઈ ઘરે ગયો. દરરોજ સાંજ પડે એટલે પેલો પોપટ પેલું ગીતશાસ્ત્રનું ગીત બોલવા લાગે. ચોર તે શાંતિથી સાંભળે તેને સમજણ ઓછી પડે. પણ બોલતા પોપટને જોઈ, સાંભળી આનંદ અનુભવે. તે પણ પોપટની સાથે મનમાં આ વાક્યો બોલ્યા કરે. થોડા દિવસ આ વ્યવહાર ચાલ્યો. પછી પેલા ચોરને મનમાં થયું આ પોપટ જે બોલે છે, તેનો બરાબર અર્થ સમજવો જોઈએ. તે તો પાંજરું લઈ પેલા માસ્તર પાસે આવ્યો. અને હાથ જોડી ઊભો રહ્યો, ક્ષમા માગી. માસ્તરના ઘરે ચોરી કરવા આવ્યો હતો અને પોપટને લઈ ગયો તે બધી વાત કરી. અને પોપટ જે બોલતો હતો તેનો અર્થ સમજાવવા વિનંતી કરી.

માસ્તરે પેલા ચોરને માફ કરી. તેને શાસ્ત્રનાં એ વચનોનો અર્થ સમજાવ્યો. ચોરના હૃદયમાં માસ્તરનો બોધ સ્પર્શી ગયો. તેનું હૈયું ભરાઈ આવ્યું. તે રડી પડ્યો, પસ્તાવો કર્યો. તેનું બદલાણ થયું અને ચોરે ચોરી કરવાનું છોડી દીધું. પોતે વિધર્મી હોવા છતાં નિયમિત પેલી સાંજની ભક્તિસભામાં આવવા લાગ્યો અને છેવટે તેણે બાપ્તિસ્મા લીધું અને ખ્રિસ્તનો સ્વીકાર કર્યો.

❖ ❖ ❖

# ૧૩ ગુલાબનો સ્પર્શ

આપણું ગુજરાત રાજ્ય. તેને અડીને ઉત્તરે રાજસ્થાન મારવાડનો દેશ આવે. આ સૂકો રેતાળ પ્રદેશ, ત્યાં ડુંગરો-પર્વતોની હારમાળાઓ જોવા મળે. આ પ્રદેશનું એક જૂનું શહેર. નામ એનું જોધપુર. જોધારાજાએ બંધાવેલું. તમે સ્ટેશને ઉતરો અને શહેરમાં પ્રવેશો ત્યાં જ સામે એક પૂરા ઘોડાના કદની પ્રતિમા છે. જેની ઉપર ભેટે તલવાર લટકાવી રાજા જામજોધા બેઠેલા છે. આ શહેરના મકાનો જુઓ તો મોટા ભાગે લાલ પથ્થરના જ જોવા મળે. ઈંટોની જગ્યાએ બધા પથ્થરો જ વાપરે છે. પેલા પૂતળાની ડાબી બાજુ વળી રસ્તે ચાલવા માંડો અને થોડે દૂર જાઓ, તો એક ભવ્ય પ્રભુમંદિર આવેલું છે.

વાહ ભાઈ વાહ! લાલ મકરાણી પથ્થરોની બાંધણીવાળું આ ભવ્ય પ્રભુમંદિર વિશાળ અને સુંદર કોતરણીવાળું છે. વિશાળ ચોગાન વચ્ચે ઊભેલાં આ પ્રભુમંદિરમાં બારીઓ અને ઝરૂખાઓ રંગબેરંગી કાચથી જડેલા છે. તેની શિલ્પ સ્થાપત્ય કલા જોઈ સૌ કોઈ આનંદ-નવાઈ અનુભવે. આ પ્રભુમંદિરમાં એક વૃદ્ધ પાળક રહેતા. નામ એમનું મોતીલાલ. હમેશાં લાંબો ઝભ્ભો પહેરે, કમરબંધ બાંધે અને ગળામાં વધસ્તંભ પહેરી રાખે. પાળક હસમુખા, પ્રેમાળ, મજાકિયા. આ પાળક સૌને વહાલાં...

ઈસ્ટર પર્વ અને દુઃખસહનનું સપ્તાહ ચાલે. આ પ્રભુમંદિરમાં દરરોજ સવારે ભક્તિસભા થાય. ત્યાં એક સુવાર્તિક સંદેશો આપવા આવેલા.

આ મહેમાન સુવાર્તિકને રહેવા માટે પ્રભુમંદિરથી થોડે દૂર એક ગેસ્ટહાઉસમાં સગવડ કરેલી. સુવાર્તિક વહેલા ઊઠે અને એકલા પગે ચાલતાં પ્રભુમંદિરમાં સમયસર આવી જાય.

એક દિવસે આ સુવાર્તિક પોતાના નિવાસ્થાનેથી થોડા વહેલા નીકળ્યા અને ચાલતાં જવા લાગ્યા. રાતના ઠંડા પવનથી ઝાકળ પડેલું અને ભિંજાયેલા રસ્તા ઉપરથી પસાર થતાં સુવાર્તિકને પવનની લહેરની સાથે સરસ સુગંધી આવી. તેમણે ઘડિયાળમાં જોયું. થોડો સમય બાકી હતો. જે દિશામાંથી સુગંધ આવતી હતી તે દિશા તરફ વળ્યાં. તો સુંદર બાગ જોયો. બાગ ગુલાબના વિવિધ છોડથી ભરપૂર હતો. કેટલાંક સફેદ ગુલાબ, કેટલાંક રાતાં, પીળાં અને ભાતભાતના ગુલાબનો જ આ બગીચો હતો. સુવાર્તિક ઈશ્વરપિતાના મહિમાનું દર્શન કરતાં બગીચામાં અહીં તહીં ફરવા લાગ્યા. અને ખૂબ ખુશ થઈ સમયસર પેલા પ્રભુમંદિરમાં આવી ગયા.

વૃદ્ધ પાદરી મોતીલાલ પ્રભુમંદિરના આંગણામાં જ ઊભા હતા. તેમણે હસ્તધૂનન કરી, કુશળતા કરતાં કહ્યું. ''અહો! કેમ સાહેબ. આજે કંઈક ઘરેથી વહેલા વહેલા નીકળ્યા લાગો છો!'' પેલા સુવાર્તિક તો, મોતીલાલ પાળક સામે જોઈ જ રહ્યા. કારણ કે તેઓ ખરેખર ઘરેથી વહેલા નીકળેલા હતા. ત્યાં તો મોતીલાલ પાળકે કહ્યું,

''સાહેબ, તમે તો અમારી ગુલાબવાડીમાં ફરી આવ્યા, કેમ ખરું ને!''

સુવાર્તિકને નવાઈ લાગી. પોતે તો એકલા જ બાગમાં ગયા હતા અને તેમને ફરતાં કોઈ જુએ નહિ તેની ખાસ ખાત્રી કરી

લીધેલી. ત્યાં આ વૃદ્ધ પાળકને કેવી રીતે ખબર પડી હશે? તેમને ખૂબ નવાઈ લાગી.

સુવાર્તિકે પૂછ્યું, "વડીલ, આપને કેવી રીતે જાણ થઈ કે, હું ગુલાબવાડીમાં ફરવા ગયો હતો?"

મૂછમાં હસતાં હસતાં, ચશ્માને નાકની દાંડી ઉપર બરાબર ગોઠવતાં મજાકિયા વૃદ્ધ પાળક મોતિલાલ કહે, "અમે તો બધું જાણી જઈએ. બોલો સાચું છે ને!"

સુવાર્તિકે કહ્યું, "વાત તો તમારી સાચી છે આજે હું થોડો વહેલો પરવાર્યો, એટલે રસ્તામાં આવતી ગુલાબવાડીને જોવા ગયો હતો. ખરેખર ભવ્ય બાગ છે! પણ એ તો કહો કે તમને શી રીતે ખબર પડી?"

મોતીલાલ પાળકે કહ્યું, "સાહેબ, તમે જ્યારે બાગમાં ફર્યા હશો ત્યારે ગુલાબના છોડનો, ફૂલોનો તમને સ્પર્શ થયો હશે. આજે રાત્રે ઝાકળ પડ્યું છે. ભીનાં ગુલાબોની પરાગરજ તમારા વસ્ત્રો ઉપર ચોંટી છે. જેની સુગંધી ખૂશબુ મેં અનુભવી અને મને પણ આનંદ થયો. મેં ગઈ કાલે જ વિચારેલું કે સુવાર્તિક સાહેબને ગુલાબવાડીમાં ફેરવી આવું. એ પહેલાં તો આપ એકલા જ જઈ આવ્યા. અમારા શહેરની આ ખૂબ પ્રખ્યાત ગુલાબવાડી છે. આ શહેરમાં આવતાં મુસાફરો અચૂક આ ગુલાબવાડીની મુલાકાત લે છે. તમે જઈ આવ્યા. ખૂબ મજા આવી હશે ખરું ને!"

સુવાર્તિકે હસતાં હસતાં કહ્યું, "ખરેખર ગુલાબવાડી તો મજાની છે. તે જોઈ આનંદ થયો. ઈશ્વરપિતાએ આ સૃષ્ટિની અદ્ભુત રચના કરી છે. તેનો અનુભવ કરી, આભાર માન્યો."

સુવાર્તિકે તે જ દિવસે પ્રભુમંદિરમાં સંદેશો આપ્યો જાણો છો? તેમણે જે સંદેશો આપ્યો. તેનું આધાર વાક્ય કયું હતું?

"શારોનનું ગુલાબ અને ફૂલોની ગુલછડી"

પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિશે પવિત્રશાસ્ત્રમાં આવી ઘણી કલમો છે મિત્રો, કેવી ભવ્ય વાત!

સુવાર્તિક બાગમાં ગયા. ગુલાબના ફૂલોનો અચાનક, તેમની જાણ બહાર સ્પર્શ થયો અને તે પોતે સુવાસિત બન્યા. મહેંકી ઊઠ્યા.

દોસ્તો, જે શારોનનું ગુલાબ છે તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત. તેનો સ્પર્શ જો આપણને થઈ જાય તો! વાહ! ભાઈ વાહ! આપણાં જીવનો કેવાં મહેંકી ઊઠે!

એ કેવી ભવ્યક્ષણો કે પ્રભુ આપણને સ્પર્શે, આપણે જે સ્પર્શ પામ્યા, સુગંધીદાર બન્યા તેનો અનુભવ સામેની બીજી વ્યક્તિ પણ કરી શકે. તે પણ આપણા આનંદના ભાગીદાર બને. કેવી અદ્‌ભુત ભવ્યતા!

પ્રભુ ઈસુ મને સ્પર્શે, તમને સ્પર્શે, સુગંધીદાર બનીએ. બીજા આપણને સ્પર્શતા જાય અને સુગંધીદાર બનતા જાય.

ઈશ્વર આપણા જીવનોને સ્પર્શે. એથી આપણે અનંતકાલીન જીવનનો વારસો પામીએ. જે અનંતકાલીન જીવનની સુવાર્તા આપણને મળી તે આપણા દ્વારા બીજાને પહોંચે, કેવું રૂડું....!

દોસ્તો, આ સ્પર્શ ક્યારે થાય? વિચારો... સતત ઈશ્વરની પ્રાર્થનામાં રહીએ. ઈશ્વરને આધીન રહીએ તેના વિશ્વાસુ ચાકર બની તેની આજ્ઞાઓ પાળીએ, ભૂંડાઈથી દૂર રહીએ, એકબીજા સાથે પ્રેમથી વર્તીએ, શેતાની વાનાથી દૂર રહીએ.

'ભીનો રે, ભીનો, પ્રભુજી સ્પર્શ દો તમારો'
ના માગું હું સોના ચાંદી
ના માગું હું હીરા મોતી .......... ભીનો રે.
જીવનની આ સૂકી વાડી
મઘમઘતી કરજો સ્વામી .......... ભીનો રે.
કંઠ રુંધાવે તરસે ભારી
જીવન જળની જોઈ ઝારી .......... ભીનો રે.


દોસ્તો, પ્રભુ આપણા જીવનોને સ્પર્શે, માટે આપણું મુખ તેની સામે ઊંચું કરી આંખો બંધ કરી પ્રાર્થીએ....

હા... એક વાત કહેવાની રહી ગઈ.

મેં જાણી જોઈને લખ્યું નથી, 'પ્રભુ ઈસુ માટે **'શારોનનું ગુલાબ'** એ ઉપમા પવિત્રશાસ્ત્રમાં કઈ કલમમાં આવે છે? પવિત્રશાસ્ત્રમાંથી શોધી કાઢજો.

❖ ❖ ❖

# ૧૪ સિંહ બાળ



મિત્રો, તમને બધાંને મળતાં, તમારી સાથે વાતો કરતાં ખૂબ આનંદ થાય છે.

આપણે એકબીજાને વ્યક્તિગત રીતે સમૂહમાં મળીએ છીએ. કોઈના ઘરે મહેમાન બની જઈએ છીએ અગર તો આપણા ઘરે કોઈ મહેમાન આવે છે ત્યારે તેમના નાના બાળકો સાથે એકબીજાને મળીએ છીએ. તમે જો ધારીને જુઓ તો કેટલાંક બાળકો તમારી સાથે ઝડપથી ભળી જશે. જાણે તમારા ખૂબ વર્ષો જૂનાં દોસ્ત ન હોય! જ્યારે કેટલાંક બાળકો જલદી તમારી સાથે ભળશે નહિ. તેઓ માતા-પિતાની સોડમાં લપાઈને બેસી રહેવાનું ઇચ્છતા હોય છે. આવું જ સન્ડે સ્કૂલ, તમારી શાળામાં કે પછી લગ્નપ્રસંગે તમે સમૂહમાં મળો છો, ત્યારે પણ બને છે.

કેટલાંક બાળકો ખૂબ આનંદ-હોંશે, ઉમંગથી એકબીજા સાથે ભળી જઈ વાતોચીતો કરે છે, આનંદથી રમે છે, ખેલેકૂદે છે, કિલ્લોલ કરે છે, તેઓના મુખ ઉપર એક પ્રકારનું તેજ જણાય છે. જ્યારે કેટલાંક બાળકો એવાં હોય છે કે તેઓ એકબીજા સાથે ભળતાં નથી, બહુ બોલતાં નથી. શાંતિથી એક બાજુ બેસી રહેવાનું, નિષ્ક્રિય રહેવાનું પસંદ કરતાં હોય છે. જાણે ગભરાતાં હોય તેવું લાગે છે. આનંદ કિલ્લોલ કરવાનું પસંદ કરતાં નથી. જાહેરમાં બહુ બોલતાં પણ નથી. આમ ભીરુતા કે લઘુતાનો ભાવ અનુભવતા જોવા મળે છે. બાળકો નિસ્તેજ જણાય છે. તેમનું જીવન વર્તન થનગનતું હોતું નથી. તેઓ કામથી ભાગેડુવૃત્તિ રાખતાં હોય છે. આમ લઘુતાગ્રંથિથી પીડાય છે. આવાં બાળકો પ્રત્યે દયાની ભાવના જાગે છે.

મિત્રો, લઘુતાગ્રંથિથી પીડાવું તે સારું નથી. ચાલો, ત્યારે એક વાર્તા કહી દઉં.

એક વિશાળ જંગલની વચ્ચે અધિકારી (ફોરેસ્ટ ઓફિસર) રહેતા હતા. તેમણે એક આલ્શેશિયન કૂતરી પાળેલી. ખૂબ જાતવાન કૂતરી, મજબૂત બાંધાની, કાળી અને માથા ઉપર ભૂખરાં રંગના ટપકાંથી આ કૂતરી શોભી ઊઠે, બીક લાગે તેવી આ કૂતરી હતી. સાથે એક નાનકડું ગલૂડિયું હતું. મારું વા'લું બહુ મઝાનું. તેની માતા સાથે ગેલ કરે, આખા બંગલામાં ફરે, પણ રાત પડે અંધારું થાય તો માની ગોદમાં લપાઈ જાય, છુપાઈ જાય. હવે બન્યું એવું કે પેલા જંગલ અધિકારી જંગલમાં ગયા તો તેમને એક સિંહણથી વિખૂટું પડેલું બચ્ચું મળ્યું. તેઓ ખૂબ સાવચેતીપૂર્વક નાનકડાં સિંહના બચ્ચાંને પોતાના ઘરે લઈ આવ્યા. વહાલથી ઉછેરવા

લાગ્યા. પેલી આલ્શેશિયન કૂતરી ને તેનું ગલૂડિયું અને આ સિંહનું નાનકું બચ્ચું સાથે એક જ ઘરમાં રહેવાં લાગ્યાં. સિંહનું બચ્ચું અને ગલૂડિયું સાથે રમે, ખેલે કૂદે, પરંતુ રાત પડે ત્યારે પેલું ગલૂડિયું બીકનું માર્યું લપાઈ જાય. એક બાજુ ખૂણામાં ભરાઈ જાય. આ જોઈ પેલું સિંહનું બચ્ચું પણ તેની સાથે જ લપાઈ જાય. છુપાઈ જાય. ગલૂડિયું ભીરુ હતું. તેનામાં સાહસવૃત્તિ હતી નહિ. આવું વલણ-વર્તન પેલું સિંહનું બચ્ચું પણ કરવા લાગ્યું. તે પણ વાઘ સિંહની ગર્જના સાંભળે તો બીક અનુભવે, ગભરાઈ જાય, ખૂણામાં લપાઈ જાય. થોડા દિવસો પસાર થયાં જંગલ અધિકારી નાનકડાં સિંહના બચ્ચાંને ખૂબ સાચવતા હતા. તેને મનગમતો ખોરાક આપતા હતા, લાડકોડથી રાખતા હતા. ઉછેરતા હતા, પરંતુ આ સિંહબાળ પેલા ગલૂડિયા સાથે રહી ભીરુ બન્યું, ધીમે ધીમે થોડું દૂબળું થયું. તેનામાં એક પ્રકારની ભીરુતા આવી ગઈ. તે નિસ્તેજ, માંદલું હોય તેવું દેખાવા લાગ્યું.

એક રાત્રિએ જંગલ અધિકારીના બંગલામાં નજીકમાં સિંહણ આવીને ગર્જના કરવા લાગી. આ ભયંકર ત્રાડ સાંભળી પેલું ગલૂડિયું તો એકદમ નાસી જઈ ખૂણામાં લપાઈ ગયું. તેણે સિંહના બચ્ચાંને કહ્યું, અરે દોસ્ત જલદી અહીં આવી જા. મારી સાથે રહે, જો બહાર કોઈ મોટું જંગલી પ્રાણી આવ્યું છે. તે આપણને મારી નાખશે. શરૂઆતમાં તો સિંહનું બચ્ચું ગભરાયું અને તેણે પણ પેલા ગલૂડિયા જોડે છૂપાઈ જવાની કોશિશ કરી.

બહાર સિંહણની ગર્જના વધવા લાગી. ગલૂડિયું વધુ ગભરાવા લાગ્યું. ભયથી કાંપવા લાગ્યું અને સિંહના બચ્ચાંને કહે 'જો જે બહાર જઈશ નહિ હોં!'

સિંહનું બચ્ચું વિચારવા લાગ્યું, લાવ ડોકિયું તો કરી બહાર જોવા દે! તેણે સહેજ બારણાની તિરાડમાંથી બહાર બત્તીના અજવાળામાં સિંહણને જોઈ તરત તેને વિચાર આવ્યો, 'આ તો મારા જેવું જ છે.'

પેલી કૂતરીએ તેને કહ્યું, "હા સાચું છે. તું સિંહનું બચ્ચું છે. તેની જેમ ગર્જના કરી શકે છે અને જંગલમાં સ્વતંત્ર મુક્ત થઈ નિર્ભયતાથી હરીફરી શકે છે." એકદમ સિંહનું બચ્ચું સિંહણની ત્રાડની સામે ઘૂઘવાટા કરવા લાગ્યું. જંગલ અધિકારી જાગી ગયા. આખી પરિસ્થિતિ જાણી ગયા. બારણું ખોલી નાખી વરંડાની બત્તી સળગાવી. તરત જ સિંહનું બચ્ચું કૂદકો મારી વાડ કૂદી સિંહણની પાસે ગયું. સિંહણે તેને આનંદથી આવકાર્યું, વહાલ કરવા લાગી! જંગલ અધિકારી ખુશ થતાં તેમને (મા દીકરાને) જોતા રહ્યાં. કૂતરી અને કુરકુરિયું તો લપાઈને ઘરમાં જ ભરાઈ રહ્યાં હતાં.

મિત્રો, સિંહનું બચ્ચું શરુઆતમાં લઘુતાગ્રંથિથી પીડાતું હતું. તે બીક, ભયનો ભાવ અનુભવતા દૂબળું પડ્યું. તેનો વિકાસ રૂંધાવા લાગ્યો. તેને પોતાની જાતનું ભાન થતાં તેનામાં એક પ્રકારનું નવું જીવન ચેતના પ્રગટી. તેની લઘુતાગ્રંથિ દૂર થઈ.

દોસ્તો, લઘુતાગ્રંથિથી પીડાવું તે યોગ્ય નથી. તમારામાં ગજબની શક્તિ છે. ઈશ્વરે આપણને અનેક પ્રકારના તાલંતો આપ્યાં છે. તે ખૂબ દયાળુ છે. કોઈ બાળક ભણવામાં નબળો હશે. તે પરીક્ષામાં પ્રથમ કે સારા ગુણ મેળવી શક્તો ના હોય તો તેણે નાસીપાસ થવાની જરૂર નથી. તેને ચિત્રકામ સારી રીતે આવડતું હશે ને! બસ તેમાં લગની લગાવી પ્રયત્ન કરવો. મહાન ચિત્રકાર બની શકાશે. ઈશ્વરે એક નહિ તો બીજી શક્તિ તો આપી જ છે. કોઈ બાળક શક્તિ-તાલંત વગરનો નથી. તમે ભીરુ ન બનો.

લઘુતાગ્રંથિથી પીડાશો નહિ. અને આવાં બાળકો જો જોવા મળે તો તેમને પ્રેમથી આવકારો તેને તિરસ્કારી દૂર ન રાખો. તમે મિત્રતા કેળવો અને તેના પ્રત્યે તમારું વલણ સહાનુભૂતિપૂર્વક રાખો.

દોસ્તો, "પ્રભુ ઈસુ કહે છે કે તમે તો રાજમાન્ય યાજક વર્ગ, મારા લોક, મારી પ્રજા છો મેં તમને પસંદ કર્યા છે."

અહો! કેવું સુંદર, આપણે તો ઈશ્વરપિતા રાજાધિરાજ, રાજાઓનો રાજા પ્રભુઓના પ્રભુ જીવંત ઈશ્વરના સંતાનો છીએ. કંઈ સામાન્ય નથી. અસામાન્ય વિશિષ્ટ છીએ.

પ્રભુ ઈસુ કહે છે, તમે જગતનું અજવાળું છો. તમે પહાડ ઉપર વસાવેલું નગર છો. પ્રભુ ઈસુ કેવું સંબોધન કરે.

ચાલો, દોડી જઈએ પ્રભુ ઈસુ પાસે. તે બાળકોને ચાહે છે. કહે છે કે, બાળકોને મારી પાસે આવવા દો!

❖ ❖ ❖

# ૧૫ એક સુવાર્તિકનો સવાલ

એક ગામ હતું. ગામમાં પેસતાં જ મેદાન આવે. મેદાનમાં લીમડાં, વડલાના ઝાડ. ઘટાદાર ઝાડ ઉપર જાતભાતનાં પંખીઓ રહે. ચોમાસામાં મોર ટહૂકા કરે, વસંતઋતુમાં કોયલડી ટહૂકા કરે, પાનખરમાં પારેવડાં ઘૂ... ઘૂ... ઘૂ... કરે. પેલાં મેના, પોપટ, કાબર, ચકલાં કલરવ કરે. બધાં પંખીડાં પોતપોતાની વાણીમાં, પોતપોતાની રીતે જગતના સરજનહારની સ્તુતિ કરે, આરાધના કરે, ભક્તિ કરે. પ્રભુના બનાવેલાં આ પંખીડા, પ્રભુમાં આનંદ કરે છે. જેઓ પ્રભુમાં જીવે, પ્રભુની ભક્તિ કરે, તે તો પ્રભુમાં સદા આનંદ કરે છે.

મેદાનની વચ્ચે નાનકડું પરંતુ સોહામણું પ્રભુમંદિર. પ્રભુમંદિરના દરવાજા સામે બે ઓરડાની એક પ્રાથમિક શાળા. પ્રાથમિક શાળાની પરસાળમાં તે ગામના ટાબરિયાં છોકરાં શાળા શરૂ થતાં પ્રાર્થના કરે અને વિરામ સમયે મેદાનમાં ધીંગા મસ્તી કરે, મજા કરે. સાંજ પડે શાળા બંધ થાય છોકરાં પોતપોતાના ઘરે જાય. શાળાની પરસાળ સૂની પડે. ગામમાં આવતાં જતાં ગામલોક ઘડીક પરસાળમાં બેસી પોરો ખાય, થાક ખાય. સાંજ પડે ગામના ઘરડાં, બુઢ્ઢા પરસાળમાં બેસી અલકમલકની વાતો કરે. ક્યારેક કોઈ મુસાફર ગામમાં આવી ચડે, તો પરસાળમાં રાત વાસો કરે.

એક દિવસની વાત છે. ફાટેલાં-તૂટેલાં કપડાં પહેર્યાં છે. ખભે ઝોળી લટકાવી છે. લાંબી મુસાફરીથી થાકેલો એક સુવાર્તિક

ત્યાં આવી પહોંચ્યો. ગામ-પરગામ સુવાર્તા પ્રચાર કરી તે થાક્યો હતો. સાંજ ઢળવા આવી હતી. સુંદર મેદાન, ઘટાદાર વૃક્ષો, પક્ષીઓનો મધુર અવાજ, સોહામણું પ્રભુમંદિર. આ બધું જોઈ મનોમન સુવાર્તિકે ઈશ્વરનો આભાર માન્યો. સુવાર્તિકે શાળાની પરસાળમાં જ રાતવાસો કરવાનો વિચાર કર્યો.

સાંજ ઢળતી જતી હતી. રાત્રી પાસે આવતી હતી. સુવાર્તિકે ઝોળીમાંથી પવિત્ર શાસ્ત્ર-બાઇબલ કાઢી વાંચ્યું. પૃથ્વી જેનું પાયાસન છે તેવા અમારા દેવ યહોવાહ. પ્રાર્થના કરી અને બાઇબલ વાંચન, પ્રાર્થના કરી ઝોળી એક તરફ મૂકી તેણે ફાટેલી તૂટેલી શેત્રંજી પાથરી શરીર લંબાવ્યું. તે સૂઈ ગયો. હજી તે સૂતો હતો તેટલામાં સીમમાંથી ઘર તરફ પાછા ફરતા એક વૃદ્ધ વડીલ ત્યાં આવી ઊભા રહ્યા. વૃદ્ધ વડીલના હાથમાં લાકડી હતી ધોતી-ઝભ્ભો પહેર્યાં હતાં, ભરાવદાર મૂછો હતી, તેના દેખાવ ઉપરથી તે ખાધેપીધે ઘણાં સુખી લાગતા હતા. વગદાર લાગતા હતા. વડીલ આ નાનકડા ગામના મુખી હતા. આ વૃદ્ધ વડીલે પોતાનો રૂઆબ પાડવા પેલા સૂતેલા સુવાર્તિકને ઢંઢોળતા કહ્યું,

“અલ્યા.... એ... ઈ... કંઈ ભાન પડે છે? આમ તે કંઈ સૂવાતું હશે? તને શરમ નથી લાગતી... આ તારા ટાંટિયાં તો જો, દેવળની સામે રાખી સૂતો છું તે, દેવળ તો પ્રભુનું ધામ કહેવાય. પ્રભુનું ઘર કહેવાય. કંઈ સમજણ પડે છે? ઊઠ, સીધો સૂઈ જા.” સફાળો સુવાર્તિક આંખો ચોળતો બેઠો થયો.

સુવાર્તિકે પ્રથમ તો પેલા વૃદ્ધ વડીલને સલામ કરી. સુવાર્તિકે જરાય ગુસ્સે થયા સિવાય બહુ વિનયથી નમ્રભાવે કહ્યું, "વડીલ સાહેબ! મને માફ કરશો. મારી ભૂલ થઈ છે."

સુવાર્તિક થોડીવાર વૃદ્ધ વડીલને નખશિખ જોઈ રહ્યો. "વડીલ સાહેબ, એક વાત પૂછું?"

"ઈશ્વરનું ધામ ક્યાં નથી? ઈશ્વરનો વાસ ક્યાં નથી?

આપ મને જણાવો, હું સભાન બની તે પ્રમાણે સૂઈ જાઉં." વૃદ્ધ વડીલ વિચારમાં પડી ગયા. સુવાર્તિકને શો જવાબ આપવો?

વડીલ છોભીલા પડી ગયા. તેમનું મોં લેવાઈ ગયું. તેમને ભૂલ સમજાઈ. સુવાર્તિકના પ્રશ્નનો જવાબ તેમની ભીતરમાં હતો.

"ઈશ્વર ક્યાં નથી? ઈશ્વર તો સર્વત્ર છે."

ઉત્તર દક્ષિણ, પૂર્વ પશ્ચિમ, ઈશાન અગ્નિ, નૈઋત્ય વાયવ્ય, આકાશમાં, પૃથ્વી ઉપર સર્વત્ર પ્રભુનો વાસ છે.

અરે, માણસનું શરીર પણ દેવનું મંદિર છે.

વૃદ્ધ વડીલ, પ્રેમભાવથી સુવાર્તિકને ભેટ્યા. વૃદ્ધ વડીલે કહ્યું,

"ઊઠો ભાઈલા, ઊભા થાઓ, અહીં આમ તે કાંઈ એકલા સૂવાતું હશે!"

"આ તો પ્રભુનું ગામ છે. પ્રભુનું ધામ છે. પ્રભુના ગામમાં પ્રભુના લોક રહે છે. તમે પ્રભુના સેવક છો, મારા ઘરે પધારો. અમારા મહેમાન બનો. અમને આનંદ થશે."

વૃદ્ધ વડીલ સુવાર્તિકને ખભે વહાલથી હાથ મૂકી, પોતાના ઘર તરફ દોરી રહ્યા હતા. મનોમન બોલી રહ્યા હતા.

"જ્યારે હું ભૂખ્યો હતો, ત્યારે તેં મને ભોજન આપ્યું. જ્યારે હું તરસ્યો હતો, ત્યારે તેં મને પાણી પાયું. જ્યારે હું નિવસ્ત્ર હતો, ત્યારે તેં મને વસ્ત્ર પહેરાવ્યાં."

વૃદ્ધવડીલ અને સુવાર્તિકને ચાલ્યા જતાં જોઈ, હજી તો હમણાં જ ઊગી નીકળેલા તારલિયા આકાશમાંથી પૃથ્વી ઉપર જોતાં હસી રહ્યા હતાં.

❖ ❖ ❖

# ૧૬ ચતુરાઈ ભારે પડી

એક હતો વણઝારો, વણઝારો એક ગામથી બીજે ગામ સામાન લઈ વેપાર કરે. વણઝારા પાસે એક ઘોડો અને એક ગધેડું હતાં.

એક દિવસ વણઝારો તો ઘોડા અને ગધેડા ઉપર ખાંડની ગુણો લાદી વેપાર કરવા નીકળ્યો. આગળ આગળ વણઝારો ચાલે છે પાછળ પાછળ ઘોડો અને ગધેડું ચાલ્યા જાય છે. ચાલતાં ચાલતાં ગધેડાએ ઘોડાને કહ્યું,

"જુઓને ઘોડાભાઈ! આ આપણો માલિક કેટલો ખરાબ છે? આપણા બંને ઉપર કેટલો બધો ભાર લાદે છે. પેટ પૂરતું ખાવાનું પણ આપતો નથી. હવે મારે વણઝારાને બરાબર ખબર પાડવી પડશે!"

ઘોડાએ કહ્યું, "ભાઈ, ધીરજ રાખો. સહુ સારાં વાનાં થશે." ગધેડાએ તો ઘોડાની વાતને ધ્યાનમાં લીધી નહિ. રસ્તે ચાલતાં ચાલતાં એક તળાવ આવ્યું. ગધેડું તો લાગ જોઈ વણઝારાની નજર ચૂકવી, પાણી પીવાના બહાને તળાવના પાણીમાં ઊતર્યું. નીચા નમી ગુણની ખાંડને સારી રીતે ભીંજવી ભાર હળવો કર્યો. ગધેડું તો લહેરથી ચાલવા લાગ્યું.

વણઝારાને ગધેડાની ચતુરાઈભરી કરામતની ખબર પડી ગઈ. વણઝારાએ પણ ગધેડાને બોધપાઠ આપવાનું નક્કી કર્યું. પાછા ફરતાં વણઝારાએ ઘોડા અને ગધેડાની પીઠ ઉપર એક એક રૂ ભરેલો મોટો કોથળો મૂક્યો. તેજ રસ્તે ચાલવા માડ્યું. રસ્તામાં પેલું તળાવ આવ્યું.

સ્વભાવ પ્રમાણે ગધેડું તો ભાર હળવો કરવા તળાવના પાણીમાં ઊતર્યું. પીઠ ઉપરના કોથળાને આ વખતે તો બરાબર ભીંજવ્યો.

ગધેડાએ વણઝારા અને ઘોડાની પાછળ બિન્દાસ ચાલવા માંડ્યું. પણ આ શું? પીઠ ઉપરના કોથળાનો ભાર તો હળવો થયો નહિ. પરંતુ ઊલટાનો બોજ વધ્યો હતો. બોજને લીધે ચાલતાં ચાલતાં ગધેડું હાંફવા લાગ્યું.

ગધેડાથી ચાલી શકાતું નહિ. વણઝારાએ તે જોઈ ઉપરથી મારવા માંડ્યું.

ગધેડું ઘોડાને કહે... "ઘોડાભાઈ, ઘોડાભાઈ!

મારી ચતુરાઈભરી તરકીબ મને ભારે પડી!"

ઘોડાભાઈએ કહ્યું, "જુઓ ગધેડાભાઈ, જે લોકો માલિકને છેતરે છે, કામચોરી કરે, તેને દુઃખ સહન કરવું પડે છે."

જીવનમાં છળકપટ કરો, પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરી બીજાને છેતરો તો એવું જ થાય ને! માર ખાવો પડે!

❖ ❖ ❖

# ૧૭ બદસૂરત ચહેરો

એક હતું ગામ. આશાપુર તેનું નામ. આ ગામ બહુ નાનું..... બસો ત્રણસો ઘરની વસ્તીવાળું ગામ. એક ઊંચી ટેકરી ઉપર વસેલું છે. ટેકરીની નીચેની તરફના ભાગમાં ખૂબ નાના મોટા ઝાડવાં. વેલ-વેલીઓ. એમ જ કહો ને કે જંગલ જ આવે..... આ ટેકરીની નીચેની સમથળ ભૂમિ ઉપરની નાનકડી નેરો ગેઈજ રેલવે લાઈન પસાર થાય. આ પ્રદેશ પહાડી પ્રદેશ હતો જ્યાં જુઓ ત્યાં નાના મોટા પહાડો... એય.... વૃક્ષોનો તો પાર નહિ. જાત-જાતના વૃક્ષો અને કિલ્લોલ કરતાં પક્ષીઓ, પ્રાણીઓનો જંગલમાં મોટો વસવાટ. ગામ ઘણું સોહામણું લાગે.

આ ગામના છેવાડે એક નાનકડું ઘર... ખોરડું... તેમાં એક વૃદ્ધ વિધવા રહે. તેને બે સંતાન હતાં. એક દીકરો અને એક દીકરી હતાં. દીકરી મોટી થઈ પરણાવી સાસરે ગઈ. દીકરો નાનો હતો. વિધવા માતા પાસે રહે. વીકી તેનું નામ. વીકી ખૂબ ડાહ્યો-ડમરો.... માનું કહ્યું માને. માની સેવા ચાકરી કરે. વિધવા માતા ગામ આખામાં કહ્યાં કરે.... કે "ભાઈ મારો વીકી તો બહુ ડાહ્યો છે; મારો તો પડતો બોલ ઝીલી લે છે."

પણ મિત્રો, વીકી જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેને મિત્રો વધતા ગયા. વીકીને મિત્રોનો પાર ન રહ્યો. બધા તેની આસપાસ વીંટળાએલા રહે. બસ વીકી જ્યાં જાય ત્યાં; શાળામાં કે ઘરમાં; ગામમાં કે પરગામમાં, તેની સાથે મિત્ર તો હોય જ.

અરે ભઈલા! વીકીને મિત્રો બહુ, પણ બધા કંઈ થોડા સારા હોય છે? વીકીના મિત્ર મંડળમાં આવાં ત્રણ ચાર મિત્રો હતાં જે ખૂબ

તોફાની અને છાનાછપના ખરાબ કામ કરનારા. ઉપરથી ઉજળા દૂધ જેવા, ભીતરથી તો કાળા કોલસા જેવા.

આ ત્રણ ચાર મિત્રો સાંજે ગામને નાકે ભેગાં થાય. ત્યાં એક પાનવાળાના ગલ્લા ઉપર બીડી, સિગારેટ વેચાય, ગુટખા મસાલા વેચાય. ભાતભાતનાં જર્દા વેચાય. પેલા મિત્રો આ બધી વસ્તુઓ ખરીદે.. ખાય, પીએ.... મોજમજા માણે. વીકી શરૂઆતમાં તો આ બધાથી દૂર રહેતો. મિત્રોને આવું બધું ન ખાવા આગ્રહ કરતો... પરંતુ એ બધું લાંબો સમય ચાલ્યું નહિ. પેલા શિયાળ જેવા લુચ્ચા મિત્રોએ વીકીને ભરમાવ્યો. શરૂઆતમાં તેને સાદી સોપારી આપી કહ્યું, લે, વીકી. ખાને અલ્યા આ તો ચોકખી સોપારી છે. પછી ધીમે ધીમે મસાલાની મસળેલી સોપારી આપી. વીકીએ તે પણ ખાધી. આમ ખરાબ મિત્રોની ચાલમાં વીકી જબરો ઝડપાઈ ગયો. ધીમે ધીમે સમય જતાં ખુદ પેલા મિત્રો જેવો જ બની ગયો. તે પણ તમાકુવાળા પાન મસાલા ખાતાં શીખી ગયો. બીડી સિગારેટ પીતો થઈ ગયો.

આ બાજુ વીકીની વિધવા માને કંઈ ખબર ન પડી. વીકી બધું તેમનાથી છાનું રાખે. મા આગળ તો ખૂબ ડાહીડમરી વાતો કરે. માને પણ ખુશ ખુશ રાખે. વિધવા માતા એક નાનકડી શાળામાં તેડાગરનું કામ કરે. તેમાંથી જે કંઈ પૈસા આવે અને બીજા વીકીના મૃત્યુ પામેલા પિતાના પેન્શનમાંથી આ વૃદ્ધ વિધવા માતા વીકી અને પોતાનું ભરણપોષણ કરે. આમ જોતજોતામાં વીકીએ પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યો. બાજુના એક મોટા ગામની માધ્યમિક શાળામાં તેણે પ્રવેશ મેળવ્યો. પેલા મિત્રોની સોબત તો ચાલુ જ રહી. બાજુના ગામમાં જવા આવવા

માટે ટ્રેઈનના સમય સારા ગોઠવાયેલા. એટલે બધા જુવાન છોકરા છોકરીઓ પેલી નેરોગેજ ટ્રેઈનમાં બેસી ધિંગામસ્તી કરતાં કરતાં બાજુના ગામે જાય. સાંજ પડે પાછા ફરે. આમ તો સાતેક વાગે ટ્રેઈન પાછી ફરે તેમાં બધાં વિદ્યાર્થીઓ પાછાં આવી જાય. વીકીની માતા પણ સાત વાગે ઘરે આવી જાય. વીકી માટે જમવાનું તૈયાર કરી મૂકી રાખે. વીકી જેવો આવે તેવો જમવા બેસી જાય. બસ દિવસો તો પસાર થતા ચાલ્યા. એક દિવસ વીકીની માતાને વીકીના બુશશર્ટના ખિસ્સામાંથી બે પડીકાં જડ્યાં. જોયું તો એકમાં તમાકુ અને બીજામાં ચૂનો હતો. વીકીને આ વસ્તુઓ ખાતો જોઈ માનું હૈયું ચિરાઈ ગયું. મા વીકીની ગેરહાજરીમાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. માને વીકીના પિતાની યાદ આવી. કેવો ભલો ભોળો એ માણસ! જેણે જિંદગીભર કોઈ વ્યસનનો પડછાયો સુદ્ધાં પોતાના જીવનમાં પડવા દીધો નહોતો. તેનું આ સંતાન વીકી આમ વ્યસની બને.... વિધવા માતાનું હૈયું પોકારી ઊઠયું ના..... ના..... હું મારાં વીકીને ગમે તે ભોગે વ્યસની તો નહિ જ થવા દઉં. ઘરની દીવાલ ઉપર પ્રભુ ઈસુની એક મોટી છબી હતી. જેમાં પ્રભુ ઈસુનું પવિત્ર હૃદય દર્શાવ્યું હતું. અને તેમના હાથ ઉપર ભાલાના ઘાના લોહીવાળા નિશાન હતા. વીકીની માતાએ જઈ ઘૂંટણિયે પડી પ્રાર્થના કરી. 'પ્રભુ તું નવ્વાણું ઘેટાંઓને સહીસલામત તારા વાડામાં પૂરી ખોવાયેલાં એક ઘેટાને શોધવા નીકળે છે. પ્રભુ તારો દીકરો વીકી તારા વાડામાંથી બહાર ચાલ્યો ગયો છે તેને ફરીથી લઈ આવ.' વીકીની માતાએ વીકીને પ્રેમથી સુધારવા પ્રયત્નો શરૂ કર્યાં. તેને ખૂબ સમજાવ્યો, શિખામણ આપી. વીકીના

મિત્રો ઉસ્તાદ નીકળ્યા. તેને ધીમે ધીમે દારૂની લતે ચડાવી દીધો. વીકીની માતાને ખબર પણ ન પડી. વીકી દારૂ પીતો થઈ ગયો..... વિધવા માતાએ પ્રાર્થના ચાલુ રાખી.

એક ગોઝારા દિવસે મધ્ય રાત્રિના બાર વાગ્યા હતા. વીકીની માતા ઘરનાં ઉંબરામાં વીકીની વાટ જોતી બેઠી હતી. તેની આંખો આંસુઓથી ભરેલ હતી. તેનાં અંતરમાં વેદના હતી. મારો વીકી ક્યાં હશે? કેવા મિત્રોની વચ્ચે બેઠો હશે? શું કરતો હશે. કોઈ દારૂડિયાઓની મહેફિલમાં બેઠો હશે. કોઈ જુગારીઓની વચ્ચે બેઠો બેઠો પત્તાં રમતો હશે. આ વૃદ્ધ વિધવા માતા... અંધારી રાત્રે શોધવા પણ ક્યાં જાય.... સતત ચોધાર આંસુએ રડે અને પ્રાર્થના કરે. 'પ્રભુ.... પ્રભુ! તારા સંતાનને આમ ત્યજી ન દે! તેની સાથે પ્રભુ વાત કર! વીકી સાથે.... પ્રભુ તારા પવિત્ર આત્મા વડે તેના મનને.... હૃદયને શુદ્ધ કર. મારા વીકીને સુધાર!' તે રાત્રે વીકી ખૂબ દારૂ પી ઘરે આવ્યો. તેના મુખમાંથી ખરાબ બદબૂ આવતી હતી. તેના વસ્ત્રો ગંધાતાં હતાં. વીકીની માતા તેના હાલહવાલ જોઈ રડી ઊઠી. તેનો જીવ રૂંધાવા લાગ્યો. બેભાન થવા લાગી. હિંમત એકઠી કરી. જરા સ્વસ્થ થઈ, વીકીની ખૂબ સેવા ચાકરી કરી તેને ઊંઘાડી દીધો. બીજા દિવસે વીકી ઊઠયો. તેની માતાએ તેને ઠપકો આપ્યો તો તેણે ખૂબ ઝઘડો કર્યો અને વીકી ઘરબાર છોડી ચાલ્યો ગયો. વીકીની માતા ખૂબ રડી રહી.... પવિત્ર શાસ્ત્રનું વચન યાદ આવ્યું.

'જે અંજીરીની જે ડાળી સૂકાઈ જાય છે, જેને ફળ આવતાં નથી તેને અલગ કરી દેવાય છે.' માતાએ ધીરજ ધરી.... સતત પ્રાર્થના....

પવિત્ર શાસ્ત્રના મનનમાં લાગુ રહી.... વર્ષો વીતતાં ચાલ્યાં. વીકી ક્યાં ગયો શું થયું? કંઈ ખબર ન પડી. વૃદ્ધ વિધવા માતાએ કમર કસી. એકલી અટૂલી નાનકડા ખોરડામાં એક પછી એક દિવસ વીતાવવા લાગી. વર્ષો વહી ગયાં. સાત આઠ વર્ષના વહાણાં વાઈ ગયાં. એક ડિસેમ્બર માસના પાછલા દિવસોંમાં વીકીની માતાને એક પત્ર મળ્યો તેમાં લખ્યું હતું....

વહાલી મા!

પ્રભુ ઈસુના નામમાં તારાથી તરછોડાયેલા દીકરા વીકીની પ્રેમી સલામ.

વહાલી મા... મેં તને દુભવી છે. હા, મેં તને છેતરી તારી આશાઓ ઉપર પાણી ફેરવી વાળ્યું. તારા જીવતરને ધૂળમાં રગદોળ્યું. મેં તમારી સામે બંડ પોકાર્યું. આમ કરી હું પ્રભુનો ગુનેગાર બન્યો. પ્રભુને મેં મારા દુષ્ટ કૃત્યો વડે વધસ્તંભે જડયા, મારા શેતાની કૃત્યો વડે તેને ભાલે વીંધી નાખ્યો. મારા મગજમાં ખરાબ વાસનાઓ મેં સેવી. પ્રભુના માથે કાંટાનો તાજ મૂક્યો. મારા બદઇરાદાથી હું તેના ગાલ પર થૂંક્યો..... ઓ... મા..... મા.... મેં શું શું નથી કર્યું? હું પાપી છું. મારા પાપની કોઈ સીમા નથી રહી. પરંતુ ધન્ય હો જો એ પાવનકારી ઈશ્વર પિતાને... કે તેણે મને આ પાપમાંથી બચાવ્યો. મારું બદલાણ થયું છે. પરંતુ વહાલી મા. આ બધું તું નહિ માને! હું ઘરે પાછો ફરવા ચાહું છું તું મને અપનાવીશ ખરી? ભૂતકાળમાં સારાં સારાં વાક્યોથી.... મીઠી જબાનની મેં તને છેતરી છે. તું ભોળીભટાક... તું પણ છેતરાતી જ રહી અને અંતે હું શેતાનના હાથમાં ફસાયો. પરંતુ મને જો કોઈએ બચાવ્યો હોય તો તે તારી પ્રાર્થના છે તેમ હું

માનું છું. તારો દીકરો કહેવડાવવાને લાયક નથી. હું શું મોઢું લઈ તારી પાસે આવું?

વહાલી મા, જો તું મને હજીએ ચાહતી હોય... મને અપનાવવા ઇચ્છતી હોય તો તા. ૨૩મીની સાંજે હું ૫-૪૫ની ટ્રેઈનમાં આપણા ગામ આગળથી પસાર થઈશ. આપણા ઘરના આંગણામાં જે લીમડાનું ઝાડ છે તે ઝાડ ઉપર તું એક વાંસડા ઉપર ધજા બાંધજે. હું ટ્રેઈનમાંથી તે જોઈશ. અને હું તારી પાસે આવીશ..... બસ..... તારી ઇચ્છા......

લિ.

તારા ખોવાયેલો દીકરો

વીકી.

બરાબર ડિસેમ્બર માસની ૨૩મી તારીખ સાંજની ૫-૪૫ની પેલી નેરોગેજ રેલવે લાઈન ઉપરથી પસાર થતી ટ્રેઈન છૂક.... છૂક.... છૂક..... કરી ચાલી જાય છે. એક ડબ્બામાં બે ચાર પ્રવાસી બેઠા છે. તેમાં એક પ્રવાસીનું મોઢું જુઓ તો જોવું પણ ગમે નહિ તેવું છે. તેના જડબાનો નીચેનો ભાગ ઓપરેશન કરી કાઢયો છે. પ્લાસ્ટિક સર્જરી કરી છે. મોઢું નાકની ડાબી બાજુ તરફ વળી ગયું છે. પ્રવાસી મુસાફર બારીમાંથી સતત તાકી રહ્યો છે. બરાબર પેલી ટેકરીવાળો રસ્તો આવ્યો. આ પ્રવાસીએ ઇંતેજારથી જોયું તો શું દેખાયું.... લીમડાનું એકલું અટુલું ઝાડ જે સૂકાઈ જવા આવ્યું છે. જેના પાંદડાં પીળાં પડ્યાં છે. પરંતુ અહા.. હા... કેવું સુંદર ધજાપતાકાથી શણગારેલું છે.એક નહિ, હજારો રંગબેરંગી ધજાપતાકાથી શોભી રહ્યું છે. અને તેની એક મજબૂત ઊંચી ડાળી ઉપર વાંસડે બાંધેલી એક સફેદ ધજા ફરકે છે.,

પેલો મુસાફર ચોંકી ઊઠ્યો. ટ્રેન સ્ટેશન ઉપર થોભી. નાનકડી શૂટકેશ લઈ દોડવા લાગ્યો. ગામના છેડે આવેલા પેલા નાનકડા ખોરડામાં પહોંચી ગયો. તો શું જોયું. વિધવા માતા પથારીવશ હતી. બાજુમાં પવિત્રશાસ્ત્ર હતું અને તેનો એક હાથ પવિત્રશાસ્ત્ર ઉપર મૂકાયેલો હતો. બીજો હાથ છાતી ઉપર હૃદયના ભાગે હતો., પેલો વાંકાં મોંવાળો પ્રવાસી... વીકી... તેના માતાના ખાટલા આગળ રડી રહ્યો હતો. વૃદ્ધ વિધવા માતાએ સહેજ આંખો ખોલી. ચોંકી ઊઠી. પેલા ઓપરેશનવાળા બિહામણા ચહેરાને જોયું પરંતુ બીજી પળે તેણે બીજા હાથેથી એ ચહેરાને પાસે લીધો. અને ખૂબ જ વહાલથી તેને ચૂમી લીધું. અને આંખ મીંચાઈ ગઈ. વીકી ઊઠ્યો....

તેણે દૂર રહેલા કબાટમાં પોતાનું પ્રતિબિંબ જોયું. કેવો બદસૂરત ચહેરો. ખૂબ ૧૩૫ના મસાલા ખાધા. દારૂ પીધો. કેન્સર થયું. ઓપરેશન થયું. ચહેરો બદસૂરત બન્યો. અને બદલાણ થયું. તેનો નવો જન્મ થયો. આખી ઘટમાળ પ્રસંગોની હારમાળા તેની સામે આવી ઊભી.

નાતાલના દિવસે જ્યારે ઘંટ વાગ્યો ત્યારે ચિક્કાર પ્રભુમંદિરમાં પાળક સાહેબની જોડેની ખુરશીમાં બદસૂરત ચહેરાવાળો વીકી બેઠો હતો. સફેદ લેંઘા ઝભ્ભામાં.. તેના ખભે ભરાવેલી થેલીમાં પવિત્રશાસ્ત્ર, ભજન સંગ્રહ હતાં. તેણે પોતાના બદલાણની સાક્ષી આપી, અને જુવાનોને વ્યસન મુક્ત રહેવા સંદેશો આપ્યો. તેણે કહ્યું, મિત્રો, જુઓ આ બદસૂરત ચહેરો... મારા પાપો... દુષ્ટકૃત્યોની નિશાની છે.... પ્રભુ ઈસુનો

આજે જન્મ દિવસ છે. ગભાણમાં સૂતેલું આ બાળ કેવું મધુરું લાગે છે. શું મોટું થતાં તેને તમે તમારા દુષ્ટકૃત્યો વડે સ્તંભે વીંધાવા દેશો... અત્યારથી જ વિચારો... પાછા ફરો... પસ્તાવો કરો...

વીકીના શબ્દો પ્રભુમંદિરમાં સતત ગૂંજતા રહ્યા.

❖ ❖ ❖

# ૧૮ ભદ્રમુખ અને શૂદ્રક



ભદ્રમુખ નામે હરણ હતું. શૂદ્રક નામે કાગડો હતો. બંને એક જ જંગલમાં રહેતા હતા. બંને વચ્ચે દોસ્તી હતી. ભદ્રમુખ હરણ શાકાહારી હતું, શૂદ્રક કાગડો માંસાહારી હતો. બંનેની પ્રકૃત્તિ, ખોરાક ભિન્ન હતાં છતાં બંને વચ્ચે દોસ્તી હતી. શૂદ્રક કાગડો લુચ્ચો, સ્વાર્થી હતો. ભદ્રમુખ હરણ ભોળું, દયાળુ હતું. બંને મિત્રો સાથે જ જંગલમાં હરેફરે, મજા કરે. ભદ્રમુખ હરણ અને શૂદ્રકની જોડી વારંવાર જંગલમાં દેખાયા કરે. ઘણા પ્રાણીઓ આ બંનેની મિત્રતા જોઈ વિચાર કરે, નવાઈ પામે.

એક દિવસ ચતુર સૂજાણ શિયાળ, જંગલમાં ફરવા નીકળ્યું. તેણે એકલા ભદ્રમુખ હરણને ઘાસ ખાતું જોયું. ચતુર સૂજાણ શિયાળે મનોમન વિચાર્યું. 'આમ તો આ ભદ્રમુખ હરણ અને શૂદ્રક

કાગડો સાથે જ જંગલમાં ફરતા હોય છે. ભદ્રમુખની પીઠ ઉપર શૂદ્રક હમેશાં બેઠેલો જોવા મળે છે. જ્યારે આજે આ ભદ્રમુખ હરણ એકલું શા માટે ચરે છે?'

શિયાળ મનોમન બોલ્યું, 'ચોક્કસ દાળમાં કંઈક કાળું છે!' શિયાળ, ભદ્રમુખ હરણ પાસે ગયું. બોલ્યું, 'મિત્ર ભદ્રમુખ! તું આજે આમ એકલો અટૂલો કેમ ફરે છે?'

ભદ્રમુખે કહ્યું, 'શિયાળભાઈ, મારો મિત્ર શૂદ્રક મારા માટે લીલા ઘાસના બીડની શોધમાં ગયો છે, ચતુર સૂજાણ શિયાળને ભદ્રમુખ હરણનું ભોળપણ જોઈ હસવું આવ્યું. ચતુર સૂજાણ શિયાળ બોલ્યું. 'ભદ્રમુખ! મહાપુરુષોએ કહ્યું છે કે સમાન પ્રકૃત્તિવાળા, વિચારવાળા સાથે મિત્રતા કરવી જોઈએ. આ તમે શાકાહારી પ્રાણી છો. જ્યારે શૂદ્રક તો માંસાહારી પક્ષી છે. તમને આ મિત્રતા ક્યારેક ભારે પડશે હોં!' આમ કહી ચતુર સૂજાણ શિયાળ ભદ્રમુખ હરણને ચરતું છોડી દૂર જંગલમાં ચાલ્યું ગયું

બીજા દિવસે શૂદ્રક કાગડો કા, કા, કરતો હસતો હસતો હરણ પાસે આવ્યો. તેણે કહ્યું, 'મિત્ર ભદ્રમુખ, હું તારા માટે સુંદર લીલા ઘાસનું બીડ શોધી આવ્યો છું. જંગલના દક્ષિણ ખૂણામાં નદી છે. નદી કિનારે ઊંચા ઘાસનું બીડ આવેલું છે. તું આવતીકાલે મારી સાથે આવજે. તને મજા પડશે.' શુદ્રક કાગડો ભદ્રમુખ હરણને જોઈ તેનું માંસ ખાવા અધીરો બન્યો હતો. તેણે હરણને મારી નાખવાની યોજના બનાવી હતી. શુદ્રક કાગડો એક શિકારીને મળ્યો હતો. તેણે શિકારીને કહ્યું હતું, 'આ જંગલમાં એક રૂષ્ટ પુષ્ટ હરણ છે. મને ઘણાં દિવસથી તેનું માંસ ખાવાની ઇચ્છા થઈ છે.' શૂદ્રક કાગડાએ પોતાની યોજના બતાવી.

'હું આવતીકાલે હરણને લઈને આ બીડમાં આવીશ. હું હરણની પીઠ ઉપર બેસી, તેને દોરી લાવીશ. તું ઘાસના બીડમાં સંતાઈ રહેજે. હું જ્યારે કા કા કરું ત્યારે તું તીર મારી હરણનો શિકાર કરજે. આપણે ભાગીદારીમાં હરણનું માંસ વહેંચી લઈશું.'

શૂદ્રક કાગડાની કપટજાળમાં ભોળું હરણ ફસાયું. ભદ્રમુખ હરણ, શૂદ્રક કાગડાનું દોરવાયું ઘાસના બીડમાં આવ્યું હતું. આજ સમયે ઘાસના બીડમાં શિકારી પણ સંતાઈ બેઠો હતો. ભદ્રમુખ હરણની પીઠ ઉપર બેઠેલો શૂદ્રક કાગડો કા કા કા કરવા લાગ્યો. ઘાસના બીડમાં છૂપાયેલા શિકારીને જોઈ ઝાડ ઉપર બેઠેલાં બીજાં પક્ષીઓએ બીકનાં માર્યા કલબલાટ કરી મૂક્યો.

આ બાજુ શિકારીએ લાગ જોઈ હરણને તાકીને તીર છોડ્યું. ભદ્રમુખ હરણને શિકારીની ગંધ આવી જતાં તે સજાગ બન્યું. કૂદકો મારી ભાગ્યું. શિકારીનું તીર હરણનું નિશાન ચૂકી ગયું. પરંતુ હરણની પીઠ ઉપરથી ઊડતા શૂદ્રક કાગડાને આરપાર વીંધતું નીકળી ગયું. ભદ્રમુખ હરણ બચી ગયું. શૂદ્રક કાગડો મરણને શરણ થયો.

આ સમયે એક લાવરી કોલાહલથી, બીકના માર્યા બચ્ચાંને લઈ બીડમાં સલામત સ્થળે જતી હતી. લાવરીએ બચ્ચાંને શિખામણ આપતાં કહ્યું, 'જુઓ બચ્ચાં, હમેશાં સરખી પ્રકૃતિવાળાં સાથે મિત્રતા કરવી.'

**સારા આચાર વિચારવાળા સાથે મિત્રતા કેળવવી, શૂદ્રક કાગડાએ હરણ સાથે મિત્રતા કેળવી દગો કર્યો. તો તે પોતે જ શિકારીના તીરથી મરાયો. બીજાનું અહિત કરવા જતાં પોતાનું જ અહિત થાય છે.**

❖ ❖ ❖

# ૧૯ ગુરુ શિષ્ય

ઘણા જૂના સમયમાં જેનીથ નામે સાધુઓનો સંપ્રદાય હતો. એમ કહેવાય છે કે આ સાધુઓ સંન્યાસી વ્રત ધારણ કરતા. કંતાનના વસ્ત્રો પહેરતાં, દેવદેવીઓની પૂજા કરતા હતા. દેહદમન કરી ઈશ્વરની ભક્તિ કરવાથી ઈશ્વર રાજી થાય છે તેવું માનતા હતા. આવા એક સાધુના શિષ્યે પોતાના ગુરુજીને પૂછ્યું, "ગુરુજી! મારે ઈશ્વરને પ્રસન્ન કરવા છે. તેમને જોવા છે. તો મારે શું કરવું જોઈએ?"

ગુરુજીએ કહ્યું, "વત્સ! ઈશ્વરને કોઈ જોઈ શક્તું નથી. આ આંખો-ચર્મ ચક્ષુથી ઈશ્વરને જોઈ શકાય નહિ. તેને જોવા માટે તો દિવ્યચક્ષુ જોઈએ."

શિષ્ય નિરાશ થયો, દુઃખી થયો.

શિષ્યને નિરાશ, દુઃખી થયેલો જોઈ ગુરુજીએ કહ્યું, "વત્સ! પણ એક રસ્તો છે. તારી પાસે જે કંઈ હોય તે બધું ઈશ્વરને નામે ત્યાગી દે, છોડી દે તો તને ઈશ્વર મળશે."

શિષ્યે મનમાં સંકલ્પ કર્યો. તેણે પોતાની પાસે, રહીસહી જે કંઈ માલમિલકત, સાધનસામગ્રી હતી તે બધી ત્યાગી દીધી. જરૂરિયાતવાળા સહુ કોઈને આપી દીધી.

શિષ્ય પાસે પહેરવાના કંતાનના વસ્ત્ર, એક લાંબો ઝભ્ભો અને ભિક્ષાપાત્ર જે ગુરુજીએ આપ્યાં હતાં તેટલાં જ રહ્યા. શિષ્ય ખૂબ ખુશ થયો. ગુરુજી પાસે રહી દિનરાત ભક્તિ, ઈશ્વરની આરાધના કરવા લાગ્યો. ઘણો સમય પસાર થયો. વળી પાછો શિષ્ય ગુરુજી પાસે ગયો અને પેલો પ્રશ્ન દોહરાવ્યો. ત્યારે ગુરુજીએ

તે જ જવાબ આપ્યો કે, "તારી પાસે જે કંઈ હોય તે બધું ઈશ્વરને નામે ત્યાગી દે." શિષ્ય વિચારમાં પડ્યો. મારી પાસે જે કંઈ હતું તે મેં ત્યાગી દીધું છે તો પછી હવે શું ત્યાગવાનું બાકી છે? ખૂબ વિચાર કર્યો. પરંતુ કંઈ જવાબ મળ્યો નહિ. શિષ્યને સંતોષ થયો નહિ.

છેવટે શિષ્ય નિરાશ થઈ આમ તેમ ભટકવા લાગ્યો. ઈશ્વરમાંની તેની શ્રદ્ધા ડગવા લાગી, એક દિવસ ફરતો ફરતો પેલો શિષ્ય નદી કિનારે ગયો. તેને ખૂબ તરસ લાગી હતી. તેણે પાણી પીવા માટે પોતાનું કમંડળ ભિક્ષાપાત્ર ઝોળીમાંથી બહાર કાઢ્યું. અને નદીમાંથી તેમાં પાણી ભરી પીવા લાગ્યો. થોડું પાણી પીધું ત્યાં તરસ્યો થયેલો એક કૂતરો આવ્યો તે પણ નદીમાં પાણી પીવા લાગ્યો. શિષ્ય તેને જોઈ રહ્યો. કૂતરા પાસે ભિક્ષાપાત્ર તો હતું નહિ છતાં તેણે મોઢેથી પાણી પીધું. સંતોષ માની કૂતરો ચાલ્યો ગયો. શિષ્યે વિચાર્યું, મારાથી શું આ પાણી ના પીવાય? હાથના ખોબાથી પાણી ના પી શકાય? આ કમંડળથી જ શા માટે? તેણે પોતાની પાસે જે છેલ્લી વસ્તુ બાકી હતી તે કમંડળનો પણ ત્યાગ કર્યો. પાણીમાં વહેતું કર્યું. અને ચાલી નીકળ્યો. બાળદોસ્તો, ઈશ્વરને મેળવવા પ્રસન્ન કરવા શિષ્યે પોતાની પાસેની છેલ્લી રહેલી વસ્તુ પણ ત્યાગી દીધી. અને સંતોષ માન્યો.

જૂના પાઠ્યપુસ્તકોમાં લખાયેલી એક મજાની કવિતા યાદ આવી.

"મને કહોને, પરમેશ્વર કેવા હશે?
કેવા હશે? અને ક્યાં રહેતા હશે?
મને કહોને, પરમેશ્વર કેવા હશે?
મને અને મારી માડીને ખોળે,
હેતે ઝૂલાવનાર કેવા હશે? ..... મને કહોને ....

માનવી કદી ઈશ્વરને સાચા સ્વરૂપમાં જોઈ શક્તો નથી. ઓળખી શક્તો નથી. આપણા પવિત્રશાસ્ત્ર બાઇબલ પ્રમાણે ઈશ્વર માનવદેહે પધાર્યા. સનાતન ઈશ્વર માનવ બન્યા. સમસ્ત સૃષ્ટિના સરજનહારે માનવદેહ ધારણ કર્યો. ક્યાં? ક્યારે?

આશરે બે હજાર વર્ષ પહેલાં પેલા નાનકડા બેથલેહેમ ગામની ગભાણમાં માનવદેહે ઈશ્વર પધાર્યા. 'ઈસુ' તેમનું નામ. ઈશ્વર ઈસુમાં માનવજાત વચ્ચે આવ્યા. માનવી મધ્યે આવી વસ્યા. માનવી જેવું જીવન જીવ્યા. ઈસુના એક શિષ્યે કહ્યું, "ગુરુજી, અમને ઈશ્વર બતાવો. અમારે ઈશ્વરને જોવા છે ત્યારે ઈસુએ પોતાના એ શિષ્ય ફિલિપને કહ્યું, "ફિલિપ, આટલા વખતથી હું તારી સાથે છું, છતાં તું મને ઓળખતો નથી? જેણે મને ઈસુને દીઠો છે. તેણે ઈશ્વરપિતાને દીઠા છે. હું ઈશ્વરપિતામાં અને ઈશ્વરપિતા મારામાં વસે છે. (યોહાન ૧૪:૮ થી ૧૦ કલમ). જેવા ઈસુ તેવા ઈશ્વરપિતા. ઈસુનું માનવજીવન ઈશ્વરપિતાના પ્રેમની પ્રતીતિ કરાવે છે. ઈસુના આ પૃથ્વી પરના માનવ જીવનમાં ઈશ્વરનું પરાક્રમ પ્રગટ થાય છે. ઈસુ નામનો અર્થ થાય છે. "પાપમાંથી તારનાર" ઈસુ માનવજાતને પાપમાંથી છોડાવવા આવ્યા. માનવદેહ ધારણ કર્યો. મૃત્યુ પામ્યા અને ત્રીજે દિવસે મૂએલાંમાંથી સજીવન થયા.

ઈસ્ટરની પ્રભાતે, હાલેલૂયાહ, હોસાના! દેવના હલવાનનું રક્ત જે કાલવરીના વધસ્તંભે વહ્યું તે આપણને પાપમાંથી મુક્ત કરે છે. મારે અને તમારે સારુ સમગ્ર માનવજાતના પાપોને સારુ ઈશ્વરે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. એ સારુ કે જે કોઈ

તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય. પરંતુ અનંતજીવન પામે. કાલવરીના વધસ્તંભ દ્વારા આપણને અનંતજીવન પ્રાપ્ત થાય છે. આવો, આપણે તેનામાં વિશ્વાસ કરીએ. આપણા પાપોની કબૂલાત કરીએ. તે આપણા પાપોને શુદ્ધ કરે છે. અને આપણને અનંતજીવન આપે છે. આપણે પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરીએ.. આપણે તેની આરાધના કરીએ....

❖ ❖ ❖

# ૨૦ રૂપબા

એક નાનકડી છોકરી, નામ તેનું રૂપબા.

જેવું નામ તેવું રૂપ. સોનેરીવાળ, દાડમની કળી જેવાં દાંત, પરવાળાં જેવાં હોઠ, લટકતા કમળ દંડ જેવાં હાથ, હંસના જેવી ડોક, હસે ત્યારે ફૂલ વરસે, બોલે ત્યારે જાણે રૂપાની ઘંટડીઓ રણકી ઊઠે. વાહ ભાઈ, વાહ! ચૌદ વર્ષની રૂપબા સૌને ગમે તેવી.

પણ ભાઈ! આપણાં આ રૂપબાને રૂપનું બહુ અભિમાન હોં! વળી પાછાં રૂપબા તો નૃત્યકળામાં પણ હોશિયાર, તેમનો કંઠ પણ સૂરીલો. રૂપબા જ્યાં જાય ત્યાં ગર્વથી ડોક ઊંચી રાખી ઠસ્સો કરે. મનોમન વિચારે, મારા જેવું કોઈ રૂપાળું નથી. મારા જેવું કોઈ હોશિયાર નથી. બહેનપણીઓ આગળ પોતાના જ મુખે વખાણ કરતા બસ ધરાય જ નહિ. રૂપબા ખ્રિસ્તી કુટુંબમાં જન્મેલાં.

રૂપબા તો ગર્વથી ડોક ઊંચી કરી ચાલે. લટક-મટકતી ચાલ.

બીજાને પ્રભાવિત કરવા ચીપી ચીપીને બોલે. કોઈની સાથે વાતચીત કરે ત્યારે બીજાનું તો સાંભળે જ નહિ. બસ પોતાનું હાંકે રાખે. પોતે સર્વગુણ સંપન્ન છે તેવું માને. શાળામાં શિક્ષક આગળ પોતાના જ વખાણ કર્યા કરે. એમ જ કહો કે રૂપબા એટલે અભિમાનનું પૂતળું! રૂપબાના આવા વલણથી તેને બીજી છોકરીઓ સાથે બને નહિ. માબાપ રૂપબાના આવા વર્તન-વલણથી અજાણ ન હતા, છતાં ગુસ્સાવાળાં, ઠસ્સાદાર રૂપબા આગળ તેઓ ઝૂકી ગયેલાં. તેઓ રૂપબાના આવા વલણથી નાખુશ હતા. તેઓ ચિંતા કરતાં હતાં કે, જુવાનવયે આ રૂપબાનું શું થશે?

મિત્રો! રૂપબાના માતા પિતા જાણતા હતા કે, "સર્વ દુઃખનું ઓસડ પ્રાર્થના." તેઓ દઢ વિશ્વાસી હતા. પ્રભુ ઈસુએ કહ્યું છે કે જગતમાં તમને સંકટ છે પરંતુ બીહો મા જગતને મેં જીત્યું છે. માતાપિતાએ પ્રાર્થના કરી રૂપબાનું ઈશ્વરને સમપર્ણ કર્યું. આપણા પ્રશ્નો, સમસ્યા, દુઃખો ઈશ્વરને સોંપીએ, વધસ્તંભ આગળ લાવીએ તો હલ થાય. શાંતિ મળે, દુઃખ સુખમાં પલટાઈ જાય.

દોસ્તો! પ્રભુ ચાહે તેનું જીવન બદલી નાખે. રાયને રંક બનાવે, રંકને રાય બનાવે, ખૂનીને સંત બનાવે. આપણા જીવન તો ઈશ્વરને આધિંને છે.

મિત્રો! પ્રભુપિતા તો દુર્જનો, પાપીઓને પ્રેમ કરે છે. ચાહે છે. રૂપાળા રૂપબા, અભિમાની રૂપબા, ઠસ્સાવાળાં રૂપબા. ઈશ્વરના પ્રેમના પાત્ર બન્યાં. એક દિવસની વાત છે. રૂપબાને શાળાએ જવાનો સમય થયો. સુગંધીદાર સાબુથી નાહી લીધું, તિજોરીમાંથી મોંઘાદાટ કપડાં કાઢ્યાં, છૂટા વાળ લઈ, ડ્રેસિંગ ટેબલ આગળ આવ્યાં, લાંબા વાળના ચોટલાને હવામાં ઉછાળ્યો. હાથી દાંતનો કાંસકો હાથમાં લીધો. ડ્રેસિંગ ટેબલના અરીસામાં પોતાને જોતાં ઊભા રહ્યાં. વાળ ઓળવા લાગ્યાં.

પરંતુ એકાએક રૂપબાના હાથમાંથી કાંસકો નીચે સરી પડ્યો. રૂપબા કાંસકો લેવા નીચે વળ્યાં. ત્યાં હાથ વાગતાં સુગંધીદાર તેલની શીશી નીચે પડી ફૂટી ગઈ. તેલ ઢોળાઈ ગયું. રહ્યું સહ્યું તેલ એકઠું કર્યું. રૂપબા વાળ બનાવવા લાગ્યાં. રૂપબાની નજર અરીસામાં મંડાઈ. જોયું તો એક વરવું ચિત્ર અરીસામાં હતું. પ્રભુ ઈસુની માતા મરિયમને જોયાં. માથે હીરાજડીત સોનેરી મુગટ હતો.

માતાનાં ખોળામાં પોતાના વહાલસોયા પુત્ર પ્રભુ ઈસુનું શરીર હતું. ઈસુનું માનવ શરીર. ક્રૂસ ઉપરથી ઊતારેલું. અડધું માતાના ખોળામાં અને અડધું નીચે લટકતું હતું. લોહી નિતરતું હતું. અર્ધ મીંચીં આંખો માનવપાપોના અસહ્ય પાપના ભારથી દબાયેલી હતી. છતાં પાપીઓ માટેના વહાલથી પ્રેમ નિતરતી છે. કૂખમાં ભાલા વાગ્યાનો ઘા હજી તાજો હતો. હાથ પગે વાગેલા ખીલાના ઘામાં લોહી થીજી ગયું હતું. રૂપબા આ ચિત્ર એકી નજરે જોઈ રહ્યાં. રૂપબાને અરીસામાં પોતાની છાયાને બદલે આ શું દેખાયું?

રૂપબાએ પાછા વળી જોયું તો અરીસાની સામેની દીવાલ ઉપર એક કેલેન્ડર લટકતું હતું. આ પ્રતિછાયા અરીસામાં ઝીલાતી હતી. રૂપબા હેબતાઈ ગયાં. અવાક્ બન્યાં. ભોંય ઉપર પટકાઈ પડ્યાં. આંખો મીંચાઈ ગઈ. મન વિચારોના ચકરાવે ચડ્યું. રૂપબાનું આ રૂપ શા કામનું? દેહનું અભિમાન શા કામનું? પોતાના પાપોને સારુ પ્રભુ ઈસુ વધસ્તંભે વીંધાયા, મરણ પામ્યાં, સન્ડેસ્કૂલની વાતો યાદ આવી, શાસ્ત્ર અભ્યાસનું સ્મરણ થયું પિતાની પ્રાર્થના સફળ થઈ. માતા મરિયમ પોતાના પનોતા પુત્રનું લોહીથી તરબોળ માનવ શરીર નીચું મુખ ઢાળી એકનજરે જોઈ રહ્યાં છે. મરિયમ માતાનો એ આંખોમાંથી વહેતો નિર્મળ પ્રેમ ઈસુ ઉપર છવાઈ રહ્યો છે. માતાનો ત્યાગ, પ્રભુ ઈસુનું માનવ પાપનિવારણ કાજેનું બલિદાન....

બસ, રૂપબાનું બધું અભિમાન ધોવાઈ ગયું. પશ્ચાત્તાપનાં આંસુ વહે જતાં હતાં. પોતે કરેલાં પાપોની કબૂલાત કરી માફી માગી, રૂપબા નવો જન્મ પામ્યાં.

દોસ્તો! આજે એ રૂપબા નાનકડાં નથી રહ્યાં, યુવાનવયે પહોંચ્યાં છે. ઈસાઈ સાધ્વી બની રક્તપિત્તિયાંની હોસ્પિટલમાં માનવસેવા કરે છે. રૂપબા મટી સિસ્ટર નિર્મળા બન્યા છે.

❖ ❖ ❖

# ૨૧ કન્યાને પરણાવો!



એક હતું નાનકડું ગામ. ગામમાં ત્રણ જુવાન રહે. એક હતો સુથાર, બીજો દરજી અને ત્રીજો સોની હતો. ત્રણે પાક્કા દોસ્ત, સવાર-સાંજ ગામના ચોતરે ભેગા મળે. અલક-મલકની વાતો કરે. છૂટા પડે. કંઈ કામ ધંધો કરે નહિ. બસ ગામ ગપાટા હાંક્યા કરે, મસ્ત થઈ ફર્યા કરે. એક દિવસ ગામના ચોતરે ત્રણે દોસ્ત બેઠા હતા. ત્યાં ગામના સરપંચ ધીરુકાકા આવ્યા. ધીરુકાકા કહે, "અલ્યા છોકરાઓ, તમે આમ રખડ્યા કરો છો, તો કંઈ કામધંધો કરોને! આમ બાપના પૈસે શું તાગડધિન્ના કરો છો?"

ત્રણે મિત્રોની આંખ ઊઘડી, લાગી આવ્યું. તેમણે કંઈક કામધંધો કરવા નક્કી કર્યું. ત્રણે પાસે સુથાર, દરજી અને સોનીનો બાપિકો ધંધો તો હતો. બાપિકા ધંધામાં વધુ હસ્તકૌશલ્ય મેળવવાનો વિચાર

કર્યો. થોડા દિવસ પછી ત્રણે મિત્રો ગામ છોડી ચાલી નીકળ્યા. એક ગામથી બીજે ગામ, ચાલ્યા કર્યું. થોડા દિવસે એક નગર આવ્યું. નગરના પાદરમાં મોટું તળાવ હતું. તળાવની એક પાળે મંદિર હતું બીજી તરફ ધર્મશાળા હતી. આવતા જતાં વટેમાર્ગુઓ ધર્મશાળામાં રાતવાસો કરે. આ નગરના પાદરમાંથી ત્રણ રસ્તા જુદી જુદી દિશામાં જાય. ત્રણે મિત્રોએ ધર્મશાળામાં રાતવાસો કર્યો.

સવાર થતાં જાગ્યાં. તળાવમાં નાહ્યાં, તૈયાર થયા. આગળ મુસાફરી કરવા વિચાર્યું. સુથાર કહે, "જુઓ મિત્રો! આપણે અહીંથી જુદી જુદી દિશામાં જઈશું. દશ વર્ષ પછી ગુરુ પૂર્ણિમાંના દિવસે આજ ધર્મશાળામાં ભેગા મળીશું. પોતાના ગામ જઈશું." બધા કબૂલ થયા.

ત્રણે મિત્રોએ જુદી જુદી દિશામાં મુસાફરી આરંભી. સુથાર જે દિશામાં ગયો ત્યાં એક મોટું નગર આવ્યું. નગરમાં લાકડાની મૂર્તિઓ ઘડનાર, કાષ્ઠ શિલ્પી રહેતો હતો. તે ઘણો હોશિયાર હતો, પ્રખ્યાત હતો. સુથાર તેને ત્યાં રહી ગયો. લાકડાની મૂર્તિ બનાવવાનું કાષ્ઠ શિલ્પ શીખવા લાગ્યો. દરજી પણ એ જ રીતે નગરમાં ગયો. ત્યાં એક હોશિયાર દરજી હતો. તેને ત્યાં દરજીકામ શીખવા લાગ્યો.

સોની જે નગરીમાં ગયો ત્યાં એક પ્રખ્યાત કુશળ સોની, સવર્ણકાર રહેતો હતો. સોની તેના ઘરે રહ્યો. સોના રૂપાના દાગીના ઘડવાનું શીખવા લાગ્યો. સુવર્ણવિદ્યામાં કુશળ બનવા લાગ્યો. પવનની લહેરે; પાણીના વહેણોની જેમ સમય વહી જાય છે. જોત જોતામાં દસ વર્ષના વહાણા વાઈ ગયા.

ગુરુ પૂર્ણિમાના દિવસે ત્રણે મિત્રો ધર્મશાળામાં આવ્યા. રાતવાસો કર્યો. એકબીજાની કહાણી કહી. ત્રણે મિત્રોએ પોત પોતાના ધંધામાં કૌશલ્ય મેળવ્યું હતું. ત્રણે પાસે કમાઈની ધનદૌલત હતી. રાત્રિ દરમિયાન વારા ફરતી જાગતા રહી સાચવવાનું નક્કી કર્યું. પહેલા પહોરમાં સુથાર જાગે, બીજા પહોરમાં દરજી અને છેલ્લે સોની જાગે, વારા નક્કી થયા. રાત અંધારી બની. સુથારે જાગરણ શરૂ કર્યું. દરજી, સોની નિરાંતે ઊંઘવા લાગ્યા. સુથાર થોડીવાર જાગ્યો, કંટાળ્યો. પોતાની પાસે લાકડું હતું, સુથારીકામના સાધનો હતાં, કૌશલ્ય હતું, સુથારે લાકડાની પૂતળી બનાવવાનું શરૂ કર્યું. જોત જોતામાં લાકડાની સુંદર, મજાની પૂતળી ઘડી કાઢી. તેનો સમય પૂરો થયો. ઓરડાના એક ખૂણામાં કાષ્ઠની પૂતળી મૂકી સૂઈ ગયો.

દરજીના જાગરણનો વારો આવ્યો. દરજી જાગતો બેઠો. તેની નજર પેલી લાકડાની પૂતળી ઉપર ગઈ. તે મનોમન બોલી ઊઠયો, 'આહા, કેવી સુંદર પૂતળી છે, ઘાટીલો દેહ છે. પણ તેણે કપડાં પહેર્યાં નથી.' લાવ તેના માટે કપડાં સીવું. દરજીએ કપડાં સીવવાનું શરૂ કર્યું. ચણિયા-ચોળી સીવ્યા. ઓઢણું તૈયાર કર્યું. ચણિયા-ચોળી ઉપર આભલા મઢ્યાં, કપડાં પૂતળીને પહેરાવ્યા. લાકડાની પૂતળી શોભી ઊઠી. દરજીનું જાગરણ પૂરું થયું. હવે સોનીનો વારો આવ્યો. દરજી સૂતો; સોની જાગતો બેઠો.

થોડો સમય પસાર થયો. સોનીની નજર પેલી પૂતળી ઉપર ગઈ. સોની ખુશ થયો. મનોમન કહેવા લાગ્યો. 'વાહ ભાઈ વાહ! કેવી મજાની પૂતળી છે. અરે, એના કપડાંનો ઠાઠમાઠ તો જુઓ! આ તો મારા બંને મિત્રોની કળા કારીગરી છે. જો સુથાર, દરજીને આવી

કળા કારીગરી આવડે છે, તો હું શું કામ બેસી રહું? લાવ હું પણ મારી સુવર્ણકળાનો પરચો બતાવું. સોનીએ પોતાની પાસે જે કંઈ સોનું રૂપું હતાં તે બહાર કાઢ્યાં અને તે દાગીના ઘડવા માંડ્યો. સોનીએ સૌ પહેલાં બંગડીઓ બનાવી, પછી નાકની નથણી બનાવી, કાનનાં કુંડળ બનાવ્યા, ગળાનો હાર બનાવ્યો. હાથની આંગળીની વીંટી બનાવી. પગે પહેરવા રૂપાના ઝાંઝર ઘડ્યાં. સોનીએ પૂતળીનો ઘૂંઘટ ઊંચો કર્યો, એક પછી એક ઘરેણાં પહેરાવા લાગ્યો.

ઘરેણાં પહેરતાં પૂતળી ઓર શોભી ઊઠી. જાણે સ્વર્ગમાંથી અપ્સરા ઊતરી આવી ન હોય! સોની સમય પૂરો થતાં ઊંઘવા લાગ્યો. ત્રણે મિત્રો ઊંઘી રહ્યા હતા. ત્યારે એક સંત-મહાત્મા ત્યાં આવી પહોંચ્યા. સૂરજના પ્રથમ કિરણો ધર્મશાળાના ઓરડામાં ફેલાઈ રહ્યા હતાં. પેલા મહાત્માએ પેલી પૂતળીને જોઈ બાજુમાં સૂતેલા ત્રણ જુવાનિયાઓને જોયા. સંતને થયું, "આ કન્યા અહીં ક્યાંથી? આ તો નિર્જીવ લાકડાની પૂતળી છે! જાણે સાચૂકલી જ ન હોય!" સંત મહાત્માએ વિચાર્યું, કન્યાનો સુંદર, ઘાટીલો દેહ છે. કિંમતી વસ્ત્રો પહેર્યાં છે. સોના રૂપાના દાગીના પણ પહેર્યાં છે. અદ્ભુત પૂતળી છે, પણ બોલી શકે નહિ, ચાલી શકે નહિ... તો રૂપરંગ શા કામના?'

સંત મહાત્મા જીવવિદ્યા જાણતાં હતાં. સંત મહાત્માએ પોતાની પાણીની ઝારી હતી. તેના પાણીમાં ફૂંક મારી. પાણી પૂતળી ઉપર છાંટ્યું. ત્યાં તો છમ-છમ-છમ ઝાંઝરિયા વાગવા લાગ્યાં. રૂપાની ઘંટડી જેવો મીઠો રણકાર પૂતળીની જીભમાંથી આવવા લાગ્યો. પૂતળી ખડખડાટ હસવા લાગી. પૂતળીને જીવતી કરી સંત મહાત્મા ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. રૂપાળી કન્યાનો મધુરો અવાજ, પૂતળીના

થૈ... થના... થનૂ... થૈ... નૃત્યનો અવાજ સાંભળી ત્રણે મિત્રો જાગી ઊઠ્યા. રૂપ રૂપનો અંબાર કન્યા જોઈ ત્રણે મિત્રો એકબીજા સામું જોવા લાગ્યા.

સુથાર કહે : કન્યાને હું પરણું!

દરજી કહે : કન્યાને હું પરણું!

સોની કહે : કન્યાને હું પરણું!

બાળમિત્રો! તમે જ કન્યાને પરણાવો. બોલો, કન્યાને કોણ પરણે?

❖ ❖ ❖

# ૨૨ ભલો ઉમરાવ

અમેરિકા દેશની આ વાત છે. એક નાનકડું ગામ હતું. તેમાં એક વૃદ્ધ ખેડૂત રહે, આ વૃદ્ધ ખેડૂત કડકડતી ઠંડીમાં એક સુકાઈ ગયેલા ઝાડનું થડિયું કુહાડી વડે કાપી રહ્યો હતો. વૃદ્ધ ખેડૂત અશક્ત હતો. તેણે કપડાં પણ ફાટેલાં તૂટેલાં પહેર્યાં હતાં. ઠંડીમાં ધ્રૂજતા હાથે તે પેલા ઝાડ ઉપર કુહાડીના ઘા ઝીંકે રાખતો હતો. થાકી જતાં થોડી વારે તે કુહાડી મૂકી બેસી જતો. થાક ખાઈ વળી પાછો કામે લાગી જતો હતો.

આ રસ્તે રહી એક ઘોડેસ્વાર નીકળ્યો. તે આ વૃદ્ધ ખેડૂતને લાકડા કાપતો જોઈ રહ્યો. વૃદ્ધ ખેડૂતની ગરીબાઈ અને તેનું માંદલું શરીર પેલો ઘોડેસ્વાર જુવાન દૂર ઘોડો ઊભો રાખી એકીનજરે જોઈ રહ્યો.

આ ઘોડેસ્વાર યુવાનનો પહેરવેશ જોતાં કોઈ ઉમરાવ હોય તેવું દેખાઈ આવતું હતું. તેણે લૉંગકોટ, પેન્ટ, ટાઈ, બુટ, મોજાં અને હેટ પહેર્યાં હતાં. તેની ભરાવદાર દાઢી અને લાંબું મોં ઘણું પ્રભાવશાળી લાગતું હતું. પેલો ઉમરાવ ઘોડેસ્વાર થોડીક ક્ષણો પછી પેલા વૃદ્ધ ગરીબ ખેડૂત પાસે આવ્યો. ઘોડા ઉપરથી ઊતર્યો. તેણે ઘોડાને એક બાજુ ઊભો રાખ્યો. માથા ઉપરની હેટ ઉતારી ઘોડાના સામાન ઉપર મૂકી. લાંબો કોટ પણ ઉતારી નાખ્યો અને પેલા વૃદ્ધ ખેડૂત પાસે ગયો.

તેણે જઈને વૃદ્ધ ખેડૂતને કહ્યું.

"લાવો કાકા, તમારી કુહાડી મને આપો." તેણે વૃદ્ધના હાથમાંથી કુહાડી લઈ લીધી અને ધડધડ થડિયા ઉપર વીંઝવા માંડી. થડિયું કાપી નાખ્યું. તેના ટુકડે ટુકડા કરી નાખ્યાં. અને લાકડા ભેગાં કરી ભારો બાંધ્યો. લાકડાના ભારાને ઘોડા ઉપર મૂક્યો. પેલા વૃદ્ધ ખેડૂતને પણ ઘોડા ઉપર બેસાડી દીધો. પોતે ઘોડાની લગામ ઝાલી ચાલવા લાગ્યા. નજીકના આવેલા ગામમાં વૃદ્ધ ખેડૂતના ઘેર લાકડાના ભારા સાથે મૂકી આવ્યો.

આ નવજુવાન ઉમરાવની ભલાઈ, દયાળુ સ્વભાવ જોઈ પેલા વૃદ્ધ ખેડૂતની આંખમાં ઝળઝળિયા આવ્યા. ખેડૂતે એ નવજુવાન ઉમરાવનો આભાર માન્યો, ત્યારે એ ભલા ઉમરાવે પોતાની હેટ માથા ઉપરથી ઉતારી હાથમાં પકડી નીચા વળી વૃદ્ધને સલામ ભરી.

આ નવજુવાન જે ઉમરાવ જેવો લાગતો હતો તે કોણ હતો જાણો છો?

સ્વતંત્ર અમેરિકા દેશનો પ્રમુખ અબ્રાહમ લીંકન.

અબ્રાહમ લીંકન ખૂબ દયાળુ અને પરોપકારી હતા.

અબ્રાહમ લીંકનનું બાળપણ ખૂબ ગરીબાઈમાં વીત્યું હતું. ગરીબ સમાજના કચડાયેલા-નીચલા વર્ગના માણસો પ્રત્યે તેમને ખૂબ હમદર્દી હતી.

મિત્રો! યાદ કરો આપણા તારણહાર પ્રભુ ઈસુના જીવનને. તેમણે પણ સમાજના ગરીબ, પછાત, ધિક્કારેલા લોકોની સેવા કરી હતી.

આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ–શિષ્યો છીએ તો આપણે પણ ગરીબોની સેવા કરવી જોઈએ. અશક્ત લોકોને મદદરૂપ થવું જોઈએ.

આપણાં કુટુંબમાં આપણાં વૃદ્ધ દાદા-દાદી હોય તો તેમની પણ સેવા કરવી જોઈએ.

❖ ❖ ❖

# ૨૩ મહેનતની રોટી

મહાત્મા ટોલ્સટોય પાસે એક ગરીબ, ચિંથરેહાલ ભિખારી જેવો માણસ આવ્યો. તેના કપડાં મેલાં ઘેલાં, ફાટેલાં-તૂટેલાં હતા. માથાના વાળ પવનમાં ફર ફરતા હતા. તેનું શરીર મજબૂત બાંધાનું હતું અને તેના ચહેરા ઉપર આવેલી આંખો દયાની યાચના કરતી ટગર ટગર જોયા કરતી હતી.

પેલો ભિખારી, મહાત્મા ટોલ્સટોય સામે આવી હાથ લંબાવી ઊભો રહ્યો.

"ચાર દિવસનો ભૂખ્યો છું. કંઈક આપો! ઈશ્વર આપનું ભલું કરશે."

મહાત્મા ટોલ્સટોય તેના લઘર વઘર કપડાંમાં લપેટાયેલાં ઋષ્ટ પુષ્ટ દેહને ઘડીભર તો જોઈ રહ્યાં. તેના કાકલૂદીભર્યાં શબ્દો, તેની નિઃસહાય સ્થિતિનું ખૂબ ઝીણવટથી અવલોકન કરી રહ્યાં.

મહાત્માજીએ કહ્યું, "ભાઈ, તારી પાસે શું નથી?" ભિખારીએ કહ્યું, "ના સાહેબ! મારી પાસે એક ફૂટી બદામ પણ નથી."

ટોલ્સટોય સહેજ મુસ્કરાયા,

"ભાઈ, ખરેખર તારી પાસે કંઈ જ નથી?"

ભિખારીએ ખૂબ દયામણા થઈ કહ્યું.

"નામદાર! મારી પાસે કંઈ જ નથી. હું સાચું કહું છું."

ટોલ્સટોયે કહ્યું, "દોસ્ત, એક કામ કર. હું તને દસ હજાર રૂપિયા આપું. તું મને તારો જમણો હાથ કાપી આપ."

ભિખારીએ દયામણે ચહેરે કહ્યું, "નામદાર, તો તો હું ઠૂંઠો જ થઈ જાઉં. હું શી રીતે ખાઉં-પીઉં? કામ કરું?"

ટોલ્સટોયે ભિખારીને કહ્યું, "વારું ભાઈ! તું હાથ આપી શકે નહિ તો કંઈ નહિ. હું તને વીસ હજાર રૂપિયા આપું. તારો એક પગ મને કાપી આપ."

"અરે બાપજી, એ શું બોલ્યા. જો પગ કાપી આપું તો હું લંગડો જ થઈ જાઉં ને!"

"તો ભાઈ એમ કર. હું તને ચાલીસ હજાર રૂપિયા આપું. આ તારી એક આંખ મને કાઢી આપ."

રડમસ ચહેરે ભિખારી, બે હાથ જોડી કહેવા લાગ્યો. "ઓ મારા સાહેબ! એ શું બોલ્યા? આપ મારી મશ્કરી શા માટે કરો છો. હું ભિખારી છું. છતાં આખરે તો એક માણસ છું, હોં!"

મહાત્મા ટોલ્સટોય એ ગરીબ ભિખારીની નજીક ગયા. ખૂબ વહાલથી ખભે હાથ મૂકી પ્રેમથી કહ્યું, "ભાઈ, તારી મશ્કરી કરવાનો મારો જરાય ઇરાદો નથી. હું તને એ જ કહેવા માગું છું કે તું પણ મારા જેવો જ બીજા માણસો જેવો જ માણસ છે. ઈશ્વરે તને બે હાથ, બે પગ, બે આંખો આપી છે. તારી પાસે શું નથી? આવું સુંદર અદ્‌ભુત શરીર ઈશ્વરે તને આપ્યું છે. તું આમ નિરાશ, હતાશ થઈ ભીખ શા માટે માગે છે? ઈશ્વરે તને મનુષ્ય તરીકે સર્જ્યો છે. તે કેમ ભૂલી જાય છે?"

પેલો ગરીબ, ભિખારી માણસ મહાત્મા ટોલ્સટોયના પગ પકડી રડવા લાગ્યો.

મહાત્માજીએ તેને ઊભો કર્યો. પોતાની સાથે લઈ ચાલ્યા.

એક લુહારની દુકાને લઈ ગયા. કુહાડી ખરીદ કરી પેલા ગરીબ માણસને આપી.

"જા ભાઈ, જંગલમાં જઈ લાકડા કાપી લાવજે, વેચજે, તારું ગુજરાન કરજે. મહેનતની રોટી ખાજે."

બાળમિત્રો! પવિત્ર શાસ્ત્રમાં લખ્યું છે કે,

'ઈશ્વરે માણસને પોતાની પ્રતિમા પ્રમાણે ઘડ્યું છે.'

ઈશ્વરે આપણને આવો અદ્ભુત માનવ દેહ આપ્યો છે. તેનો ખૂબ ખૂબ આભાર!

ઘણા મિત્રો, ભણે ગણે છે. પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણેની નોકરી, ધંધો મળતો હોતાં નથી. તેથી નિરાશ-હતાશ થાય છે. ઘરની ચાર દીવાલમાં ભરાઈ રહે છે. પોતાના મા-બાપ વડીલો ઉપર જ આધાર રાખી જીવે છે. ત્યારે મહાત્મા ટોલ્સટોયની આ વાર્તાનો સંદેશ યાદ કરવા જેવો છે. મહેનતના ફળ મીઠાં હોય છે.

ઈશ્વરપિતા આપણને આત્મનિર્ભર બની જીવતાં શીખવે તેવી પ્રાર્થના કરીએ... આમીન.

❖ ❖ ❖

## ૨૪ દયાહીન રાજા

બાળમિત્રો! આજે કથાકાવ્યની વાત કરીશું

આપણા ગુજરાતી ભાષાના જાણીતા કવિ કલાપિ (સુરસિંહજી તખ્તસિંહ ગોહિલ)નું એક સુંદર મજાનું કાવ્ય યાદ આવ્યું. **"દયાહીન થયો નૃપ"** કાવ્યની શરૂઆત હેમંતઋતુના સવારના સુંદર વર્ણનથી થાય છે.

"ઊગે છે સુરખિભરી રવિમૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ, સ્વચ્છ દીસતી, એકે નથી વાદળી.
ઠંડો હીમભર્યો વહે અનિલ શો, ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં."

મિત્રો, હેમંતઋતુ છે. સવારના પહોરમાં પૂર્વ દિશામાં લાલ રતુમડો સૂર્ય ઊગ્યો છે. વાદળ વિનાનું સફેદ સ્વચ્છ આકાશ દેખાય છે.

ધીમો શાંત, ઠંડો બરફ જાણે ઉપરથી આવતો હોય તેવો પવન વાઈ રહ્યો છે. મધુર પવનથી હોંશભર પક્ષીઓ ઊંચે આકાશમાં ઊડી રહ્યાં છે.

આવા સમયે ગામડાં-ગામના એક શેરડીના ખેતરમાં ઠંડીથી બચવા તાપણું કરી ઘરડાં ડોસા-ડોશી તાપી રહ્યાં છે. ડોસો દેવતા બરાબર સળગે અને તાપ લાગે તે માટે ચીપિયાથી દેવતાને ઉપર નીચે કરે છે. સામે બેઠેલાં ડોશીમા ઘડીક ડોસાને અને ઘડીક ઊભા શેરડીના વાઢને જોયા કરે છે.

ત્યાં તો ડોશીમા ખેતરના શેઢે દૂર-દૂરથી ધૂળના ગોટે ગોટા ઊડતા જૂએ છે. ઘડપણને લીધે આંખો નબળી પડેલી

છે. ચશ્માં પણ પહેર્યાં નથી. ડાબા હાથની હથેળી કપાળ ઉપર મૂકી છાજલી કરી ધૂળ શાથી ઊડે છે તેની તપાસ કરવા જે દિશામાં ધૂળ ઊડે છે તે તરફ ઝીણી નજરે તાકી રહે છે. જોતજોતામાં ઝાંખપવાળી નજરે ઘોડા ઉપર બેસી કોઈ નવલોહિયો યુવાન, ઝડપભેર આ તરફ આવતો દેખાયો.

જરકશી જમો-પગે ચોરણું અને માથે રેશમનો સાફો બાંધેલો છે. ભરાવદાર ચહેરો, લાંબી વાંકડિયાળી લીંબુની ફાડ જેવી મૂછોથી વધુ શોભી ઊઠે છે. ભેટે બાંધેલી તલવાર ઝોલાં ખાય છે. ઘોડાના જીનમાં આપેલાં પેંગડામાંથી પગ કાઢી છલાંગ મારી પેલો લબરમૂછિયો જુવાન ધડાક કરતો નીચે ડોસા-ડોશી સામે આવી ઊભો.

લાંબી મજલ કાપી આવતો હોવાથી જુવાનના મોં ઉપર થાક વર્તાતો હતો. શિયાળાની ઋતુ હોવા છતાંય તેના ચહેરા ઉપર ક્યાંક ક્યાંક પરસેવાનાં ટીપાં બાઝેલાં દેખાતાં હતાં.

જુવાને આવી કહ્યું, ''હે માજી! હું વટેમાર્ગું છું. થાકી કંટાળેલો છું. પાણીનો શોષ પડ્યો છે. પુષ્કળ તરસ લાગી છે. થોડુંક પાણી આપો.''

ડોશીમાં ઊભા થયાં. ''બેટા બેસ, જરા શ્વાસ લે. પારો ખા (થાક ખા)'' એમ કહી તૂટેલા વહાણની ખાટલી ઉપર પેલા જુવાનને બેસાડ્યો. ડોશીમા હાથમાં દાતરડું લઈ શેરડીના વાઢ તરફ ગયાં. હાથી જેવા હાથી સંતાઈ રહે તોપણ ખબર ન પડે તેવા ઊંચેરા શેરડીના સાંઠા છે.

જુવાન તો શેરડીના વાઢા તરફ આંખનું મટકું માર્યા સિવાય તાકી રહ્યો.

આ બાજુ ડોશીમા શેરડીના સાંઠાની વચ્ચે રસ્તો કરતાં કરતાં છેક ઊંડે સુધી જઈ ભરાવદાર શેરડીના બે મજબૂત સાઠા કાપી લાવી જુવાન આગળ ઊભા.

ડોશીમાએ ડોસાને કહ્યું, 'મોટું રામપાત્ર લાવો જોઈએ.' ડોસાએ રામપાત્ર આપ્યું.

ડોશીમાએ શેરડીને કાપી. સાંઠાંમાંથી રસની શેર ફૂટી. રામપાત્ર છલકાઈ ગયું. ડોશીમાએ રામપાત્ર જુવાનની આગળ ધરતાં કહ્યું, "લે બેટા, પ્રભુની દયા છે. રસ પી જા."

જુવાન ઘટ... ઘટ... રસ પી ગયો.

જુવાનને રસ ખૂબ ભાવ્યો. તેણે ડોશીમાને કહ્યું, "માજી ખૂબ તરસ લાગી છે. બીજું રામપાત્ર ભરી આપો."

ડોશીમા શેરડીના સાંઠાને કાપવા જાય છે, દાતરડા વડે કાપ મૂક્યો. પણ આ શું? શેરડીના રસનું એક પણ ટીપું નીકળ્યું નહિ.

ડોશીમા દ્વિધામાં પડ્યાં. 'હમણાં તો રસથી રામપાત્ર છલકાયું હતું અને એક જ વાઢની આ શેરડીમાંથી થોડી જ પળોમાં એક પણ ટીપું ન પડે? કેવી નવાઈ!' ડોસો અને ડોશી બંને સાથે શેરડીના વાઢમાં ગયાં અને બીજા શેરડીના સાંઠા કાપી લાવ્યા. તેને કાપ્યા એક પણ ટીપું રસ નીકળ્યો નહિ.

છેવટે જુવાન સાંભળે નહિ તેમ ડોશીમાએ ડોસાને કહ્યું,

"સાંભળો છો? આ એનું એ જ શેરડીનું ખેતર છે. શેરડી પણ તેની તે જ છે, છતાં રસ કેમ નીકળતો નથી.?"

ડોસાએ કહ્યું, "આ તો ઈશ્વરનો કોપ છે. રસ વગરની આ ધરતી થઈ છે. ધરતીમાંથી રસ સૂકાઈ ગયો છે. કાં તો આ જુવાનનું હૃદય દયા વગરનું છે."

જુવાન સાંભળી ગયો. તરત બોલી ઊઠ્યા, "હે માજી, મને માફ કરો, તમારી ધારણા સાચી છે. મારું જ હૃદય દયા વગરનું થયું હતું."

પહેલું રસનું પાત્ર પીધું તે વખતે વિચાર્યું હતું, 'ઈશ્વરની કેવી અદ્‌ભુત લીલા છે, કેવી કૃપા છે કે આટલો ભરપૂર રસ અહીંથી મળે છે. પરંતુ બીજી જ પળે મારું મન બગડ્યું. વિચાર્યું કે હું તો રાજા છું. આ ખેડૂતો આવા ફળદ્રુપ પાકથી ખૂબ માલેતુજાર થયા હશે. પરંતુ અરે રે, મારો રાજભાગ (કર) કેટલો ઓછો આપે છે. માટે હવેથી આ ખેડૂતના પાક ઉપર વધુ રાજભાગ લેવો જોઈએ. મારા હૈયામાં બીજાનું છીનવી લેવાની, બીજાની મહેનતનું ફળ પોતે ખાઈ જવાની તાલાવેલી જાગી. ઈશ્વર મારા ઉપર કોપાયમાન થયા છે. એમ કહેતા કહેતા તો જુવાન રડી પડ્યો, બોલ્યો, "હે વૃદ્ધજનો, મને માફ કરો. "હે ઈશ્વર મને માફ કરો."

આજના રાજવીઓ શાસનકર્તા શું ભલું ઇચ્છનારા છે ખરાં?

આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત રાજાઓનો રાજા જીવંત ઈશ્વર સદાને માટે આપણું ભલું ઇચ્છે છે. આપણું હૃદય શુદ્ધ પવિત્ર હોવું જોઈએ.

રૂડી કરણીનાં રૂડાં ફળ માટે

ઈશ્વર તો દયાળુ કરુણાનો સાગર છે.

પરંતુ આપણી દાનત શુદ્ધ હોવી જોઈએ. આપણા હૃદયને આજે જ તપાસીએ. આ જ ક્ષણે શું જવાબ મળે છે?

❖ ❖ ❖

# ૨૫ ઈસ્ટર સન્ડે

ઈસ્ટરનું પર્વ ખૂબ આનંદથી ઉજવ્યું ખરું ને! હવે કેટલાંક મિત્રો પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા હશે. કેટલાંક પરીક્ષામાંથી મુક્ત થયા હશે અને વેકેશનની મજા માણવાના આયોજનમાં લાગી ગયા હશે.

મિત્રો, ઈસ્ટરની ઉજવણીની એક મજાની વાત કહું છું. પરદેશમાં અને આપણે ત્યાં ઘણાં મોટા શહેરોમાં આ પર્વના દિવસે બાળકોને ઈસ્ટર એગ્સ (Easter-Eggs) નામની ખાસ પ્રકારની મીઠાઈ બનાવી આપવામાં આવે છે. ઈંડા આકારની આ મીઠાઈ વચ્ચેથી પોલી હોય છે. તેમાં મસાલા સાથે બાળકો માટે ખાસ પસંદ કરેલી નાની કોઈ વસ્તુ ચીજ અથવા ચોકલેટ મૂકવામાં આવે છે. એક પ્રકારની ભેટ મૂકવામાં આવે છે.

દોસ્તો, એક ચર્ચની સન્ડે સ્કૂલના બાળકોને આવી ઈસ્ટર એગ્સની મીઠાઈ વહેંચવામાં આવી. જે જે બાળકોને ઈસ્ટર એગ્સ મળ્યા તેમણે તેને તોડી, તો તેઓને કંઈ ને કંઈ ચીજ મળી. જે કંઈ મળ્યું તે પોતાના બીજા મિત્રને બતાવવા લાગ્યાં. સૌ એકબીજાને ઈસ્ટરની સલામ પાઠવતાં જાય અને પોતાને મળેલી ભેટ બતાવી આનંદ કિલ્લોલ કરે, નાચે, કૂદે. દૂર ઊભા રહેલા પાસ્ટર બધાં બાળકોને જોતાં ખુશ થતાં હતાં. ત્યાં સહેજ દૂર ઊભી રહેલી એક નાનકડી છોકરી, નામ તેનું મિલિસેન્ટ. તેને જોઈ તો તેના ચહેરા ઉપર હાસ્ય, આનંદ ન હતો, પરંતુ તે ઘણી ગંભીર લાગી. પાસ્ટરે આ નાની દીકરીની ગંભીર મુખમુદ્રા જોઈ ઝડપથી તેઓ તેની

પાસે દોડી ગયા. જઈ કહ્યું, "કેમ દીકરી મીલી! શું વિચારમાં પડી ગઈ છું?"

મીલીએ પાસ્ટરને પોતાની નજીકમાં આવી ઊભેલા જોઈ સફાળી વિચાર તંદ્રામાંથી જાગી બોલી ઊઠી.

"ઓ... હો... પાસ્ટર. ઈસ્ટરની સલામ. હું આ એગ્સને જોતી હતી. આ એગ્સને મેં તોડ્યું, પરંતુ તે અંદરથી ખાલી છે. મારે માટે કંઈ ભેટ નથી. મેં વિચાર્યું કે આમ કેમ બન્યું. પરંતુ પાસ્ટર મને ખૂબ જ આનંદ થયો છે. કારણ કે ઈશ્વરપિતાએ મારી સાથે સાંકેતિક ભાષામાં વાત કરી છે કે જો 'મીલી! આ એગ્સ ખાલી છે, તું જાણે છે જે કબરમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના શબને મૂકવામાં આવ્યું હતું. તે કબર તો ઈસ્ટરના દિવસે ખાલી હતી પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉત્થાન પામ્યા હતા. તેથી વિશેષ મારા માટે કઈ ભેટ હોઈ શકે!" પાસ્ટરે ચહેરો જોયો. તો તેણી ખૂબ ખુશ હતી. તે બોલી ઊઠી, "પાસ્ટર હોસાના-હોસાના! પ્રભુ ઈસુ ઊઠ્યા છે. બોલો જોરથી બોલો, 'ઈસુ ઊઠ્યો છે' પાળક અને મીલી બંને એકબીજાના હાથ પકડી નાચતા હતા અને બોલતા હતાં હોસાના... હોસાના, ઈસુ ઊઠ્યો છે. નાનકડી મીલીને નાચતાં કૂદતાં આનંદવિભોર બની જોરથી પોકારતાં જોઈ બધાં બાળકો દોડી આવ્યાં. સહુએ એકબીજાનો હાથ પકડ્યો મોટું વર્તુળ બનાવી નાચતાં જાય, કૂદતાં જાય અને ગીત ગાતાં જાય.

જોરથી પોકારો સહુ જોરથી પોકારો,
ઈસુ ઊઠ્યો મૃત્યુ જીતી, જોરથી પોકારો
શોરથી ગજાવો જગ, શોરથી ગજાવો,
ઈસુ ઊઠ્યો મૃત્યુ જીતી, શોરથી ગજાવો.

દોસ્તો! તમારું પવિત્રશાસ્ત્ર ખોલો. પ્રકટીકરણ ૧ અને ૭માં લખ્યું છે કે, 'તે વાદળાં સહિત આવે છે. દરેક આંખ અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને જોશે. વળી ૮મી કલમમાં લખ્યું છે કે 'પ્રભુ દેવ જે છે, જે હતો ને જે આવનાર છે, જે સર્વશક્તિમાન છે તે કહે છે કે, હું આલ્ફા તથા ઓમેગા છું.'

વળી લૂક ૨૪મો અધ્યાય ધ્યાન દઈ વાંચો, ૧૨મી કલમમાં પણ પિતર ઊઠીને કબરે દોડી ગયો, અને નીચા વળીને માંહે જોયું તો તેણે લૂગડાં એકલા પડેલાં દીઠાં અને જે થયું હતું તે સંબંધી પોતાના મનમાં આશ્ચર્ય પામ્યો. તે પોતાને ઘેર ગયો. ઈસુ ઊઠ્યો છે તેની ખાત્રી પિતરને થઈ.

યોહાન ૨૦માં અધ્યાયમાં ઈસુના પુનરુત્થાનની વાત લખેલી છે તે વાંચો. પાઉલ પ્રેરિત કરિંથીઓની મંડળીને જે પહેલો પત્ર લખ્યો છે તે જુઓ, અધ્યાય ૧૫:૩ થી ૧૦ 'ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું. અને કેફાને તેનું દર્શન થયું. પછી બારેને થયું. ત્યાર પછી એકી વેળાએ પાંચસો કરતાં વધારે ભાઈઓને દર્શન થયું, જેઓમાંના ઘણાં હજી સુધી હયાત છે. પાઉલ પ્રેરિત કહે છે કે છેલ્લે મને પણ દર્શન થયું. મિત્રો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઊઠ્યો છે. તે અદ્‌ભુત ઘટના આપણા માટે અતિ ગૌરવ આનંદની સુવાર્તા છે. આપણે જાણીએ છીએ અને જેઓ અજાણ છે તેઓને જણાવીએ...

ઈશ્વરપિતા સૌને આશીર્વાદિત કરે. આમીન.

❖ ❖ ❖

# ૨૬ માર્થા માસી

આ વાત છે એક નાનકડા ગામના પરાંની. એક વિધવા માજીની.

માજીનું નામ માર્થામાસી, માસી બહુ ભલાં, માયાળુ પણ ખરાં. નિત સવારે વહેલા ઊઠે, આનંદ ઉલ્લાસથી ઈશ્વર ભક્તિના ગીતો ગાય, પવિત્રશાસ્ત્રનું વાંચન કરે. પ્રાર્થના કરે, ચા નાસ્તો કરી માથે પછેડી અને ખભે દાતરડું મૂકી ખેતરમાં મજૂરીએ જાય.

આમ તો માર્થામાસીને કોઈ સગું નહિ. સગાં વહાલાં કુટુંબીઓમાં ગણે તો એક માત્ર દીકરી હતી મરિયમ.

મરિયમના લગ્ન થયા પછી બે એક માસ તે ભારતમાં રહી હતી. પછી તો તેના પતિ સાથે ચાલી ગઈ. માર્થામાસી બિચારા એકલાં જ પરામાં આવેલા તેમના જૂના ઘરમાં રહેવા લાગ્યા. મહેનત મજૂરી કરે જે કાંઈ પૈસા આવે તેમાંથી સીધુ સામાન લાવી રોટલો રળી ખાય. માર્થામાસી સુખ કે દુઃખમાં બહુ આનંદથી રહે. ઈશ્વરભક્ત અયૂબની જેમ ઈશ્વર ઉપર અખૂટ વિશ્વાસ ધરાવે. માર્થામાસી ઘરડાં સીત્તેર વર્ષના હશે!

એમના જીવનનો આધાર એક ઈશ્વર અને બીજી આંધળાની લાકડી જેવી દીકરી મરિયમ.

મરિયમ અમેરિકા હતી છતાં માર્થામાસી માટે સહારારૂપ હતી. મરિયમ દર મહિને માને અચૂક કાગળ લખે. પોતાના ઘરસંસારની વાતો લખે. માર્થામાસી મરિયમના કાગળની કાગડોળે રાહ જુએ. સીમમાંથી ઘરે આવે એટલે પહેલાં આડોશી પાડોશીને પૂછી જુએ. મારો કંઈ કાગળ પત્ર છે ખરો!

માસી અમેરિકાથી આવેલી દીકરીના કાગળને એકીનજરે જોઈ રહે. તેની ઉપર આવેલા ઊડતા પક્ષીની છાપ, દીકરી મરિયમના મોતીના દાણા જેવા અક્ષરો. માસી મનોમન વિચારે ભલું હોજો, આ મિશનવાળાઓનું. છોકરીઓ માટે શાળાઓ ખોલી, છાત્રાલયો ખોલ્યાં જેને લીધે મરિયમ જેવી કેટલીય દીકરીઓ સુખી થઈ.

માર્થામાસી પાસે મરિયમનો કાગળ હાથમાં આવે એટલે પ્રથમ તો પહેલો વાંચી જાય પછી ખાટલાના ઓશિકા નીચે મૂકી દે. પાછા સાંજે વાળુ કરી લે અને નવરા પડે એટલે ફાનસના અજવાળામાં ફરી પાછા બે ત્રણ વાર વાંચે. જાણે પોતે અમેરિકામાં જ દીકરીના બાળકો વચ્ચે બેઠાં હોય તેવો ભાવ લાગણી સુખ અનુભવે. અનેકવિધ વિચારોના વાદળો માર્થામાસીના માનસ ગગનમાં ઉમટી પડે.

માસી પરબિડિયામાં મૂકેલા મરિયમના હસ્તાક્ષરવાળા કાગળને ધરાઈ ધરાઈને વાંચી રહે પછી પરબિડિયામાં પાછો મૂકી દે.

માસી દીકરી મરિયમનો કાગળ તો હોંશે હોંશે વાંચે. પરંતુ દીકરીના પરિબિડિયામાં મૂકેલી ચાર પાંચ રંગબેરંગી છબીઓ જોઈ વિચારે, આ છોકરી! આ છબીઓ શું કામ મૂકતી હશે! માર્થામાસી બહુ ભણેલા નહિ. પરામાં જ જન્મેલા ઉછરેલા, અબૂધ, ગામડિયા.

માર્થામાસીને દીકરી મરિયમનું બાળપણ યાદ આવ્યું. મરિયમ જ્યારે નાની હતી ત્યારે તેને આવી રંગબેરંગી છબીઓ સંઘરવાનો શોખ હતો. તેની નોટબુકના પાને પાને છબીઓ ચોંટાડતી તે યાદ

આવ્યું. માર્થામાસીએ વિચાર્યું. દીકરી મરિયમ ગમે ત્યારેય અમેરિકાથી ભારત આવશે ત્યારે માને મળ્યા સિવાય રહેવાની નથી.

તેમણે પોતાના ઘરની માટીની ભીંત ઉપર થોડાક ભાગમાં સરસ મજાનું લીંપણ કર્યું. અને જેમ જેમ પત્રો આવતાં ગયાં અને છબીઓ મળતી ગઈ તેમ તેમ ભીંત ઉપર ચોંટાડતા ગયા. ભીંત ઉપર સારી સંખ્યામાં છબીઓ ચોંટાડી. જેમ સંખ્યા વધે તેમ માસી આનંદી બને. વર્ષોના વહાણા વાયાં. માર્થામાસી મરિયમના આવવાની રાહ જોતાં જીવી રહ્યાં હતાં. હવે તો શરીર પણ બહુ સાથ આપતું ન હતું! સીમ-સીમાડે મહેનત મજૂરીએ પણ જવાતું ન હતું. છતાં માર્થામાસી જીંદગીનો બોજ ઈશ્વરભક્તિ સાથે આનંદથી વહી રહ્યાં હતાં.

એક સાંજે માર્થામાસીના બારણે ટકોરા પડ્યા. માસીએ બારણું ખોલ્યું. તો તેમની દૂરની બહેનનો દીકરો બારણે આવી ઊભો હતો.

માર્થામાસી બોલ્યા, "કેમ બેટા વિલ્સન, બહુ દિવસે દેખાયો! બસ, માસીને ભૂલી જ ગયો ને!" વિલ્સન કહે "ના માસીના એવું નથી. અમારા ઘરમાં થતી દૈનિક પ્રાર્થનામાં તમને હમેશાં યાદ કરીએ છીએ બાકી તો કામકાજને લીધે આવી શકાતું નથી. આજે વળી સમય મળ્યો એટલે વિચાર્યું કે લાવ માર્થામાસીની ખબર અંતર લઈ આવું! બોલો માસી મજામાં તો ખરાં ને!" "હા, ભાઈલા... હા, માસીને વળી શું દુ:ખ હોય?"

દાઉદ રાજાએ ગીતમાં ગાયું છે કે, "યહોવા મારો પાળક છે તેથી મને કશી ખોટ પડશે નહિ!"

'''માસી તો શેર કમાય છે અને શેર ખાય છે. બાકી માસી પાસે કંઈ ધન દોલત નથી.'' વિલ્સન કહે, ''કેમ માસી એમ બોલો છો?' તમારી દીકરી તો અમેરિકામાં ધનના ઢગલા ઉપર બેઠી છે!''

''અરે ભાઈલા! એનું ધન મારે શા કામનું? એનું ધન એ વાપરે!'' વિલ્સન કહે, ''કેમ મરિયમ અમેરિકાથી કંઈ મોકલતી નથી?''

''અરે માસી, મરિયમ એવી તો નથી. જે માએ ભણાવી ગણાવી સારું ઘર શોધી પરણાવી તે માને તે ભૂલે તેવી તો નથી જ.! હું તેને બરાબર ઓળખું છું.''

માસી કહે, ''બેટા! બસ એ તો દર મહિને પરિબિડિયામાં કાગળ મોકલે છે અને બાળપણની પેલી ફોટા સંઘરવાની ટેવ પ્રમાણે માને રાજી કરવા દર મહિને ચાર-પાંચ છબીઓ પરિબિડિયામાં મોકલે છે! મારે એ છબીઓ શા કામની?'' એમ કહી માસીએ વિલ્સનને પોતાના ખોરડાના છેલ્લાં ઓરડામાં પોતે ચોંટાડેલી સંઘરી રાખેલી છબીઓ બતાવી કહ્યું, ''જો દીકરા, મારી મરિયમ આ છબીઓ જોશે તો કેટલી રાજી થશે! એને એનું બાળપણ યાદ આવશેને!'' વિલ્સન તો ફાટી આંખે મરિયમે મોકલેલા ડોલરને જોઈ રહ્યો.

બોલી ઊઠ્યો, ''માસી તમે તો કેટલા મૂર્ખા છો! માત્ર છબીઓ નથી આ બધા ડોલર છે. બજારમાં જઈ વટાવો એક ડોલરના અનેક રૂપિયા મળે. હજારો રૂપિયા તમને મળે. અરે, માસી તમે તો ગામ આખામાં સૌથી ધનવાન છો! માસી તમે આ શું કર્યું? આ ડોલરો વટાવ્યા હોત તો તમારી જીંદગી સુખચેનથી વીતી હોત. તમારે કોઈ મહેનત મજૂરી કરવી પડત નહિ.''

માર્થામાસી વિલ્સનના આ બોલને સાંભળી રહ્યાં.

બોલ્યા, "બેટા, પહાડ પરના ભાષણમાં પ્રભુએ કહ્યું છે કે, "આકાશના પક્ષીઓને જુઓ તેઓ વાવતા નથી, લણતા નથી. છતાં આપણો દયાળુ બાપ તેમને ખવડાવે છે. પ્રભુએ મને કશી ખોટ પડવા દીધી નથી. હું ખૂબ સુખી છું!"

બાળમિત્રો, ઈશ્વરપિતાએ આપણને અનેક પ્રકારના દાનો આપ્યાં છે. તાલંતો આપ્યાં છે. આશીર્વાદ આપ્યાં છે. ઘણીવાર આપણે તેનાથી અજાણ રહી તેનો ઉપયોગ કરતા નથી. અગર તો ક્યારેક પોતાની જાતને કૃપાદાનોથી વંચિત માની ઈશ્વરપિતામાંના વિશ્વાસમાં ડગી જઈએ છીએ. ઈશ્વરપિતાએ આપણને જે કાંઈ નાનું કે મોટું તાલંત આપ્યું હોય, તે તેમનાં કાર્ય માટે વાપરીએ. ઈશ્વરપિતાની નજરમાં કોઈ કાર્ય નાનું નથી. ઈશ્વરપિતા પર વિશ્વાસ મૂકી તેમના આશીર્વાદો મેળવીએ.

❖ ❖ ❖

## ૨૭ ગબલો કાચબો ઊડતાં શીખે

ઊંચા ઊંચા પહાડો, મોટાં મોટાં ઝાડો, જાત ભાતના વેલાવેલી.

આ બધાની વચ્ચે એક નદી વહ્યા કરે. તેના પાણી ખળખળ રાત દિવસ વહેતા રહે. નદીમાં પાર વિનાની નાની મોટી માછલીઓ. શંખ, છીપલાનો તો પાર નહિ. બધાં હળીમળીને રહે. પ્રભુનું ભજન કરે. આનંદ કિલ્લોલ કરે.

આ નદીમાં એક નાનકડું કાચબાનું બચ્ચું હતું. માછલીઓ તેને ગબલો કાચબો કહી બોલાવે.

ગબલો કાચબો ભારે મસ્તીખોર, મજાકીઓ. નાની નાની માછલીઓની પાછળ પડે, દોડાવે, હેરાન-પરેશાન કરી મૂકે.

નદીની વચ્ચે મોટી પથ્થરની શિલા આવેલી. ગબલો ઘણીવાર શિલા ઉપર ચડી જાય. ધબાક કરતો પાણીમાં પડે.

ક્યારેક ગબલો કાચબો શિલા ઉપર શાંતિથી બેસી રહે. આજુ બાજુના વૃક્ષો જુએ. વેલા જુએ, મજાનાં ફૂલો જુએ, ફૂલો ઉપર ઊડતાં પતંગિયાં જુએ, અને આકાશમાં ઊડતાં પંખીઓને જુએ.

ગબલાભાઈ, મનોમન વિચારે, ઈશ્વરે આ પતંગિયાં, પંખીઓને કેવી સરસ પાંખો આપી છે! જ્યારે મને પાંખો આપી નથી, ઈશ્વરે મને હળહળતો અન્યાય કર્યો છે. ગબલાભાઈ પોતાની જાત ઉપર ફિટકાર વરસાવે, દુઃખી દુઃખી થાય, ક્યારેક રડે પણ ખરા.

એક દિવસની વાત છે. ગબલાભાઈ શિલા ઉપર બેઠા હતા. ત્યાં એક ગરુડ આવી બેઠું. ગબલાભાઈ તો ગભરાઈ ગયા. ઢાલમાં ડોકું મોઢું લઈ લીધું. થોડીવાર પછી હિંમત કરી ગબલાએ મોઢું બહાર કાઢ્યું. ગબલો કહે, ''ગરુડકાકા, નમસ્તે! કેમ મજામાં છો ને?''

ગરુડ, નાનકડા કાચબાની રીતભાત જોઈ રાજી થયા. ગરુડ કહે, હા ભાઈ! મજામાં તમે કેમ છો?

ગબલો કાચબો રડમસ અવાજે બોલ્યો, ''જુઓને દાદા, તમે કેવા નસીબદાર છો! એ... ઈ... ઈશ્વરે તમને કેવી સરસ મજાની પાંખો આપી છે. તમે આકાશમાં ખૂબ ઊંચે ઊંચે ઊડી શકો, ખરુંને દાદા!''

''પરંતુ દાદા, મારી દશા તો જુઓ'' ઈશ્વરે મારી પીઠ ઉપર વજનદાર ઢાલ આપી છે, જો મને પાંખો આપી હોત તો હું પણ આકાશમાં ઊડી શકત! ગરુડદાદા! તમે મને આકાશમાં ઊડતાં ન શીખવો?'' ગરુડ કહે, ''અરે ભલા ભાઈ, તારે વળી પાંખો જ ક્યાં છે? જેને પાંખો હોય તે ઊડે!''

ગબલો કાચબો કહે, ''અરે દાદા! એક વખત તમે મને ઊંચે આકાશમાં લઈ જાઓને! પછી જો જો, હું આપ મેળે ઊડતાં શીખી લઈશ.'' ગબલો કાચબો શેખી (ડંફાસ) હાંકવા લાગ્યો.

''સારું ભાઈ! હું આવતી કાલે સવારે નદીએ પાણી પીવા આવીશ ત્યારે તને આકાશમાં લઈ જઈશ.''

બીજા દિવસે ગરુડદાદા શિલા ઉપર આવી બેઠા. દાદા પગમાં એક નેતરની સોટી લાવ્યા હતા.

ગબલાભાઈ તો બહુ વહેલા આવીને બેઠા હતા. ગરુડદાદાને જોઈ ગબલાભાઈ તો રાજીના રેડ થઈ ગયા.

ગબલાભાઈએ રાત્રે માછલીઓને કહ્યું હતું, ''હું આવતી કાલે આકાશમાં ઊડવાનો છું. તમે બધાં જોતાં રહેશો. અને હું આકાશમાં ઊડીશ.''

ગરુડદાદા કહે, ''કાચબાભાઈ, આકાશમાં ઊડતાં શીખવું હોય તો એક નિયમ પાળવો પડે. મૌન રહેવાનું.''

ગરુડદાદા કહે, ''ચાલો ગબલાભાઈ, તૈયાર થઈ જાઓ. આ નેતરની સોટીનો એક છેડો તમારા મોંમાં બરાબર પકડી લો. હું બીજો છેડો મારા પગમાં પકડીશ. બસ પછી તાલીમ શરૂ.''

ગબલો કાચબો તો ખુશ ખુશ હતો. કહે, ''દાદા મને ખૂબ ઊંચે લઈ જજો હોં! પછી મને છોડી મૂકજો. હું આપ મેળે ઊડતાં શીખી લઈશ.''

ગબલાએ સોટી બરાબર મોંમાં પકડી લીધી. સોટીનો બીજો છેડો પગમાં પકડી ગરુડદાદા તો ઊડ્યા.

ગરુડદાદાને કંઈ ઊડતાં વાર થાય? એ તો રોકેટ છૂટે તેમ ઊંચે આકાશમાં પહોંચી ગયા. ગબલાભાઈ સોટી મોંમાં પકડી લટકી રહ્યા.

ગરુડ કહે, ''ગબલાભાઈ કેમ મજા આવે છે!'' ગબલા કાચબાએ મૌન તોડ્યું. ''હા. દાદા! હજી ઊંચે... ઊંચે...'' એમ બોલવા ગયા. ત્યાં તો સોટીનો છેડો મોંમાંથી છૂટી ગયો. ગબલો ઊંચે આકાશમાંથી નીચે સરકવા લાગ્યો. પાંખો તો હતી નહિ. કરે શું? આકાશમાંથી પડતાં પડતાં જ તમ્મર આવી ગયા.

હોશકોશ ઊડી ગયા. બેભાન થઈ જમીન ઉપર જોરથી પટકાયા.

થોડીવારે કળ વળી, ભાનમાં આવ્યા. ઢાલમાંથી મોંઢું બહાર કાઢ્યું. ઊંચે આકાશે જોયું.

કાચબાભાઈ સદ્‌નસીબે ઊંધા પડ્યા હતા. નદી કિનારે જ પડ્યા હતા. ઢાલવાળો ભાગ જમીન સાથે અથડાયો હતો. કાચબાભાઈ બચી ગયા.

કાચબાભાઈ જોર કરી સીધા થયા. થોડીવાર બેસી રહ્યાં. મનોમન વિચારવા લાગ્યા. "સારું થયું, ઈશ્વરે મને આ ઢાલ આપી છે. જો ઢાલ ન હોત તો...? હું મરી જ જાત ને! ભલે મને પાંખો આપી નથી. પરંતુ ઈશ્વરે મને ઢાલ તો આપી છે ને! હું પણ કેવો મૂર્ખ કે પાંખો વિના આકાશમાં ઊડવા ગયો!

ઈશ્વરે મારા શરીરનું સારું બંધારણ કર્યું છે, આભાર!" ગબલો કાચબો નદીના પાણીમાં ગયો.

માછલીઓ કાચબાભાઈની રાહ જોતી હતી. માછલીઓ તેમની આજુબાજુ વીંટળાઈ વળી કહે, "કેમ ગબલાભાઈ, ઊડતાં શીખી આવ્યા ને!"

ગબલો શું જવાબ આપે? માછલીઓ હસવા લાગી. માછલીઓ અંદરોઅંદર વાતો કરવા લાગી.

એક કહે, "અરે બહેન, ઈશ્વરે આ જગત બનાવ્યું છે. ઈશ્વર બહુ બુદ્ધિશાળી છે. તેણે સ્થળ, જળચર, ભૂમર, ખેચર, પ્રાણીપંખી બનાવ્યાં છે."

બીજી કહે, "હા બહેન, ઈશ્વર બહુ દયાળુ છે. દરેકને જોઈતાં કંઈ ને કંઈ ખાસિયત, તાલંત આપ્યાં છે."

ત્રીજી માછલી કહે, "અરે બહેન, ઈશ્વરે બધાંને જરૂરિયાત પ્રમાણેના ખાસ અંગો આપ્યાં છે. શરીર રચના કરી છે."

ચોથી કહે, "ઈશ્વરે કરેલી રચનામાં ભૂલ શોધવી તે તો મૂર્ખાઈ છે! ઈશ્વર જે રીતે રાખવા ચાહે તે રીતે રહેવું જોઈએ. ઈશ્વરનો આભાર માનવો જોઈએ."

ગબલો કાચબો, માછલીઓની વાત સાંભળી શરમાયો.

❖ ❖ ❖

# ૨૮ ખેડૂતનું આંબાવાડિયું



પ્રાચીન સમયમાં વૈશાલી નામે એક નગર હતું. આ નગરમાં રાજા ભોજ રાજ કરતો હતો. રાજા ભોજ દયાળુ, પ્રજા પ્રેમી, માયાળુ હતો. રાજા ભોજનો રાજમહેલ સંગેમરમરનો હતો, ઘણો સુંદર હતો. શિલ્પ, સ્થાપત્ય માટે વખણાતો હતો. રાજા ભોજના રાજમહેલની બાજુમાં જ એક આંબાની વાડી હતી. આ વાડીનો માલિક ખેડૂત ઘરડો હતો. પરંતુ બહુ મહેનતુ હતો. તેણે આંબાવાડિયામાં જાત જાતના ઝાડ ઊછેર્યા હતા. કેટલાંક આફૂસ કેરીના ઝાડ હતા. કેટલાંક નીલમ, પાયરી, લંગડો કેરીના ઝાડ હતા. ખેડૂત આંબાવાડિયામાં ખૂબ મહેનત મજૂરી કરે. ઝાડને પાણી પાય, ક્યારા બનાવે, ક્યારામાં ખાતર નાખે. સાફ સૂફ કરે. બસ સતત ખેતમજૂરી કર્યા કરે. ખેડૂત

પત્ની પણ વાડીના કામકાજમાં ભાગીદાર બને.

વસંતઋતુમાં આંબાવાડિયામાં કોયલડી કૂહુ કૂહુ ટહૂકા કરે. વર્ષાઋતુમાં મોર ટેહૂંક ટેહૂંક કરે. કાબર, મેના, પોપટ, હોલા, હોલી, કબૂતર, ચકલાં તો કલરવ કરી વાડીને સંગીતથી ભરી દે. વસંતઋતુમાં તો આંબા ઉપર મોર આવે. પીળા રાતા રંગના મોરથી આંબાવાડિયું શોભી ઊઠે. પંખીઓના કલરવથી ખેડૂત રાજીનો રેડ થાય. કુદરતી કરામત જોઈ ઈશ્વરપિતાનો આભાર માને. પંખીડાં આંબા ઉપર બેઠેલી નાની નાની કેરીઓ મોરવાને ચાંચો મારી બગાડે ત્યારે ખેડૂત હોંકારા હોંકારા કરી મૂકે. પંખીઓને ઊડાડી મૂકે. ઘડીભર પંખી ઊડી દૂર નાસી જાય. પરંતુ આકાશમાં એક ચકરાવો મારી પાછાં આવી ઝાડોમાં ભરાઈ જાય. ખેડૂત માતા કહે, "આ આંબાઝાડ ફળ ફૂલ બનાવનાર ઈશ્વર છે."

પંખીડાને બનાવનાર પણ ઈશ્વર છે. તમને અને મને બનાવનાર ઈશ્વર છે. બિચારાં પક્ષીઓને ખાવા દો. મહાલવા દો, પછી બંને ગીત લલકારી ઊઠે,

***રે, પંખીડા સુખથી ચણજો,***
***મધુર ગીતવાં કંઈ ગાજો,***
***આ વાડીના મધુર ફળને,***
***ચાખવા નિત નિત આવજો!***

એક દિવસ આંબાવાડિયામાં ખેડૂત કામ કરી રહ્યો હતો. ત્યાં રાજસેવક આવી ઊભો. રાજસેવક કહે, "હે ખેડૂત, રાજા ભોજનો તને પકડવા હૂકમ છે. તને રાજદરબારમાં લઈ જવાનો છે. મારી સાથે ચાલ," ખેડૂત બિચારો ગભરાઈ ગયો. ખેડૂત કહે, "ભાઈ,

મારો શો વાંક ગુનો થયો છે? મને તમે શા માટે પકડી જાઓ છો!" રાજસેવક કહે, "રાજા ભોજે તારી આંબાવાડીના વખાણ સાંભળ્યા છે. આંબાવાડિયામાં જાતભાતના આંબા ઝાડ આવેલા છે. અને ઉત્તમ કેરીઓ થાય છે. તેની વાત છેક રાજદરબારમાં થઈ છે. રાજદરબારીઓએ રાજા ભોજને કહ્યું છે કે, 'આવી સ્વર્ગ જેવી વાડી તો આપ રાજાભોજની માલિકીની જ હોય!' એટલે રાજા ભોજ તારી વાડી લઈ લેવા માગે છે." ખેડૂત ખૂબ નિરાશ થઈ ગયો. લોહીનું પાણી કરી આંબા ઊછેર્યા. જાત ઘસી મહેનત કરી આંબાવાડિયાનું જતન કર્યું. બસ એ વાડી હવે રાજાને આપી દેવાની! બસ હવે તો... રાજા મને વાડીમાંથી બહાર કાઢી મૂકશે! ખેડૂતે રાજસેવકને કહ્યું,

"રાજસેવક. રાજા ભોજને કહેજો કે ખેડૂત સવારે દરબારમાં વાડી આપવા આવશે." ચિંતામાં આખી રાત ઊંઘ આવી નહિ. ખેડૂતે પ્રાર્થના કરી, "હે પ્રભુ. તું કંઈ રસ્તો બતાવ!" મુશ્કેલીમાં દુઃખમાં પ્રભુ પાસે જે જાય છે, તેને પ્રભુ સાચવે છે. ખેડૂતને એક યુક્તિ સૂઝી. બીજા દિવસે સવારે ખેડૂત રાજદરબારમાં હાજર થયો.

રાજા ભોજ રાજદરબાર ભરી બેઠા છે. રાજદરબારીઓ પોત પોતાના મોભા પ્રમાણે બેઠા છે. રાજા ભોજ વૈશાલીનો મહારાજાધિરાજ સિંહાસન ઉપર બિરાજમાન છે. અનુચરો રાજાને ચામર ઢાળી રહ્યાં છે. સોનાના વિંઝણે રાજાને પવન નંખાઈ રહ્યો છે. ત્યાં ખેડૂત માથા ઉપર માટી ભરેલો ટોપલો લઈ રાજદરબારમાં આવે છે.

રાજદરબારીઓ માટીના ટોપલા સાથે ખેડૂતને આવેલો જોઈ નવાઈ પામે છે. ખેડૂત આવી રાજા ભોજને કહે છે, "હે રાજાધિરાજ, પ્રણામ છે તમને. આપ તો પ્રજા પ્રેમી છો. ચોતરફ આપની ભલાઈ દયાના ગુણગાન ગવાઈ રહ્યાં છે. આ તમારો સેવક ખેડૂત તમારા આંગણે આવી ઊભો છે. કૃપા કરી મારા માથા ઉપરનો આ માટીનો ટોપલો ઊતારો! હું ભારથી દબાઈ ગયો છું. આપ જ ઊતરાવો!" રાજા ભોજ વિચારમાં પડી ગયો. તે મનોમન વિચારવા લાગ્યો. "હું તો રાજાધિરાજ છું. આ માટીનો ટોપલો ઊતારવાનું કામ શું મારું છે? જો માટીનો ટોપલો ઊતારવા જઈશ અને માટી મારી ઉપર પડશે તો? આ મારા કિંમતી વસ્ત્રોનું શું?" રાજા ભોજ સિંહાસન ઉપર અવાક્ બની બેસી રહ્યા. ખેડૂત રાજાના મનનો પાર પામી ગયો. પોતાની યુક્તિ સફળ થતી જોઈ ખેડૂત રાજી થવા લાગ્યો. ખેડૂતે કહ્યું, "હે મહારાજા ભોજ, અવિનય માફ કરજો, હું તમારો સેવક છું. આપ તો રાજા છો. અમારા ખેડૂતની જેમ તમે ખેતરમાં વાડીમાં માટી સાથે કામ કરી શકવાના નથી. ખેત મજૂરી કરવાનું કામ તો અમારા ખેડૂતોનું છે. તમે મારી વાડી લઈ શું કરશો! આપની પાસે ઘણી ધનદોલત છે. આ મારી નાનકડી વાડી લઈને આપ શું કરશો? રાજા તો પ્રજાનું રક્ષણ કરે. ભક્ષણ કરે નહિ. બળવાન હોય તે નિર્બળનું રક્ષણ કરે, મારે નહિ. ધનવાન હોય તે ગરીબોને દાન કરે, ગરીબોનું પડાવી લે નહિ." રાજા ભોજને પોતાની ભૂલ સમજાઈ. રાજા ભોજ ખેડૂતની સમજદારી બુદ્ધિ ચતુરાઈથી ખુશ થયો. ખેડૂતનું સોનામહોરો શિરપાવ આપી રાજદરબારમાં સન્માન કર્યું.

**બાળમિત્રો, ઘણા લોકો ધન-પૈસાના જોરે, શારીરિક શક્તિના જોરે, પોતાને મળેલી સત્તાના બળે, નબળા લોકોનું, ગરીબોનું શોષણ કરે છે. આમ કરવું તે એક પાપ જ છે. પ્રભુ ઈસુ ધનવાનો માટે કહે છે,**

"દોલતવાનને દેવના રાજ્યમાં પેસવા કરતાં ઊંટને સોઈના નાકામાં થઈને જવું સહેલ છે." માર્ક ૧૦:૧૫.

"ગરીબ ઉપર જુલમ કરનાર પોતાના સરજનહારની નિંદા કરે છે. પણ દરિદ્રી ઉપર દયા કરનાર તેને માન આપે છે." નીતિવચન ૧૪:૩૧.

❖ ❖ ❖

## ૨૯ મરઘો બોલે... ઘૂર્ઘૂ... ઘૂઘૂર્ર્

એક નાનકડું ગામ. ગામમાં એક ફળિયું.

ફળિયાની વચ્ચે ઘેઘૂર લીમડાનું ઝાડ. ફળિયામાં એક ખેડૂતભાઈ રહે. તેમણે એક મરઘો પાળેલો. દિવસે મરઘો ફળિયામાં ફરતો ફરે. ચણ ચરે. એક ઘરના છાપરેથી બીજા ઘરના છાપરે કૂદાકૂદ કરે. મરઘાભાઈ મઝા કરે. આનંદથી દિવસો વિતાવે. ખેડૂતભાઈએ મરઘાભાઈને છૂટ્ટા મૂકી દીધેલા. કોઈ રોકટોક નહિ. કોઈ બંધન નહિ. મરઘાભાઈ તો આનંદથી દિવસો વિતાવે. સવાર સાંજ કૂકડે કૂ.. કૂક કરી મૂકે. અને સૂરજ આથમતાં પેલા લીમડાની ડાળમાં ભરાઈ સૂઈ રહે. મરઘાભાઈનાં દિવસો એ... ય... મજેથી ચાલ્યા જાય.

ત્યાં એક રાત્રે એ લીમડા ઉપર એક ઘૂવડ આવ્યો. બિહામણી મોટી મોટી આંખો. ભયાનક ચહેરો. નાનાં મોટાં સૌ જુએ... ગભરાઈ જાય. રાત પડે ઘૂવડ બોલે ઘૂરર ઘૂ... ર... ઘૂર બીક લાગે તેવું. નાનાં ટાબરિયાં તો ગાદલામાં મોઢું સંતાડી દે. રડવા લાગી જાય. દિવસે ઘૂવડ લીમડાના ઝાડની ઘટામાં કોઈ જુએ નહિ તેમ છુપાઈ રહે. રખેને કોઈ બિલાડી કે બીજાં પ્રાણીઓ તેને મારી નાખે. ઘૂવડભાઈ દિવસે જોઈ શકે નહિ. તે તો રાત્રે જ જોઈ શકે. કેટલાંક નિશાચર પ્રાણીઓ... પંખીઓ રાત્રે જ જોઈ શકે. તેઓ જેટલું સારી રીતે રાત્રે જુએ તેટલું દિવસે જોઈ શકે નહિ.. વાઘ

સિંહ, બિલાડી, ચામાચિડીયું, વાગોળ, બધાં નિશાચર છે. તમે તેમની આંખની કીકી જોજો. દિવસે પાતળી લીટી જેવી દેખાય. અને રાત્રે જુઓ તો મોટી મોટી અંગારા જેવી ઝગારા મારે.

ઘૂવડની આંખ પણ એવી હોય. ઘૂવડ રાત્રે જોઈ શકે તેટલું સારી રીતે દિવસે જોઈ શકે નહિ. દિવસે તો બધાં પક્ષીઓ ચાંચો મારી રંજાડે. પણ રાત પડે એટલે ભાઈ સાહેબ રાજા. બધાને મારે, રંજાડે. મિત્રો, ઈશ્વરની બનાવેલી આ દુનિયા કેવી અદ્‌ભુત છે!

અનેક અજાયબીઓથી ભરેલી આ સૃષ્ટિ છે. પેલા મરઘાભાઈ અને ઘૂવડને ધીમે ધીમે દોસ્તી બંધાઈ, મરઘાભાઈ દિવસે ફરતા ફરે, તો ઘૂવડભાઈ રાત્રે ફરતા ફરે. પરંતુ બંનેનું રહેઠાણ તો પેલો ઘૂઘર લીમડો જ. બંનેની કામગીરી જુદી જુદી.

એક દિવસનો છડીદાર, બીજો રાતનો રંજાડનાર. મરઘાભાઈ સવાર થતાં જ ઊઠી જાય. સૂરજ ઊગે કે તરત જ છડી પોકારતા હોય તેમ ઊંચી ડોક કરી કૂકડે... કૂક.. કૂકડે... કૂક.. કરી મૂકે. સૌ જાગી જાય. ભક્તજનો ઈશ્વરના સ્તવન કરવા મંડી પડે. મરઘાભાઈ પણ પ્રભુના ભક્ત તો ખરા જ ને! એ પણ કૂકડે... કૂક કરી પ્રભુના ગીતો ગાય. પ્રાર્થના કરે. દિવસ આખો ચણ ચણે. અને આનંદથી પસાર કરે. જ્યારે ઘૂવડ તો સાંજ પડે કે જાગી જાય. અંધારું થાય એટલે શિકાર કરવા નીકળી પડે. કોઈ ચકલીના માળામાં

પહોંચી જાય. બચ્ચાંને મારી નાખે, કોઈ પંખીના ઈંડા ખાઈ જાય. બધાંને રંજાડવાથી ઘૂવડને આનંદ આવે, મધરાત થાય કે ઘૂર... ઘૂ... ઘૂર્ર્ર... ઘૂર્ર.. વિચિત્ર બોલી બોલે, ઝાડે ઝાડે ફરે અને ધમાચકડી મચાવે.

બંને પંખીઓ એક સાથે રહે પણ બંનેના કામ અલગ અલગ. બંનેનો વ્યવહાર જુદો જુદો. બંનેની રીતરસમ જુદાં જુદાં.

એક સાંજે લીમડાની ઘટામાં ઘૂવડભાઈ અને મરઘાભાઈ ભેગા થઈ ગયાં. બંને વચ્ચે સુખદુઃખની વાતો થઈ.

મરઘાભાઈએ કહ્યું, "અરે, ઘૂવડભાઈ, તમે કેવું વિચિત્ર બોલો છો. મને તો તમારા જેવું બોલતાં પણ ન આવડે."

ઘૂવડ કહે, "અરે મરઘાભાઈ! એમાં શું તમારે બોલતાં શીખવું છે. બોલો છો તૈયાર?"

મરઘાભાઈના મનમાં એમ કે હું ઘૂવડ જેવું બોલતાં શીખી જાઉં. પછી લોકોને બિવડાવું. નાના ટાબરિયાં છોકરાંઓને નસાડી મૂકું. મારું વિચિત્ર બોલવું સાંભળી બીજાં પક્ષીઓ ગભરાઈ જશે. મજા પડશે.

બસ પછી તો મરઘાભાઈએ ઘૂવડભાઈ પાસેથી બોલી શીખવાની શરૂઆત કરી. દિવસ આથમે અને જ્યાં રાત્રિની શરૂઆત થાય ત્યાં તો મરઘાભાઈ લીમડાની ઊંચી ટોચે ડાળે ઘૂવડભાઈ પાસે પહોંચી જાય.

એક દિવસ... બે દિવસ.... એમ દિવસો ઉપર દિવસો

વિતવા લાગ્યા. મરઘાભાઈ ઘૂવડભાઈ જેવું બોલતા થયાં. પરંતુ પૂરેપૂરું તો નહિ જ. ઘણું વિચિત્ર લાગે. બંને સાથે બોલે એટલે ઘૂવડના અવાજમાં મરઘાભાઈનો બનાવટી અવાજ ભળી જાય એટલે જુદો પડે નહિ.

એક દિવસ મરઘાભાઈ વહેલા ઊઠ્યા અને કૂકડે... કૂક... કૂકડે કૂક કરી પોતાની અસલી બોલી બોલવા લાગ્યા. પણ એમને તૂક્કો સૂઝ્યો. લાવને અત્યારે સવારના પહોરમાં જ ઘૂવડના જેવું બોલવા દે ને ! તેમણે તો શરૂ કર્યું. ઘૂર... ર... ઘૂ... ઘૂર... ઘૂ... પણ ઘૂવડ જેવો અવાજ તો ન જ આવે ને! અવાજ બહુ જ વિચિત્ર નીકળ્યો.

લીમડાના ઝાડની નજીકમાં જ ખેડૂત સૂતો હતો તેણે વિચાર્યું. 'માળું આ વહેલી પરોઢિયે ઘૂવડ કાં બોલે?' ઘૂવડની બનાવટી બોલી વધુ કર્કશ લાગી. આ બાજુ મરઘાભાઈ તો પોતાની અસલી બોલી બોલવાની મૂકી ઘૂર... ઘુ... ઘુરર... ઘુ... ચાલુ કરી દીધું. ખેડૂત ખિજાયો. વહેલો વહેલો ઘરમાં ગયો અને દાતરડું લઈ આવ્યો. ઠીક ઠીક અંધારું હતું. બરાબર ગુસ્સો ચડેલો આ બદમાશ ઘૂવડ અત્યારે સવારે આવું ચિત્રવિચિત્ર બોલી બધાની ઊંઘ બગાડે છે. તેમણે તો લીમડામાંથી જે જગ્યાએથી અવાજ આવતો હતો ત્યાં બરાબર ધારીને જોરથી દાતરડું ફેંક્યું. નિશાન અચૂક હતું. દાતરડું બરાબર મરઘાભાઈના ગળે જ વાગ્યું. મરઘાભાઈ તો લોહીલુહાણ થઈ નીચે પડ્યા. તરફડિયાં મારવા લાગ્યાં. ખેડૂત આવ્યો. જુએ તો મરઘો હતો. પાણી છાંટ્યું. પણ છેવટે મરઘાભાઈ મરણને શરણ થઈ ગયા. તેમની

અર્ધમીંચેલી આંખો અને મોં કહી રહ્યાં હતાં કે,'કોઈની નકલ કરવી નહિ. બનાવટ કે છળકપટ કરવું નહિ. બીજાને હેરાન પરેશાન કરવા નહિ, નુક્સાન કરવાનો મનસૂબો કદી કરવો નહિ. નહિ તો પોતાનો જાન ગુમાવવો પડે.''

❖ ❖ ❖

# ૩૦ બોલતાં પોપટ

આશાપુરી નામે નગરી હતી. આ નગરીમાં રાજા સુદર્શન રાજ કરે. સુદર્શન રાજા કુદરતનો ભારે પ્રેમી. તેનો મહેલ વિશાળ હતો. મહેલની ચારેબાજુ બાગ બગીચામાં જાત જાતનાં વૃક્ષો જોવા મળે. થોડે થોડે અંતરે શીતળ જળના ફુવારા ઉડ્યા કરે. ફુવારામાં કબૂતર, ચકલાં, કાબર, કાગડા નાચે કૂદે, મહાલે. રાજા સુદર્શનને પંખીઓ પાળવાનો બહુ શોખ. બગીચામાં ઊડા ઊડ કરતાં પંખીઓને જોઈ, રાજાનું મન હરખાય. સુદર્શન રાજા બહુ ભલો હતો. પ્રજાની કાળજી રાખતો. રાજા વેશપલટો કરી પ્રજાના સુખ દુઃખ જાણવા નીકળી પડે. રાજા સુખ દુઃખ જાણી ગરીબ, રોગી, નિરાધાર, નિઃસહાય લોકોને મદદ કરે. પરોપકારી રાજાને લોકો ચાહે.

એક દિવસ સૂરજ આથમતા રાજા વેશપલટો કરી પ્રજાના સુખ દુઃખ જોવા ચાલી નીકળ્યો. રાજા તો નગરના ચૌટામાં આવી ઊભો. રાજા સુદર્શને એક માણસને રસ્તાની બાજુમાં બે પાંજરામાં જુદા જુદા બે પોપટને વેચવા લઈને ઊભેલો જોયો. બંને પાંજરા સરખા હતા. બંને સૂડા પોપટ હતા. બંનેની ઉંમર અને કદ પણ સરખા હતા. લોકો પેલા માણસ પાસે આવતા, એ પોપટની કિંમત પૂછતાં હતા અને ચાલ્યાં જતાં.

એક પોપટની કિંમત ૨૦૦ સોનામહોર અને બીજા પોપટની કિંમત ૫૦ સોનામહોર હતી. પેલા માણસને એક સાથે બંને પોપટ વેચવાના હતા. જુદા જુદા વેચવાના ન હતા.

પોપટની કિંમત ઘણી મોટી હોવાથી કોઈ ખરીદતું નહિ. રાજા સુદર્શન દૂર ઊભા રહી આ જોઈ રહ્યો હતો. રાજા થોડા સમય પછી પેલા માણસ પાસે ગયો. રાજા કહે, "ભાઈ, આ પોપટ વેચવાના છે?" પેલા માણસે કહ્યું, "હા, વેચવાના છે. બંને પોપટ એક સાથે જ વેચવાના છે."

રાજા કહે, "ભાઈ! શી કિંમત રાખી છે?" પેલા માણસે કહ્યું, "એક પોપટની કિંમત ૫૦ સોનામહોર છે. અને બીજા પોપટની ૨૦૦ સોનામહોર છે." રાજા કહે, "ભાઈ, પોપટ તો સરખા છે, છતાં બંનેની કિંમતમાં આટલો બધો તફાવત શા માટે?" રાજા નવાઈ પામી ઘડીભર પોપટ સામે, તો ઘડીભર પેલા માણસ સામે જોવા લાગ્યો. પેલા માણસે કહ્યું, "જે કોઈ આ બંને પોપટ ખરીદશે તેને કાલ સવાર સુધીમાં અનુભવે બધું આપમેળે સમજાઈ જશે" રાજાએ વિચાર્યું "જરૂર આમાં કંઈ ભેદભરમ છે." સુદર્શન રાજાએ પેલા માણસને પોપટના પાંજરા લઈ પોતાની સાથે આવવા જણાવ્યું. રાજા અને પેલો માણસ મહેલે આવે છે. રાજાએ બંને પોપટની કિંમત પેલા માણસને આપી દીધી. બંને પોપટના પાંજરા પોતાના સૂવાના ઓરડામાં લટકાવ્યાં. રાજાને ભેદભરમ જાણવો હતો. એટલે પેલા માણસને મહેલના એક ઓરડામાં ઊતારો આપ્યો. રાત્રી થઈ. સૌ સૂઈ ગયા. સવાર થતાં સૂરજના સોનેરી કિરણો રાજાના મહેલને ઝગમગાવી રહ્યાં. રાજા ઊંઘમાંથી જાગ્યો. રાજાની નજર બંને પોપટના પાંજરા તરફ ગઈ. તેને અચરજ થયું. એક પાંજરામાંનો પોપટ મધુરા કંઠે ઈશ્વરપિતાની

સ્તુતિ કરતો હતો. સુંદર ભજનો ગાઈ રહ્યો હતો. સુભાષિતો બોલી રહ્યો હતો. બીજા પાંજરામાંનો પોપટ ગંદી ગાળો બોલતો હતો. ગમે તેમ બકવાસ બડબડાટ કરતો હતો. રાજા સુદર્શને પેલા માણસને બોલાવ્યો. પૂછ્યું, "ભાઈ, આમ કેમ? આ બંને પોપટની બોલી તો ઘણી જુદી છે!"

પેલા માણસે કહ્યું, "હે મહારાજા! બીજા પંખીઓ કરતાં પોપટ માણસોની ભાષા જલદી શીખે છે. માણસ જેવું બોલે તેવું પોપટ પણ બોલે છે. પહેલા આ પોપટો જુદા જુદાં સ્થળે રહેતા હતા. તેમના માલિક પણ જુદા જુદા હતા. "જેને જેવો સહવાસ મળ્યો તેવી તેણે ભાષા શીખી લીધી." રાજા કહે, "પોપટ ક્યાં રહેતા હતા?" પેલો માણસ કહે, "જે પોપટ સુંદર, મીઠા ભજનો ગાય છે તે એક પ્રભુના પરમ ભક્તના ઘરે રહેતો હતો. ઈશ્વરભક્ત વહેલી સવારે જે ભજનો ગાય તે પોપટ શીખ્યો. ભક્તની બોલી મધુર, મીઠી હતી. તેના સહવાસથી પોપટની બોલી પણ મધુર, મીઠી બની, સંસ્કારી બની. ભક્તના સંસ્કાર પોપટમાં આવ્યા. જ્યારે બીજો પોપટ જે ગાળો બોલે છે. તે એક દારૂડિયાના ઘરમાં રહેતો હતો. દારૂડિયાની ગાળો અને ખરાબ ભાષા તે પોપટ શીખ્યો છે. જેને જેવો સહવાસ મળ્યો તેવી તેની ભાષા બની. સંસ્કાર મળ્યા! હે, મહારાજા, હવે આપને બંનેની કિંમતનો તફાવત સમજાઈ ગયો ને!"

રાજા સુદર્શન કહે, "હા ભાઈ! જેવો સંગ તેવો રંગ... સારા, સજ્જન મિત્રોની સોબત કરીએ તો સારા સંસ્કારી

થવાય. ખરાબ મિત્રની સંગત કરીએ, તો ખરાબ સંસ્કાર મળે. જાત જાતના દુગુર્ણો આવે. સજ્જનોની કિંમત વધુ અંકાઈ છે. દુર્જનોની કિંમત ઓછી અંકાઈ છે." રાજા સુદર્શને પેલા સંસ્કારી બોલીવાળા પોપટને મહેલમાં રાખ્યો, જ્યારે બીજા પોપટને જંગલમાં છોડી મૂકવાનો હૂકમ કરી પેલા માણસને વિદાય કર્યો.

❖ ❖ ❖

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડાં | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | |
| ૨૯ | યોનેકો | |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | |
| ૩૧ | સભાશિક્ષક | |

2BGK1